श्री रुद्राक्षजाबालोपनिषत्.



(શ્રી રુદ્રાક્ષ રહસ્ય)

પ્રકાશક

ચંદ્રપ્રકાશ ઓફીસ, ભાગાતળાવ,

સુરત

ચંદ્રપ્રકાશ ઓફીસ ગ્રંથમાળા ગ્રંથાંક-૧૩.

॥ ॐ श्री ॥

॥ श्रीरुद्राक्षजाबालोपनिषत् ॥

(રુદ્રાક્ષરહસ્ય)

(મૂળ સંસ્કૃત ઉપરથી ગુજરાતીમાં વિસ્તીર્ણ ટીકા સાથે)

અનુવાદક:
દુર્ગેશ્વર નટવરજી ત્રિવેદિ બી. એ.
હજુર ડેપ્યુટી. કલેક્ટર-સુરત.

પ્રસિદ્ધકર્ત્તા -
પ્રભુશંકર નરભેરામ વ્યાસ.
તંત્રી, ચંદ્રપ્રકાશ માસિક
ભાગાતળાવ, સુરત.

મૂલ્ય છ આના.

સુરત સોનીફળીયા જુની મુંબઇ બેન્કવાળા મકાનમાં આવેલા
દેશી મિત્ર એન્જીન મુદ્રણાલયમાં મગનલાલ ડીકાભાઇએ
મુદ્રીત કર્યું

નિવેદન.

પરમકૃપાળુ પરમયોગીભુષણ પરમહંસ
મહાત્મન શ્રી **માધવદાસજી**
મુ૦ **માલસર**

કૃપાળુ મહાત્મન '

આપ પરમ પવિત્ર ભકિત સ્વરૂપ પરમહસ છો શરણે આવેલા અનેક જીવોને આપે સસારના તાપમાત્રમાથી મુકત કરી સાચી શાતિ આપી છે. આપનુ પુણ્ય દર્શન કરતાની સાથેજ જીવોના પાપમાત્ર ભસ્મિભૂત થઈ મતિ સન્માર્ગ ગામી થાયછે તેથી આપના પુણ્ય ચરણમા આ **रुद्राक्षजाबालोपनिषत्** નામનુ લઘુ પુસ્તક અનુવાદકની સત્ય પ્રેમ પૂર્ણ સમતિ પૂર્વક પ્રણામસહ નિવેદન કરૂ છુ

લી૦ સેવક

પ્રભુશંકર નરભેરામ વ્યાસ.

૫૧૧૮

પ્રસ્તાવના.

ચંદ્રપ્રકાશ ઓફીસ ગ્રંથમાળાના ૧૩માં પુસ્તક તરીકે આ રૂદ્રાક્ષજાબાલોપનિષત્ નામનું પુસ્તક જનસમાજમાં મૂકતા હર્ષ થાય છે. આ ઓફીસ તરફથી આજ સુધીમા બાર પુસ્તકો જન-સેવામા રજુ થયા છે અને તેમા **પ્રાણાયામ, ગૃહસ્થાશ્રમ, આરોગ્ય, સંસારદર્પણ, પ્રાણચિકિત્સા** વગેરે પુસ્તકો આદરને પામી ટુક સમયમા લોકપ્રિયતાને પામ્યા છે. તેનાં પરિણામે આજે આ નવીન પુસ્તક પ્રસિદ્ધિને પામે છે

આ પુસ્તકનો મૂળ વિષય રૂદ્રાક્ષ સબધનો છે. અને તે શ્રી રૂદ્રાક્ષજાબાલોપનિષત્‌ના નામથી ઉપનિષદમા પ્રસિદ્ધજ છે. અને તેનોજ આ ગુજરાતીમા અનુવાદ છે મળની ખૂબીપણ બરાબર જળ-વાઇ રહે તે અર્થે દરેક શ્લોક પણ આપવામા આવ્યા છે અને પછી તેના નીચે તેની વિસ્તારથી ટીકા આપવામા આવી છે. ભાષાની સર-ળતા અને સુગમતા ઉપર પણ પુરતુ લક્ષ આપવામા આવ્યુ છે અને આ સર્વ કરવા બદલ મારા પરમ સન્મિત્ર 'મહાત્મન શ્રીયુત દુર્ગેશ્વર-ભાઇનો ખાસ આભારી છુ પોતે સરકારી નોકરીમાં હોવા છતા પણ તેમણે જે શ્રમ લઇને આ પુસ્તક તૈયાર કર્યુ છે તેને માટે તેઓશ્રીને અભિનદન ઘટે છે

રૂદ્રાક્ષની માળા હવે સર્વ સ્થળે પ્રચલિત થઇ ગઇ છે. જપ કરતી વખત ઘણાખરા મનુષ્યો તેનેજ વાપરે છે પણ તેનામા શુ ચમત્કારિક ફળ રહેલુ છે, તેને ધારણ કરવાથી કેવા લાભ થાય છે, તેનુ માહાત્મ્ય શુ છે વગેરે બાબતો ઘણાં થોડાનાજ સમજવામા

હશે તેથી એ વિષય ઉપર આ પુસ્તક ઘણો સારો પ્રકાશ પાડી શકશે એવી આશા રાખી શકાય છે

આ પુસ્તક ખાસ ઉપનિષદનુ છે. તેથી આજના પ્રવૃત્તિમય યુગના જુવાન સ્ત્રી પુરૂષોને પ્રિય થઇ પડે એવો સભવ ઓછો છે. તેવાઓને માટે નહિ પણ ખાસ આ વિષયના અભ્યાસીઓને માટેજ તેની પ્રસિદ્ધિ થાય છે અને એવા મનુષ્યોને તે પ્રિય થઇ પડશે કેમકે પ્રસિદ્ધ તત્વવેત્તા આગ્લદેશીય ફ્રેડીરીક સ્લેગલના કહેવા પ્રમાણે **આર્યોનુ અખૂટ જ્ઞાન તેમનાં ઉપનિષદોમાં સમાયલુ છે એ** વાતની તેમના અત કરણમા શ્રદ્ધાપૂર્વક દૃઢ ખાત્રી થઇ હોય છે.

મુદ્રણયત્રના દોષો કાળજી રાખવા છતા કેટલાક રહી ગયા છે. તે પ્રતિ અલક્ષ કરવા પ્રાથના છે.

ચદ્રપ્રકાશ ઓફીસ સુરત.
જેઠ શુકલ દ્વાદશી ૧૯૭૧
ગુરૂવાર તા ૨૪ જુન ૧૯૧૫

પ્રભુશંકર નરભેરામ વ્યાસ.



॥ ॐ श्री ॥

श्रीरुद्राक्षजाबालोपनिषत्

(રૂદ્રાક્ષરહસ્ય)

ભૂમિકા. પોતાના ઇષ્ટનુ ધ્યાન ધરવામા ઇષ્ટસ્વરૂપવાચક મત્રના ઉચ્ચારણથી આરભ કરાય છે આરભક સ્થિતિમાં પુનઃ પુન એ નામોચ્ચારણ કરવાનુ હોય છે. જપમા અર્થ સહ એ ઉચ્ચારણ થવાથી ચિત્તવૃત્તિને ઇષ્ટ સ્વરૂપમાં સ્થિર થવાનો એ પ્રકારે પ્રસગ આવે છે છેવટે તેમ થતાં સયમ વધે છે. અને પરમ મુક્તિ સુધી પહોચવાનુ એ પ્રમાણે બને છે એ ક્રિયાને 'જપ' એવુ નામ આપેલુ છે

જેમનાથી જાગ્રત અવસ્થામા લગભગ બધો સમય ઇષ્ટસ્મરણ થતું નથી તેવા મનુષ્યોને માટે ક્રમે ક્રમે અધિક સમય જપમા લેવાની ટેવ પાડવા અર્થે નિયમો શાસ્ત્રે બાધેલા છે તેમા નામ મત્રની સખ્યા અમુકની નિશ્ચય કરવામા આવેલી છે મનુષ્યનુ આયુષ્ય ૧૦૮ વર્ષનું દીર્ઘાયુષી શાસ્ત્રે કહેલુ છે ॥ शत जीव शरदो ॥ ઇત્યાદિ વેદ વચનથી આ સિદ્ધ થાય છે તે સંખ્યાને અનુસરીને એકસો આઠની સંખ્યા એક માળાની નક્કી કરી૦ છે. એટલે એક માળા જપાય તો દરવર્ષે એક મંત્ર જપ્યા બરાબર દીર્ઘાયુષ્યનુ ફળ મળે છે બીજા કેટલાક કામ્ય

કર્મોમાં પણ શાસ્ત્રે નિર્ણીત કરેલી સંખ્યામાં જપ કરવાના હોય છે. આ ગણત્રી કરવાનાં સાધનરૂપે શાસ્ત્રે જુદા જુદા પ્રકાર કહેલા છે.

કરમાળા.

કરમાળા એમાનો એક પ્રકાર છે. હાથની આગળીઓની વચ્ચે એ કાપા હોય છે. તેથી એક આગળીના ત્રણ વિભાગ ગણી શકાય તેવા ચોખ્ખા પડી શકે છે. જમણા હાથની અનામિકા આગળીની હથેળી પાસેનો પહેલો ભાગ એટલે વેઢો તે એક. તે પછી તેની પાસે ટચલી આંગળીનો પહેલો વચલો અને ત્રીજો એ ત્રણ મળીને ચાર થાય છે અને તે પછી અનામિકા મધ્યમા અને તર્જનીના છેલ્લા ટોચના મળીને સાત થાય છે તે પછી તર્જનીનો વચલો અને પહેલો એ બે મળીને નવ થાય છે તે પછી મધ્યમાનો પહેલો એ પ્રકારે દશ સખ્યામા અગુઠો શકરની પ્રદક્ષિણા ફરી વળે છે એવી દશ પ્રદક્ષિણાઓ જેમ જેમ જમણો હાથ કરતો જાય છે તેમ તેમ ડાબા હાથે તેજ અનુક્રમે દશ સખ્યા વાળી એક પ્રદક્ષિણા પૂર્ણ થાય છે, ત્યારે એક કરમાળા થઇ એમ કહેવાય છે

અક્ષરમાળા.

અક્ષરમાળા પણ થઇ શકે છે અને તેનો વિધિ નીચે પ્રમાણે છે દરેક અક્ષરને માથે અનુસ્વર બોલવો તે અક્ષરના પૂર્વે ૐ બોલવો ત પછી નમ નુ ઉચ્ચારણ કરવુ તે પછી જપવાનો મત્ર બોલવો સુગમતા અર્થે આપણે એક દૃષ્ટાત લઇએ પ્રથમ अ અક્ષર લઇએ તો ૐ अ नम ૐ नम शिवाय એ એક મત્ર થશે પછી ૐ आ नम ૐ नम शिवाय એ બીજો મત્ર થશે. એ પ્રમાણે ક્રમે ગણતા સોળ સ્વર તે પછી क થી म સુધીના ૨૫ અક્ષર તે પછી य થી ह સુધીના આઠ તે પછી नम. शिवाय

એ મત્રનો એક એક અક્ષર એ રીતે ૫૪ની સંખ્યા થતાં અર્ધમાળા થાય છે. તે લોમાર્ધ કહેવાય છે પછી એથી ઉલટે ક્રમે ળ્ડેથી પાછા હઠવુ અને છેવટે अ સુધી પાછા આવવુ. એને વિલોમાર્ધ કહે છે. એ પ્રકારે ૧૦૮ ની સખ્યાવાળી એ માળા પૂર્ણ થાય છે. એને અ-ક્ષરમાળા અથવા વર્ણમાળા પણ કહેવાય છે આ માળામા नम' शिवाय મત્રને બદલે પોતાની રૂચિને અનુસરીને कृष्णाय नम ॥ श्री राधाकृष्ण ॥ આદિ ગમે તે પાંચ અક્ષરનુ પોતાના ઇષ્ટનુ નામ યોજવુ.

કરમાળા અને અક્ષરમાળા શિવાય સામાન્ય પ્રકાર ૧૦૮ મણકાવાળી માળાથી સખ્યાની ગણત્રી કરતા જપ કરવાનો હોય છે. કરમાળા અને અક્ષરમાળા વિશેષ અધિકારીને માટે છે, સામાન્ય અધિકારીને તેનુ સ્વરૂપ ગુચવાડા ભરેલુ લાગે છે તેથી તેમને અર્થે મણકાવાળી માળાનીજ અપેક્ષા છે. તુળસી સ્ટફિક આદિનો પણ આ કાર્ય માટે ઉપયોગ થાય છે. અને તે કાર્યને અનુસરીને અનુભવી ગુરૂના ઉપદેશ પ્રમાણે યોગ્ય રીતે જપ થાય તો ભિન્ન ભિન્ન ફળોને આપે છે श्री रुद्राक्ष उपानिषद्‌મા આ કાર્યને અર્થે રૂદ્રાક્ષને ઉત્તમ ગણ્યા છે.

સામાન્યમાળા.

સર્વ માળાઓ કરતા રૂદ્રાક્ષની માળા ઉત્તમ છે કેમકે તેમા આશ્ચર્યકારક વિજળીક બળ રહેલુ છે રૂદ્રાક્ષમા શુ શુ સામર્થ્ય રહેલુ છે તથા તેની માળા વાપરવાથી શા શા લાભ થાય છે તે સર્વનું રહસ્ય શ્રીશ્રુતિભગવતી આપે છે આ રૂદ્રાક્ષનો ઉપયોગ માત્ર જપને માટેજ થાય છે એમ નથી પણ તેના ભિન્ન ભિન્ન ઉપયોગો છે. પિત્ત તથા કફ સમાવવાનુ ઔષધીરૂપે તેનુ સામર્થ્ય છે, પરતુ એ વિષય વૈદ્યકવિદ્યાનો હોવાથી તેનુ વિવેચન અત્ર આવશ્યક નથી રૂદ્રાક્ષને શરીરે અલકારાથે ધારણ કરાય છે. તેમા કયા કયા અગો ઉપર કેવી

રીતે ધારણ કરવા તે પણ તેમાં બતાવ્યુ છે. એક ઝીણા મણકાથી મોટા આમળા જેવા મણકા સુધી જુદા જુદા કદના મણકાઓને વાપરવાથી જુદાં જુદાં ફળ થાય છે રૂદ્રાક્ષના રંગ પરથી એટલે સફેત લાલ કે શ્યામ તે ઉપરથી તેનો વર્ણ નક્કી કરાયો છે એટલે ક્યા વર્ણના પુરૂષે ક્યા વર્ણનો રૂદ્રાક્ષ વાપરવો તે પણ સ્પષ્ટ સમજાવ્યું છે. રૂદ્રાક્ષને એક મુખ બે મુખ વગેરે અધિક મુખ હોય છે. કેટલા મુખવાળા રૂદ્રાક્ષને શા કારણમાં વાપરવા તે પણ તેમા સમજાવ્યુ છે. આ હકીકત વિસ્તારથી સમજવા અર્થે એ ઉપનિષદ્‌ના મંત્રોને એક પછી એક આપણે જોઇએ. બધો વિચાર પુરેપુરો આવે તે માટે આપણા આખા ઉપનિષદ્‌નુ વિસ્તારથી મનન કરીએ

मंगलम्.

ॐ आप्यायन्तु ममाङ्गानि वाक् प्राणचक्षुः श्रोतमथो बलमिन्द्रियाणिच । सर्वाणि सर्वं ब्रह्मोपनिषदं माहंब्रह्म निराकुर्यां मा मा ब्रह्म निराकरो द निराकरणम स्त्व निराकरण मस्तुएतदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयिसन्तु तेमयिसन्तु ॐ शान्तिः शान्तिः शान्तिः

ભાવાર્થ—જલ શબ્દ ઉત્પત્તિસૂચક ज કાર અને લયસૂચક ल કારનો બનેલો છે તેથી ઉત્પત્તિથી આરંભીને લય પર્યંતના સામર્થ્ય માત્ર જે ચિદ્દ્ઘન એક રસમાથી વહી આવે છે તેનુ અનુસ્મરણ કરાવે છે. એ રસથી મારા અંગો ભરપુર થાઓ સારાંશ કે અન્નમયકોશ વાળો મારો સ્થૂળદેહ એ રસમય બનો એજ રસ મારી વાક્ ઇન્દ્રિયથી સૂચિત સમગ્ર કર્મેન્દ્રિયોને ભરી મૂકો. મારા પ્રાણ પણ (પંચ

પ્રાણ) એ રસથી નિત્ય તૃપ્ત બનો. જ્ઞાનેન્દ્રિયસમૂહસૂચક મારા ચક્ષુ એ રસથી તર બનો. એ પ્રકારે મારા શરીર આદિમા રહેલા સાધનમાત્રમા સપૂર્ણ સામર્થ્યને ભરનાર રસનુ આવાહન કર્યુ. મોક્ષાર્થે સાધનચતુષ્ટય કહ્યા છે. તેના નામ ૧ વિવેક, ૨ વિરાગ, ૩ ષટ્ સપત્તિ, (શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા, ધ્યાન) અને ૪ મુમુક્ષા છે. એ ચાર સાધનનો ઉપયોગ કરવાનુ બળ મારામા આવો એ પ્રકારની પ્રાર્થના આરભમા કરાય છે.

સાધનચતુષ્ટયસંપન્ન સાધકે યોગ્યવિધિપૂવક સદ્ગુરૂ પાસેથી બ્રહ્મવિદ્યાનુ શ્રવણ કરવાનુ છે એ શ્રવણથી શ્રવણ મનન તથા નિદિધ્યાસન સૂચવાય છે. જ્ઞાનનુ સઉથી નિકટનુ સાધન એ છે, તેથી તે સાધનનો ઉપયોગ કરવાના સામર્થ્યને સૂચવનાર શ્રોત્રને પૃથક કહ્યો છે. આ કાર્ય માટે શ્રવણની સિદ્ધિ થવામા જે સામર્થ્યની જરૂર છે તે સામર્થ્ય વડે મારા શ્રોત્રને ભરપુર કરો પૂર્વે ચક્ષુ શબ્દથી જ્ઞાનેન્દ્રિયનો સમૂહ આવી જાય છે છતા છેવટે શ્રવણની પ્રધાનતાને આ પ્રમાણે શ્રુતિભગવતી સૂચવે છે એજ પ્રમાણે બલ અને ઇન્દ્રિયો બનેને રસપૂર્ણ કરો ક્રિયાશક્તિ તથા જ્ઞાનશક્તિ બનેનો તે પછી જ્ઞાનની પરપરા શિષ્યાદિદ્વારા સપ્રદાય નામથી ચાલે તે અર્થે જે જે સામર્થ્યની આવશ્યકતા છે તે સામર્થ્યને પણ એજ રસથી ભરો સારાશકે સાધકપણાની સિદ્ધિ સપૂર્ણ કરાવો એટલુજ નહિ પણ સદ્ગુરૂસ્વરૂપ બનીને જગતમા સાચા શ્રેયસનો પ્રસાર કરવા પર્યત સામર્થ્ય મળો બધુ જ બ્રહ્મ છે, એટલુ જ નહિ પણ નિકટ એટલે મારા આત્મસ્વરૂપથી અભેદ નિરતર તે પ્રાપ્ત રહો. તે એવી રીતે કે બ્રહ્મતત્ત્વ પોતાના સ્વરૂપમાથી ભિન્નરૂપે મને કહાડી નાખે એવુ ન બનો. એકજ બ્રહ્મ વાસ્તવ સ્વરૂપ છે અન્ય કાઇજ નથી. તો બ્રહ્મ-

માંથી હુ જુદો પડુ તો અભાવ એટલે શુન્યરૂપજ હુ હોઇ શકુ તે પ્રકારનો મારો અત્યતાભાવ કદીજ ન થાઓ બ્રહ્મ મને પોતાના સ્વરૂપમાથી જુદો ન કહાડી નાખો એટલુજ નહિ પણ હુ મારા સ્વરૂપમાથી બ્રહ્મને ભિન્નરૂપે કદીજ જુદુ કહાડી ન નાખુ એવું બનો. મારા આત્માસહિત સર્વજ બ્રહ્મસ્વરૂપ હોવાથી ભિન્નરૂપે બ્રહ્મને બહાર વાસ્તવરૂપે હુ કહાડુ તેવુ તો બને એમ છેજ નહિ. છતાં માત્ર અવિદ્યા તથા તેના કાર્યરૂપ ઉપાધિ દ્વારા ભેદની પ્રતીતિ અનાદિકાલથી થતી આવ્યાથી સસારભ્રમણનામક મહારોગ વળગ્યો છે તે રોગનો અનુભવ પુન. મને કદી ન થાઓ એજ કહેવાનુ તાત્પર્ય છે. બ્રહ્મતત્ત્વ તથા આત્મતત્ત્વ બનેની અભેદરૂપ એકતામાજ મારો પ્રેમ અસ્ખ-લિત વહ્યા કરો. જે જે ધર્મ બ્રહ્મમા પ્રતીત થાય છે તે બધાજ ધર્મો મારા સ્વરૂપમા પ્રતીત થતા અનુભવાય એવું થાઓ.

શ્રુતિભગવતી પરમતત્વનુ સ્વરૂપ બે પ્રકારે વર્ણવે છે. अणोरणीयान् महतो महीयान् અણુથી પણ અત્યત નહાનો અને સૂક્ષ્મ તથા મહતથી પણ અત્યત મહોટો અણુથી મોટો જેને કહ્યો છે તે પિડ બ્રહ્માડમા અહથી આરભીને સ્થૂલ શરીર પર્યતમા તે જે તત્ત્વ પ્રકાશ કરી રહ્યુ છે તે. વ્યક્તિમાત્રની એકત્ર પ્રતીતિરૂપ વિશ્વને પ્રકાશી રહ્યુ છે એવું બ્રહ્મતત્ત્વ છે એ બ્રહ્મનામનુ સઉથી મોટું તત્ત્વ છે તેમાથી વ્યક્તિનુ પ્રકાશક કલ્પ્યાથી સૌથી નાનુ તત્ત્વ જુદુ હોય તો પરસ્પરમા વસ્તુ દેશ તથા કાલરૂપ પરિચ્છેદો આવે છે અને તે પ્રકારે પરિચ્છિન્નતા જેમા હોય છે તે દશ્ય તથા વિનાશી હોય છે. માટે એ બને રૂપે કહેવાતા સ્વરૂપો એકબીજાનો ત્યાગ કરીને ભિન્ન ન પ્રતીત થાય એ પ્રકારની સ્થિતિ નિશ્ચલ રહો.

મલ વિક્ષેપ તથા આવરણના ભાનથી શરીરાદિમાં અશાતિ થાય છે એ અશાતિ આધિ, ઉપાધિ, તથા વ્યાધિરૂપે આધ્યાત્મિક આધિભૌતિક તથા આધિદૈવિક હોય છે તેની શાતિ અર્થે મગળાચરણની આવશ્યકતા હોવાથી તે આપણે ઉપર કર્યું. અશાતિના કારણને મગ કહે છે. તે મગનો લય કરનાર દેવતાઓનુ સ્મરણ આદિરૂપે કરવાનો શિષ્ટાચાર સ્થપાયો છે. અને તેને શ્રુતિભગવતીએ ઉપર જણાવેલા ૐ आप्यायन्तु એ મત્રથી કહી બતાવ્યો છે.

प्रारंभ.

रुद्राक्षो पनिषद्वेद्यं महारुद्रतयोज्ज्वलम् ।
प्रतियोगिविनिर्मुक्तं शिव मात्र पदं भजे ॥

આ રૂદ્રાક્ષોપનિષદ્‌માં મહારૂદ્ર નામક પરમ શિવતત્ત્વનુ યથાર્થ ભાન સાધકને શ્રુતિ ભગવતી કરાવે છે. તેથી ઉત્તમ પ્રકારનુ યથાર્થ જ્ઞાન કરાવવારૂપ પ્રકાશ થાય છે તેથી તે ઉપનિષદ્‌ને ઉજ્જ્વલ કહ્યુ છે. કોઇ પણ વસ્તુના સ્વરૂપથી સાક્ષાત વિરોધી સ્વરૂપ જે હોય તે તેના પ્રતિયોગિરૂપે કહેવાય છે. ઘટનુ પ્રતિયોગિ ઘટાભાવ એટલે ઘટનો અભાવ છે. શિવ શબ્દ કલ્યાણ વાચક છે સસારની પ્રતીતિ કલ્યાણ એટલે સુખ અને અકલ્યાણ એટલે દુ:ખમિશ્રિત છે. સુખ દુઃખનુ મિશ્રણ કોઇની ઇચ્છાનો દુઃખાશના કારણથી વિષય નથી હોતો. કેવલ સુખ એટલે શિવ માત્રજ ઇચ્છાનો વિષય તેથી તે ઇષ્ટ છે. એવુ શિવમાત્ર તત્ત્વ તેનુ પ્રતિયોગિ જે અશિવતત્વ જેમાંથી મૂળસહિત છૂટી ગયુ છે. એવા કેવલ પરમ શિવતત્ત્વનુ ભાન આ ઉપનિષદ્ આપણુને કરાવે છે.

॥ अथ हैनं कालाग्नि रुद्रं भुसुण्डः प्रपच्छ कथं रुद्राक्षोत्पत्तिः । तद्धारणात्किं फलमिति ॥

રૂદ્રાક્ષનુ સપૂર્ણ રહસ્ય સર્વ મનુષ્યના લક્ષમા બરાબર આવી શકે તે અર્થે શ્રુતિ ભગવતી પ્રશ્નોત્તરના રૂપમા એક આખ્યાયિકાદ્વારા સ્પષ્ટ કહી બતાવે છે પૂર્વકાળમા એક ભુસડ નામના ઋષિ થઇ ગયા છે. તેમના સબધની વિશેષ હકીકત રામાયાણના ઉત્તરકાડમા આપવામા આવી છે. આ ઋષિએ એક વખત પોતાના ગુરૂરૂપ શ્રી-મહાદેવજીને આ રૂદ્રાક્ષનુ રહસ્ય જાણવાની ઇચ્છા થવાથી પ્રશ્ન પૂછયા હતા તેના પ્રત્યુત્તર શ્રીમહેશ્વરે આપ્યા છે સૃષ્ટિમાત્રનો કોળીયો કરી જનાર કાળ છે તે કાળને પણ બાળી મૂકનાર અગ્નિરૂપ હોવાથી કાળના પણ મહાકાળ શ્રીમહેશ્વરને કાળાગ્નિરૂદ્ર એવું નામ આપ્યુ છે આવા સમર્થ સદ્‌ગુરૂશ્રીને ભુસડ ઋષિએ નીચે; પ્રમાણે પ્રશ્ન પુછ્યા,

રૂદ્રાક્ષની ઉત્પત્તિ કેવી રીતે થઈ ? રૂદ્રાક્ષને ધારણ કરવાનુ ફળ શું છે ?

तं होवाच भगवान्कालग्निरुद्रः ॥

આ પ્રકારનો પોતાના શિષ્યનો પ્રશ્ન સાભળી શ્રી રૂદ્રભગવાન ઉત્તર આપવા પ્રવૃત્ત થાય છે સદ્‌ગુરૂશ્રી પ્રશ્નનો ઉત્તર આપતા જ્ઞાનનુ દાન કરે છે. દાન આપનારની મહત્તાના પ્રમાણમા યાચકને પ્રાપ્તિની આશા રહે છે એક મોટા નૃપતિને ત્યા માગવા જનાર પુરૂષને મોટી આશાજ રહેવાની અને તેજ મનુષ્યને એક સાધારણ મનુષ્યને ત્યા માગવા જતા આશા પણ, સાધારણજ રહેવાની. ત્યારે આતો નૃપતિના પણ નૃપતિ અને સમગ્ર સૃષ્ટિના ઉપાદાન કારણરૂપ રૂદ્રભગવાન

પાસેથી આ પ્રશ્નનો ઉત્તર સાંભળવામા ઋષિને મ્હોટી આશા રહે તો તે સ્વાભાવિક છે.

દાન આપનારને તેની મહત્તાના પ્રમાણમા ભગવાન એવા નામ-રૂપ વિશેષણ શ્રુતિભગવતી આપે છે આ વિશેષણ કાઇ સર્વને આપી શકાતું નથી. પણ જેમનામા એ ગુણો પ્રતીત થએલા હોય છે તેમનેજ આપી શકાય છે. ૧ સમગ્ર ઐશ્વર્ય, ૨ સમગ્ર ધર્મ, ૩ સમગ્ર યશ, ૪ સમગ્ર શ્રી, ૫ સમગ્ર જ્ઞાન, ૬ સમગ્ર વૈરાગ્ય, એ છનો ભગ શબ્દમા સમાવેશ થાય છે એ બધાનાજ ભડારરૂપ સાક્ષાત રૂદ્ર હોવાથી તેમને રૂદ્ર ભગવાન કહ્યા છે યાચકની યોગ્યતાના પ્રમાણમાં એવુ કાઇપણ નથી કે જે શ્રી રૂદ્ર ભગવાનની પાસેથી યાચના કરતા પ્રાપ્ત ન થાય સરિતાની મળ ઉત્પત્તિ પહાડમાથીજ થાય છે તેમ સુખમાત્રની ઉત્પત્તિના મૂળરૂપ શ્રીરૂદ્રભગવાનજ છે આવા સમર્થ શ્રીરૂદ્રભગવાન ઉત્તર નીચે પ્રમાણે આપે છે.

त्रिपुरवधार्थमहं निर्मीलिताक्षोऽभवम् । तेभ्यो जलबिन्दवो भूमौपतितास्ते रुद्राक्षा जाताः ॥

પૂર્વકાળમા ત્રિપુરાસુર નામનો એક દૈત્ય જગતને અત્યત ઉપાધિ કરનાર થઇ પડયો હતો મૃત્યુ લોકમા વસતા ભૂલોકવાસી મનુષ્યો તેમજ સ્વર્ગાદિમા રહેનાર દેવોને તે અત્યત કષ્ટ આપવા લાગ્યો હતો તે સર્વ કોઇથી જીતી શકાય તેમ ન હોવાથી તેના નાશને માટે મારે મારી સમાધિનો ત્યાગ કરી જગતના એ દુખને ટાળવા માટે નેત્ર ઉઘાડવા પડયા ઘણા સમયથી બધ રહેલા એ નેત્રમાથી થોડા જળના બિન્દુઓ પૃથ્વી ઉપર પડયા જમીન ઉપર પડેલા એ બિન્દુમાથી રૂદ્રાક્ષ ઉગી નીકળ્યા.

सर्वानुग्रहार्थाय तेषां नामोश्चारमात्रेण दश गोप्रदानफलं दर्शन स्पर्शनाभ्यां द्वि गुणं फलम्। अत उर्ध्ववक्तुं नशक्नोमि तत्रेतेश्लोका भवन्ति ॥

જે સમયે આ જલબિન્દુઓ ભૂમિ ઉપર પડયા તે સમયે રૂદ્ર ભગવાનના અંતઃકરણમાં જગતના દુઃખને હું ટાળું એ પ્રકારની ભાવના ચાલી રહી હતી એ અનુગ્રહ કરવાની ઇચ્છારૂપ સંસ્કાર રૂદ્રાક્ષમાં અનુસ્યૂત રહ્યા એ અનુગ્રહરૂપ ફળને આમાં કહ્યું છે રૂદ્રાક્ષના ફળના ભિન્ન ભિન્ન પ્રકાર હોય છે એ રૂદ્રાક્ષના નામ માત્રનું પુનઃ પુનઃ ઉચ્ચારણ કરવા માત્રથી દશ ગાયોનું દાન યથાયોગ્ય રીતે યોગ્ય પાત્રને કરવાથી જે ફળ મળે છે તે ફળ પ્રાપ્ત થાય છે એ રૂદ્રાક્ષનાં પ્રેમપૂર્વક દર્શન કરવાથી તથા તેનો સ્પર્શ કરવાથી તેથી બમણું એટલે વીશ ગોપ્રદાનનું ફળ પ્રાપ્ત થાય છે આ ઉપરાંત કહેવાનું મારૂં સામર્થ્ય નથી એ પ્રમાણે હોવાથી સાક્ષાત ત્રિગુણાતીત મહેશ્વર જેમનાં સગુણ પ્રતીકરૂપે હું રૂદ્ર છું તે મહેશ્વરે અનુગ્રહ કરીને વેદવાણીરૂપ શુભ વચન કહ્યા છે તે શ્લોકો હું નીચે પ્રમાણે કહી બતાવું છું તેથી સઘળુંજ રહસ્ય વિસ્તારથી સમજાશે

कस्मिँस्थितं तु किंनाम कथं वा धार्यते नरैः ।
कतिभेदमुखान्यत्र कैर्मंत्रैर्धार्यते कथम् ॥ १

રૂદ્રાક્ષનું કયું નામ શાને વિષે રહેલું છે ? મનુષ્યોએ કેવી રીતે રૂદ્રાક્ષને ધારણ કરવા ? રૂદ્રાક્ષને વિષે તે કેટલા મુખના છે ને તે ઉપરથી તેના કેટલા ભેદ પડે છે ? ક્યા મંત્રો વડે કેવી રીતે તેમને ધારણ કરવાના છે ? આ પ્રકારે રૂદ્રાક્ષનાં સંબંધમાં શું સમજવાનું છે ?

दिव्य वर्ष सहस्राणि चक्षु रुन्मीलितं मया ।
भूमावाक्षि पुटाभ्यां तु पतिता जल बिन्दवः ॥ २
तत्राश्रु बिन्दवो जाता महा रुद्राक्ष वृक्षकाः ।
स्थावरत्व मनुप्राप्य भक्तानुग्रह कारणात् ॥ ३

ઉત્તરાયન એટલે સૂર્ય મકર રાશિમા પ્રવેશે છે તે સમયથી કર્ક રાશિમાં પ્રવેશ થાય ત્યા સુધીના છ માસના સમયને દેવોનો દિવસ કહેલો છે. કર્ક રાશિમા સૂર્યનો પ્રવેશ થાય ત્યાથી પુનઃ મકર પ્રવેશ સુધીના બાકીના છ માસના દક્ષિણાયનના સમયને દેવોની રાત્રિ કહી છે. એ પ્રમાણે બંને અયનો મળીને દેવોનો એક અહોરાત્ર છે એવા ૩૬૦ દિવ્ય અહોરાત્રનુ એક દિવ્ય વર્ષ ગણાયુ છે તેવા હજારો દિવ્ય વર્ષ સુધી મે મારા ચક્ષુન વગર બધ કરે નિરતર ખુલ્લા રાખ્યા હતાં તે સમયે નયનના પોપચામાથી જલના બિન્દુઓ ભૂમિ ઉપર પડ્યા. પૂર્વે કહ્યું છે તે પ્રમાણે जल શબ્દમાં જે ज કાર છે તે ઉત્પત્તિવાચક છે અને ल કાર છે તે લયવાચક છે. સારાશ કે એ બિંદુમા સમગ્રવિશ્વની ઉત્પત્તિથી આરભીન તેનો લય કરવા પર્યતનુ સામર્થ્ય ભરેલુ છે. જે ભૂમિમા તે બિદુઓ પડતા રૂદ્રાક્ષના મોટાં વૃક્ષો રૂપે પરિણામને પામ્યા. ભક્તોનાં ઉપર અનુગ્રહ કરવો એજ શ્રી મહાદેવજીની લીલા છે તે કરવાને માટે ભૂમિનો સ્વભાવ સ્થાવર છે તેની સાથે સંબધને જોડાઈને એ જલ બિન્દુઓ વૃક્ષ રૂપે સ્થાવર બન્યા.

भक्तानां धारणात्पापं दिवा रात्रिकृतं हरेत् ।
लक्षंतु दर्शनात्पुण्यं कोटि स्तद्धारणा द्भवेत ॥ ४
तस्य कोटि शतं पुण्यं लभते धारणा न्नरः ।
लक्ष कोटि सहस्राणि लक्ष कोटि शतानिच ॥ ५

રાત્રિએ તેમજ દિવસે કરેલા પાપ શિવભક્તોનાં રૂદ્રાક્ષને ધારણ કરાવવાથી નાશ પામે છે રૂદ્રાક્ષના દર્શનથી એક લક્ષ સખ્યા જેટલુ પુણ્ય થાય છે. રૂદ્રાક્ષનૈં ધારણ કરવાથી કરોડગણું પુણ્ય થાય છે. પુરૂષને રૂદ્રાક્ષ પહેરવાથી તેથી સો કરોડગણું પુણ્ય થાય છે હજારો અને સેંકડો વાર લાખ કરોડ જેટલા પુણ્ય થાય છે સારાશ એ છે કે પ્રેમપૂર્વક રૂદ્રાક્ષન અલકારાદિ અર્થે ધારણ કરવાથી જે પુણ્ય થાય છે તેનુ માપ લેવા જતા અમુક ગોદાન આપ્યા જેટલુજ થાય છે એવુ નથી પણ તેની સખ્યાની ગણત્રી કરતા સ્તબ્ધ બનીને થાકી જવાય છે સખ્યાનો જે ભારે અક સ્ફુરે તેટલા ગણુ તો પુણ્ય થાય છે પુન તેથી પણ અધિક ભારે સખ્યા સ્ફુરતા જણાય છે કે તેટલુ પુણ્ય પણ તેમા સમાઇ જાય છે એ રીતે એક પછી એક ઉત્તરોત્તર ભારે સખ્યાને શ્રુતિભગવતી કહી બતાવે છે અન તેટલુ પુણ્ય પણ થાયજ છે આ પ્રમાણે હદવાળી સખ્યાઓને કહી બતાવતા અનતગણુ પુણ્ય થાય છે એમ કહ્યુ છે તેની સાથે અનતગણુ એટલે શુ છે તેની મહોટાપણાની યોજનાની દિશા કાઇક વૃત્તિમા આવે તેવુ આ ઉત્તમ કથન છે

तज्जपाल्लभते पुण्यं नरो रुद्राक्षधारणात ।

રૂદ્રાક્ષની માળાવડે ઇષ્ટમત્રનો જપ કરવો તેથી તેમજ તેને ધારણ કરવાથી ઉપર કહ્યુ તે પ્રમાણે અનતગણુ પુણ્ય થાય છે એ પ્રમાણે રૂદ્રાક્ષનો સામાન્ય મહિમા છે રૂદ્રાક્ષના સામાન્ય મહિમા ઉપર પ્રમાણે છે છતા તેમા તેના જુદા જુદા પ્રકારોથી ઘણા ભેદ પડે છે તે ભેદોમા રૂદ્રાક્ષના મણકાના કદ ઉપરથી જે ભેદ પડે છે તે નીચે પ્રમાણે છે.

धात्रीफलप्रमाणं यच्छ्रेष्ठमेतदुदाहृतम ॥ ६
बदरी फलमात्रं तु मध्यमं प्रोच्यते बुधैः ।
अधमं चणमात्रं स्यात्प्रक्रियैषा मयो च्यते ॥ ७

કદના કારણથી રૂદ્રાક્ષના ત્રણ વિભાગ જ્ઞાની પુરૂષોએ ગણ્યા છે. તેમાં જેનુ કદ ધતુરાના ફળ જેવડુ હોય તે રૂદ્રાક્ષને સર્વોત્તમ કહ્યો છે. જેનુ કદ બોરના ફળ જેવડુ છે તેને મધ્યમ કહેલો છે. ચણાના જેવડા રૂદ્રાક્ષ અધમ એટલે કનિષ્ઠ ગણાયા છે.

ब्राह्मणाः क्षत्रिया वैश्या शूद्राश्चेति शिवाज्ञया ।
वृक्षा जाता· पृथिव्यां तु तज्जातीयाः शुभाक्षका ॥ ८

પૃથ્વીને વિષે મનુષ્યમા શકર ભગવાનની આજ્ઞાથી ચાર વર્ણો પ્રવર્તે છે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અન શૂદ્ર તે તે જાતિના ઉપર તે તે જાતિને અનુરૂપ અનુગ્રહ કરવા અર્થે એજ મહેશ્વરની આજ્ઞાથી રૂદ્રાક્ષના વૃક્ષો પણ ચાર પ્રકારના ઉદ્દભવ્યા એટલે એ વૃક્ષોમા પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ણભેદ થયા

श्वेतास्तु ब्राह्मणा ज्ञेयाः क्षत्रिया रक्त वर्णकाः ।
पीतास्तु वैश्या विज्ञेयाः कृष्णाः शूद्रा उदाहृताः ॥ ९
ब्राह्मणो बिभृयाच्छ्वेतान्रक्तान्राजा तु धारयेत ।
पीतान्वैश्यस्यस्तु बिभृयात्कृष्णा न्छूद्रस्तु धारयेत् ॥ १०

જે રૂદ્રાક્ષના રગ શ્વેત હોય છે તેમન બ્રાહ્મણ રૂદ્રાક્ષ જાણવા. લાલ રગવાળા રૂદ્રાક્ષો ક્ષત્રિય છે પીળા રગવાળાને વૈશ્ય કહ્યા છે અને કાળા રૂદ્રાક્ષો શૂદ્ર ગણાયા છે. બ્રાહ્મણોએ બ્રાહ્મણ રૂદ્રાક્ષને ધારણ કરવાના છે. ક્ષત્રિયોએ ક્ષત્રિય રૂદ્રાક્ષને ધારણ કરવાના છે.

વૈશ્યોએ વૈશ્ય રૂદ્રાક્ષનો ઉપયોગ કરવો અને શૂદ્રોએ શૂદ્ર રૂદ્રાક્ષ લેવા. રૂદ્રાક્ષનો ઉપયોગ કરવામા ઉપર પ્રમાણે ભારે લાભ છે એ વાત ખરી પણ તે રૂદ્રાક્ષ નિર્દોષ હોવા જોઇએ રૂદ્રાક્ષમા દોષ હોય છે તો તે દોષના સંસ્કારના સબધ થતા ફળમા ગૌણતા પ્રાપ્ત થાય છે. તેથી સાવધાન થવા અર્થે તે દોષો કયા કયા છે તેના સ્વરૂપ પણ ગુણના સ્વરૂપ સાથે સમજાવવાની જરૂર છે તે શ્રુતિ ભગવની આ પ્રમાણે કહી બતાવીને આપણને સાવધાન કરે છે.

समाः स्निग्धा दृढाः स्थुला कंटकै संयुताः शुभा·

कृमिदष्टं भिन्नभिन्नं कणकै र्हीन मेवच ११

व्रणयुक्तमयुक्तं च षड्रुद्राक्षाणि वर्जयेत् ।

દોષનુ સ્વરૂપ ગુણના સ્વરૂપની અપેક્ષા રાખે છે વાસ્તવે દોષ એવી વસ્તુજ નથી ગુણનુ અભાન થવુ તેને દોષ નામ આપેલુ છે. આ પ્રમાણે દોષ સમજવામા ગુણના સ્વરૂપની અપેક્ષા રહી છે રૂદ્રાક્ષના વૃક્ષની આસપાસની સ્થિતિ તેને યથાર્થ સ્વરૂપમા ફલન ઉત્પન્ન કરવા માટે જોઇએ તેવી જે સ્થાને અને જે સમયે નથી હોતી ત્યા તે સમયે રૂદ્રાક્ષના ફલમા એટલે અંશે યથાયોગ્ય વૃદ્ધિ થવામા ખામી આવે છે એવી ખામી ન હોય તેવા વૃક્ષના રૂદ્રાક્ષના ફળ સર્વાંગે સમતાવાળા હોય છે એક અગ અત્યંત વૃદ્ધિને પામ્યુ હોય અને બીજા અગમા યથાયોગ્ય પોષણ ન મળવાથી ઠીગણુ રહી જાય છે. એટલે સકોચાઇ જાય છે ત્યારે વિષમતા નામના દોષ તેમા પ્રાપ્ત થાય છે એ દોષ જેમા નથી તે રૂદ્રાક્ષને શુભ એટલે યથાયોગ્ય હિત કરનાર ગણ્યો છે

પોષણના પ્રકારમા પણ ભેદ હોય છે ઉત્તમ પ્રકારનુ પોષણ મળવાથી જે પ્રકારે મનુષ્યનાં મુખ ઉપર વર્ચસ ઝળકી રહે છે તેમજ શરીરની ત્વચા સુવાળી સ્પર્શ કરતાં અનુભવાય છે તેજ પ્રમાણે રૂદ્રાક્ષમા પણ બને છે . વર્ચસવાળા પોષણથી એક પ્રકારનો અલૌકિક ચકચકાટ દૃષ્ટિને આકર્ષે છે. તેમજ રૂદ્રાક્ષને ધારણ કરતાં તેની દૈવી સુવાળાશથી સુખ સ્પર્શનુ ભાન કરાવે છે. આ રૂદ્રાક્ષના ગુણને સ્નિગ્ધતા એવું નામ આપ્યુ છે. એ રૂદ્રાક્ષમા બીજો શુભપ્રદ ગુણ ગણ્યો છે એનો અભાવ એ રૂદ્રાક્ષમા દોષ ગણ્યો છે

રૂદ્રાક્ષના ફળ પરિપક્વ થવા પૂર્વે વૃક્ષથી જુદા પડે છે તો તે પરિપક્વ ન થતા કાચા રહી ગએલા હોય છે આ પરિપાક અવસ્થા વૃક્ષ સાથે જીવનમય સબંધ રહ્યા હોય ત્યા સુધીમાજ પ્રાપ્ત થાય છે. આવા કાચા રૂદ્રાક્ષના ફળ જોઇએ તેવા મજબુત નહિ હોવાથી આઘાત થતાં તુટી જાય તેવા ઢીલા અગવાળા કુદરતથી હોય છે. પરિપક્વ હોય તેજ ખરેખરા દૃઢ હોય છે. અદૃઢતા એ રૂદ્રાક્ષમાં દોષરૂપ ગણાયો છે જપમા કે અમુક સંખ્યાના સકલ્પપૂર્વક ધારણ કરવામા આવો રૂદ્રાક્ષ અસાવધપણે પ્રવેશી ગયો હોય અને અજાણતા ને અદૃઢ મણકો ભાગી જઇને તેમાથી પડી ગયો હોય તો તેટલે અશે યોગ્ય સખ્યામા અજ્ઞાત ખામી આવવાનો સભવ રહે છે. તે ન બનવાને માટે આ ગુણ દોષના સ્વરૂપનુ અનુસ્મરણ રાખવુ. પૂર્ણ અવસ્થાએ વૃદ્ધિને પામેલા રૂદ્રાક્ષના ફળો યથાર્થ કદને ધારણ કરે છે. પૂર્ણ પોષણને ન પામેલા અને કાચા રૂદ્રાક્ષમા તે કદની ખામી હોય છે. પૂર્ણકદને પામવુ એ શુભ ગુણ છે. એનો અભાવ એ દોષ છે. એ ગુણને સ્થૂલતા કહી છે. રૂદ્રાક્ષના ફળનુ સૌદર્ય કારેલાના ફળના

ઉપર કાગરા હોય છે તેના જેવા તે ફળના ઉપર કાગરાનો દેખાવ છે. એ કાંગરા ઘસાઇ ગયા હોય તૂટી ગયા હોય કે અન્ય રીતે વિકારને પામેલા હોય એ દોષ છે. એ પ્રકારના કાગરા જે ફળના શરીર ઉપર આવી રહ્યા છે તેવા રૂદ્રાક્ષના ફળને શુભપ્રદ ગણ્યા છે.

વાતાવરણમાં તેમજ જે ભૂમિમાં વૃક્ષ ઉગ્યા હોય છે તેમાં દોષ પ્રાપ્ત થવાથી જીવજંતુની ત્યાં ઉત્પત્તિ થાય છે. આ જંતુઓ રૂદ્રાક્ષના ફળને દંશ મારીને તેમાથી પોતાના આહાર માટે રસને ચૂસી લે છે એવા રૂદ્રાક્ષના ફળ ઉપર એ જંતુઓના ડખનાં ચિન્હ રહે છે. એ દેખાવ પ્રસન્નતામા ખામી લાવે છે. તેથી તેને એક દોષરૂપે ગ્રહણ કરાયો છે એ દોષથી રહિત જે ફળ હોય તેજ શુભપ્રદ છે.

જે રૂદ્રાક્ષમા ઉષ્ણતા, શૈત્ય આદિના કારણથી અથવા તો આતરગત કાઇ રોગના કારણથી ફાટ પડેલી હોય છે અથવા તો છિદ્ર પાડતી વખતે ફાટેલા મણકા હોય છે એ પ્રકારનો પણ રૂદ્રાક્ષમા દોષ ગણાયલો છે એ દોષથી રહિત હોય તે રૂદ્રાક્ષ શુભપ્રદ છે

જે રૂદ્રાક્ષના ઉપર કાગરા ઉગી નીકળ્યા ન હોય અથવા તો જેના ઉપરથી તે કાગરા ગમે તે કારણથી જતા રહ્યા હોય તો તેને પણ દોષમા ગણેલો છે એ દોષથી રહિત રૂદ્રાક્ષ શુભપ્રદ છે. જેવી રીતે પુરૂષની છાતી ઉપર વાળ ન હોય અથવા તો પુરૂષત્વના ચિન્હ રૂપ મૂછો જેને ન હોય તેવા પુરૂષની ગણના થાય છે તેની માફક આવા કાગરા રહિત રૂદ્રાક્ષો અપૂર્ણ હોવાથી શુભમા ગણાયલા નથી.

મનુષ્યની ત્વચા ઉપર શિતલા આદી રોગથી પ્રથમ ફોલ્લીઓ ગડ ગુમડ વગેરે થાય છે, ને ઘણી વખતે „ઝીણા" ખાડા તથા મનને ગમે નહિ એવો વર્ણ ત્વચા ઉપર કરી" મૂકે છે. તે પ્રકારે રોગાદિ

કારણુથી જે રૂદ્રાક્ષો ઉપર વ્રણુ એટલે ચાઠાં પડેલાં હોય છે તેને પણુ દોષમાં લીધેલા છે. એ વ્રણુ નામના દોષથી રહિત હોય તેજ રૂદ્રાક્ષ સર્વોત્તમ છે.

જે રૂદ્રાક્ષના મણુકા એકઠા કર્યા હોય તેમાં એક બીજાની આકૃતિનું સમિલન યથાયોગ્ય ન બને તેવું હોય તેમજ કદમા પણુ સમતા એક બીજા સાથે આવતી ન હોય, એ પ્રકારની અવ્યવસ્થા હોવી એ પણુ એક દોષ છે. એ દોષ જેમાં ન હોય એવા રૂદ્રાક્ષ શુભપ્રદ છે.

આ પ્રમાણે ષટ્ પ્રકારના રૂદ્રાક્ષો દોષવાળા ગણાયલા છે. તે દોષોનો સભાળથી ત્યાગ કરીને ગુણુવાળા છ રૂદ્રાક્ષોનો ઉપયોગ કરવામાં સાવધાનતાને સેવવી.

ધારણુ કરવા અર્થે તેમજ માળા અથવા સ્મરણીના સ્વરૂપમાં ઉપયોગ કરવા અર્થે તેમા દોરો પરોવવાની જરૂર પડે છે. તે માટે રૂદ્રાક્ષના ફળ વિધાયલા હોવા જોઇએ. આ વિધાવવાની પ્રક્રિયાને અનુસરીને રૂદ્રાક્ષના પુન અન્ય ભેદ પડે છે. હવે તે ભેદનુ સ્વરૂપ નીચે પ્રમાણે છે.

स्वयंमेव कृतं द्वारं रुद्राक्षं स्यादिहोत्तमम् ॥ १२
यत्तु पौरुषयत्नेन कृतं तन्मध्यमं भवेत् ।

જે રૂદ્રાક્ષને પોતાના હૃદયમાં દોરાને પ્રવેશ કરાવા અર્થે કુદરતથીજ દ્વાર બનેલુ હોય છે, તે રૂદ્રાક્ષ ખરેખરો પરિપકવ ગણાયો છે, તેથી તેવા રૂદ્રાક્ષોને આ સ્થાને સર્વોત્તમ ગણ્યા છે. જે રૂદ્રાક્ષોમાં એ પ્રકારનુ કુદરતી દ્વાર ઉઘડેલુ નથી હોતુ, તેને માટે તેમ કરવા સારૂ મનુષ્યે પ્રયત્ન કરવાનો હોય છે એટલે તેને શારવા પડે છે. આ

પ્રમાણે પુરૂષપ્રયત્નથી શારીને દ્વાર જેમા કરાયાં છે તે રૂદ્રાક્ષો મધ્યમ ગણાય છે

समा न्स्निग्धा दृढान्स्थूलान् क्षौम सूत्रेण धारयेत् ॥ १३
सर्व गात्रेण सौम्येन सामान्यानि विचक्षणः ।

બુદ્ધિમાન પુરૂષે ઉપર વિસ્તારથી કહ્યુ છે તે પ્રમાણે રૂદ્રાક્ષો વિણી કાઢવા અને જેમા સમતા હોય, સ્નિગ્ધતા હોય, જે દૃઢ હોય, જે સ્થૂલ હોય તેવા મણકાને રેશમ વા કતાનની દોરીમા પરોવીને ધારણ કરવા જેના સર્વ અંગો સુદર હોય તેવા મણકાને લેવા. સામાન્ય નિયમ રૂદ્રાક્ષપરીક્ષાનો આ છે. તેનુ વિસ્મરણ ન કરવુ

ઉપર પ્રમાણે સર્વોત્તમ રૂદ્રાક્ષો કયા છે તે સમજાયુ પણ તે સર્વમા પણ અત્યત ઉત્તમ પ્રકારનો ગુણ નીચે પ્રમાણે કહ્યો છે

निकषे हेम रेखाभायस्य रेखा प्रदृश्यते ॥ १४
तद्रक्षमुत्तमं विद्यात्तद्धार्य शिव पूजकै ।

જે રૂદ્રાક્ષના મણકામા સોનાની રેખા જેવી રેખા દેખાતી હોય તે રૂદ્રાક્ષ અત્યત ઉત્તમ છે. જાણે એક સુવર્ણમય સળી જેવા આકારનો ગર્ભ રહ્યો હોય તેવો દેખાવ તે આપે છે. હિરણ્યગર્ભ એટલે જેના ગભમા હિરણ્ય છે એવુ નામ શ્રી વિષ્ણુભગવાનનું છે જે વૈષ્ણવો વિષ્ણુપ્રિય છે તેમણે ખાસ આ પ્રકારના રૂદ્રાક્ષો વાપરવા જોઇએ શિવભકતો તો એ રૂદ્રાક્ષને સર્વોત્તમ ગણેછેજ. આ રૂદ્રાક્ષોને ધારણ કરવાથી મહાન લાભ થાય છે

હવે આપણે રૂદ્રાક્ષના ગુણદોષ જોયા. ઉત્તમ રૂદ્રાક્ષને ધારણ કરવાની વિધિ આ પ્રમાણે છે. શરીરના કયા કયા અગોએ રૂદ્રાક્ષને

ધારણ કરવાના છે, તથા કયા અંગે કેટલા મણકાને ધારણ કરવા તે પણ નીચે પ્રમાણે છે.

शिखायामेकरुद्राक्षं त्रिशतं शिरसा वहेत् ॥ १५
षट्त्रिंशतं गले दध्याद्बह्वोः षोडशषोडश ।
मणिबन्धेद्वादशैव स्कन्धे पंचशतं वहेत् ॥ १६
अष्टोत्तरशतैर्माला मुपवीतं प्रकल्पयेत् ।
द्विसरं त्रिसरं वापि सराणां पंचकंतथा ॥ १७
सराणां सप्तकं वापि बिभृयात्कण्ठदेशतः ।
मुकुटे कुंडले चैव कर्णिका हारकेऽपिवा ॥ १८
केयूरकटके सूत्रं कुक्षिबन्धे विशेषतः ।
सुप्तेपीते सदाकालं रुद्राक्षंधारयेन्नरः ॥ १९
त्रिशतं त्वधमं पंचशतं मध्यममुच्यते ।
सहस्रमुत्तमं प्रोक्तमेवं भेदेन धारयेत् ॥ २०

૧ શિખા એ શરીરનુ ઉચ્ચુ સ્થાન છે ત્યા રૂદ્રાક્ષ ધારણ કરવો.	૧
૨ માથાના પ્રદેશમા ત્રીશ મણકા ધારણ કરવા .	૩૦
૩ ગળામા છત્રીશ મણકા પહેરવા	૩૬
૪ જમણા બાહુએ એટલે ખભો અને કોણીની વચ્ચે સોળ મણકા પહેરવા.	૧૬
૫ તેજ પ્રમાણે ડાબાં બાહુએ પણ સોળ મણકા પહેરવા.	૧૬

૬ જમણો મણિબંધ એટલે પોંચી પહેરવાના સ્થાને બાર મણકા ધારણ કરવા. ૧૨

૭ તેજ પ્રમાણે ડાબા મણિબધે પણ બાર પહેરવા. ૧૨

૮ જમણા ખભે પચાસ મણકા પહેરવા. ૫૦

૯ તેજ પ્રમાણે ડાબા ખભે પચાસ મણકા પહેરવા. ૫૦

૧૦ એકસો આઠ મણકાને રેશમની દોરીમાં પરોવીને તેની એક માળા બનાવવી તેની સેરોનું એક ઉપવીત એટલે જનોઇ ધારવુ. આવી એક સેરને અથવા તો બે સેરોને અથવા તો ત્રણ સેરોને અથવા તો પાચ સેરોને અથવા તો સાત સેરોને કઠ દેશથી આરંભીને પહેરવી.

એ શિવાય અલકાર અર્થે પણ રૂદ્રાક્ષોનેજ ધારણ કરવાના છે. તે નીચે પ્રમાણે

૧ મુકુટમા

૨ કડકીયામા (બને કાને)

૩ કેડમાં કદોરાને ઠેકાણે

આ પ્રમાણે રૂદ્રાક્ષને ધારણ કરવાના છે.

નિદ્રામાં સુતા હોઇએ તે સમયે, જાગતા હોઇએ તે વખતે, તેમજ સદા કાળ રૂદ્રાક્ષને પહેરી રાખવા ૩૦૦ રૂદ્રાક્ષ શરીર ઉપર પહેરવા એ કનિષ્ઠમાં કનિષ્ઠ છે ૫૦૦ પહેરવા એ મધ્યમ છે. અને ૧૦૦૦ પહેરવા એનેજ, ઉત્તમ કહ્યુ છે. માટે એ ભેદને સમજીને રૂદ્રાક્ષને ધારણ કરવા.

शिरसीशान मंत्रेण कण्ठे तत्पुरुषेणतु ।
अघोरेण गले धार्यं तेनैव हृदयेऽपि च ॥ २१
अघोरबीज मंत्रेण करयोर्धारयत्सुधीः ।
पंचाशदक्ष ग्रथितान्व्योम व्याप्यपि चोदरे ॥ २२
पंचब्रह्मभिरङ्गैश्च त्रिमाला पंचसप्त च ।
ग्रथित्वा मूल मंत्रेण सर्वाण्यक्षाणि धारयेत ॥ २३

ईशान मत्र भणीने રૂદ્રાક્ષને માથે ધારણ કરવા તત્પુરુષ મંત્ર ભણીને કઠે ધારણ કરવા. અઘોર મત્ર વડે ગળે ધારણ કરવા. તેજ વડે હૃદયે પણ ધારણ કરવા સૂક્ષ્મબુદ્ધિવાળા પુરૂષે રૂદ્રાક્ષને હાથ ઉપર ધારણ કરવામા અઘોર બીજમંત્રનો ઉપયોગ કરવો ૫૦ મણકાને ગુથીને માથાનો ખોપરીવાળો ભાગ ઢાકવો તેજ પ્રમાણે પેટ ઉપર પણ રૂદ્રાક્ષને ગુથીને પહેરવા પચબ્રહ્મ નામના અગ મંત્ર વડે ત્રણ માળા ગુંથવી તેજ વડે પાચમાળા ગુથવી અને તે વડે સાત માળા ગુથવી પછી તે બધી માળાઓને મૂલ મત્ર ભણીને ધારણ કરવી. ઉપર પચબ્રહ્મ મત્ર જે કહ્યા છે, તેમના નામ નીચે પ્રમાણે છે.

૧ સદ્યોજાત મંત્ર. ૨ વામદેવ મત્ર. ૩ અઘોર મત્ર ૪ તત્પુરુષ મંત્ર. ૫ ઈશાન મંત્ર. એ પ્રમાણે પાચ બ્રહ્મમત્રોના નામ છે, મત્ર માત્રનુ મનન થવાથી મનન કરનારનુ પરિત્રાણ થાય છે. તેથી તેનું નામ મત્ર પડયુ છે. વેદના મત્રો અનાદિ છે. એટલે તેમને કોઇએ બનાવ્યા નથી, જગતના રક્ષણ અર્થે જે મહાત્માઓના અત.કરણમાં સ્મરણરૂપે પોતાની પ્રતીતિ કરાવી વાણીના રૂપમાં તે મત્રો બહાર આપણા ઉપયોગ અર્થે નીકળ્યાં છે, તે મહાત્માઓને ઋષિ એવું નામ

શાસ્ત્રમા અપાયુ છે જે વ્રતમાં તે મન્ત્રોનુ ઉચ્ચારણ કરવાનુ હોય છે તેને छद એવુ નામ આપ્યુ છે. પરમાત્માના જે સ્વરૂપદ્વારા અનુગ્રહ થવાનુ નિમિત્ત કે નિર્મિત થએલું છે તે સ્વરૂપને દેવતા એવુ નામ આપ્યુ છે. મન્ત્રનુ સપૂર્ણ બળ આપણા પ્રતિ પ્રેરાય તે અર્થે ऋषि छद તથા દેવતા ના નામનુ અનુસ્મરણ આરભમાં કરવાનું હોય છે આ પ્રમાણે પ્રથા હોવાથી આ પાચ બ્રહ્મ મન્ત્રના ऋषि छद તથા દેવતાનાં નામો નુ આપણે અનુસ્મરણ કરીએ.

૧ सद्योजात મન્ત્રના ऋषि श्री सद्योजात ऋषि છે. છદ त्रिष्टुप् છે અને દેવતા બ્રહ્મા છે.

૨ वाम મન્ત્રના ऋषि वामदेव છદ जगती અને દેવતા विष्णु છે.

૩ अघोर મન્ત્રના ऋषि अघोर છે. છદ अनुष्टुप् અને દેવતા रुद्र છે.

૪ तत्पुरुष મન્ત્રના ऋषि तत्पुरुष છદ गायत्री અને દેવતા रुद्र છે.

૫ ईशान મન્ત્રના ऋषि ईशान છદ अनुष्ठुप् અને દેવતા रुद्र છે.

તે સિવાય मूल मत्र જેને કહ્યો છે તે शिव षडक्षर મત્ર છે, તેના वामदेव ऋषि છે त्रिष्टुप् છદ છે અને सदाशिव देवता છે.

मूल મત્રને સ્થાને मृत्युजय મત્રને પણ કોઇ કોઇ પ્રચારમા લે છે એ મંત્રના ऋषि वसिष्ठ છે. છદ त्रिष्ठुप् છે. અને त्र्यंबक रुद्र તેના દેવના છે

એ પ્રમાણે ऋषि છંદ તથા દેવતાનુ અનુસ્મરણ કરી મન્ત્રોચ્ચારણ કરવાનુ છે એ પચ બ્રહ્મ મન્ત્રો નીચે પ્રમાણે છે

सद्योजातमंत्र

ॐसद्योजातं प्रपद्यामि सद्योजातायवै नमोनमः ।
भवेभवे नाति भवे भवस्वमां भवोद्भवाय नमः ॥ ५

वामदेवमंत्र

वामदेवाय नमो ज्येष्ठाय नमःश्रेष्ठाय नमोरुद्रायनमः ।
कालाय नमः कलविकरणाय नमोबल विकरणाय नमो ॥ ६
बलाय नमोबल प्रमथनायनमः ।
सर्वभूत दमनाय नमोमनोन्मनायनम ॥ ७

अघोरमंत्र.

अघोरेभ्यो थ घारेभ्यो घोरघोर तरेभ्यः ।
सर्वेभ्यः सर्वशर्वेभ्यो नमस्तेअस्तुरुद्ररुपेभ्य ॥ ८

तत्पुरुषमंत्र

तत्पुरुषाय विद्महे महादेवायधीमही तनोरुद्रः प्रचोदयात ॥ ९

ईशानमंत्र

ईशान सर्व विद्या नामीश्वरः सर्व भूतानाम् ॥
ब्रह्माधिपति ब्रह्मणोधिपति ब्रह्मा शिवोमेअस्तुसदा
शिवोम्॥ १०

મંત્રોની રચનામા જે અક્ષરો વપરાયલા છે, તેનું ઉચ્ચારણ કરવામાં શરીરના અમુક અમુક સ્થાનોમા પ્રયત્ન કરાય છે. એ પ્રયત્ન નામના વ્યતિકરથી પ્રાણ તથા શિરાઓ ઉપર અમુક પ્રકારનો થરકારો થાય છે. જગલમા પોલા વાસમા પવન પ્રસરતા તેમાથી નાદ નીકળે છે, એવુ કોઇ કોઇ ઠેકાણે સાભળ્યુ છે. કેટલેક અશે તે પ્રમાણે તેમજ ખાસ કરીને અતકરણની સામગ્રીરૂપ સસ્કારોથી વૃત્તિના ગુણ તથા સામર્થ્યવડે સૂક્ષ્મ પ્રાણના સચાર વિશેષ વડે શરીરાતર્ગત અનેક નાડી નલિકાઓની અદર તેમજ તેજ નાડીરૂપ તતુઓમા સસ્કારો

પ્રેરાય છે. એ રીતે સસ્કારો પોતાના ગુણધર્માનુસાર બળના પ્રમાણમાં ફળને પ્રતીત કરાવી આપે છે. ॥ भावनासदृशी सिद्धि. ॥ એ નિયમાનુસાર ઉપર બતાવ્યા પ્રમાણે મત્રોનો ઉપયોગ કરનાર વ્યક્તિના અતઃકરણની નિર્મળતા મત્રના દેવતાવિશેષને અનુરૂપ ઉદ્દેશને અનુકૂળ જેટલે અશે અનુસરાય છે તેટલે અંશે ફળની પ્રતીતિનુ સ્વરૂપ વિશેષ બળવાન હોય છે.

सद्योजात મત્રમા ભાવનાનુ સ્વરૂપ ખડુ કરવા માટે તેમા યોજાયલા શબ્દોના અર્થ પ્રતિ નજર કરીએ. એક પ્રાણીનો જન્મ થાય તે વ્યતિકર ઉપર દૃષ્ટિ કરતાં જણાય છે કે ગર્ભમા વિકાસને પામવું તથા યોગ્ય સમયે બહાર બાળકરૂપે પ્રતીત થવુ તેમા ઘણુજ કષ્ટ હોવુ જોઇએ આ કષ્ટનુ સ્વરૂપ શ્રુતી ભગવતીએ ગર્ભોપનિષતમાં આલેખ્યુ છે અવકાશ મળ્યેથી એ ઉપનિષત્નુ અવલોકન અન્ય સ્થાને કરાશે આ પ્રકારની દુઃખદ સ્થિતિ જ્યા સુધી જીવભાવના આપણી છુટતી નથી ત્યા સુધી કાયમ રહે છે ઇશકોટિને આ નિયમ લાગુ નથી કારણ કે જીવકોટિની માફક તે પરતંત્ર કે અલ્પજ્ઞ નથી. તેથી જીવવત્ તે અલ્પબળી નથી ઇશકોટિના અવતારરૂપે જ્યા જ્યા શાસ્ત્રોમા કહેલા છે ત્યા ત્યા સર્વત્ર આ પ્રમાણે હોય છે. તેમને તો ગર્ભવાસ જન્મ આદિની પ્રતીતિ કરાવવી કેવળ આનદ લીલારૂપ જીવકોટિને પરમ અનુગ્રહ કરવા અર્થેજ હોય છે ઇશિકોટિમા પણ જે સ્વરૂપમા સત્ત્વગુણ વિશેષ ભાસી આવ્યો છે એવુ સ્વરૂપશ્રી રૂદ્ર ભગવાનનુ છે. તેથી અનાયાસે કોઇ પણ પ્રકારના પરિશ્રમની પ્રતીતિ કરાવ્યા વિનાજ જે સ્વરૂપે પોતે ઉતરી આવે છે તે સ્વરૂપમાં લીલાથી અભિમાનને ધારણ કરી આપણા ઉપર પૂર્ણ અનુગ્રહ કરવા

માટે આવેલા સાક્ષાત શિવ ભગવાને सद्योजात નામને ધારણ કરીને અવતારરૂપે પ્રતીત થાય છે તેવા શિવ ભગવાનને શરણે મારામાં જેટલું બળ છે તે સંપૂર્ણ બળપૂર્વક હુ રહું છુ અને એ सद्योजात ભગવાનને પુન. પુનઃ મારી વૃત્તિ તેમના સ્વરૂપ પ્રતિવાળી વાળીને અનેક પ્રણામો કરૂ છુ

भव શબ્દ રૂદ્ર વાચક તેમજ સસાર વાચક તેમજ જન્મ વાચક છે આ સસારમાં જ્યારે જ્યારે મારો જન્મ થાય તે દરેક સમયે આપ આપના અવતરણ દ્વારા આપના સાંનિધ્યથી હુ દૂર ન ખસુ તે પ્રકારે આપ મારી નિકટમાં રહેજો. અને જન્મ નામના સકટની પરપરામાથી મારૂ ઉદ્ધરણ થાય તેવી રચના કરી આપનાર આપ રૂદ્રભગવાનને મારા પ્રણામ હજો.

આ પ્રકારની ઉત્પત્તિ જે દરેક ક્ષણે આપણા શરીરમાં તેમજ બહાર વિશ્વમા થઇ રહી છે તે તે પ્રસગોમા પોતાના અગાધ બળ તથા અનુગ્રહથી પ્રતિકૂળતા માત્રને દૂર કરી ઉત્સાહપૂર્વક અનુકુળતાને પોતે સાધી આપે છે એવી ભાવનાને હૃદયમા સ્થિર કરવી.

તે પછી वामदेव મત્રનુ મનન કરીએ. જન્મ થયા પછી ઇચ્છાનો આદ્ય વિષય બળ નામે પ્રતીત થાય છે. એ પ્રાપ્તવ્યની સિદ્ધિ કરાવી આપનાર શકિત જેમા પૂર્ણ પ્રકાશી રહી છે એવુ રૂદ્ર ભગવાનનુ લીલાવતાર સ્વરૂપ वामदेव શબ્દથી શ્રુતી ભગવતીએ વર્ણવ્યુ છે, તેમની ઉપાસનાથી તે બળને શુદ્ધ નિર્મળ રૂપમા પ્રાપ્ત કરવાનુ હોય છે. એવા વામદેવ નામક રૂદ્ર ભગવાનને હું પ્રણામ કરૂ છુ. બળનુ દાન કરનાર બ્રહ્મા વિષ્ણુ રૂદ્રાદિ દેવતાઓનાં અનેક સ્વરૂપો વિવિધ અધિકારીઓના તેમની સાથે સંબધ કરવાના

સામર્થ્યરૂપ અધિકાર પરત્વે પ્રતીત થયા છે થાય છે તથા થશે. તે સર્વમા કાળની અપેક્ષાથી જે સ્વરૂપની પ્રતીતિ સઉથી પહેલી થઇ છે એવા જ્યેષ્ઠ રૂપ આપને મારા પ્રણામ છે આપ કેવળ કાળની અપેક્ષાથીજ પ્રથમ પ્રતીત થયા છો એવુ નથી જીવમાત્રનુ શ્રેય· સાધવામા પણ સૌથી ઉત્તમ શ્રેયસ્કર રૂપે પણ આપજ છો તેથી શ્રુતી ભગવતી શ્રેષ્ઠ એ શબ્દથી આપનું ગાન કરી રહી છે. એવા રૂદ્ર ભગવાન આપને હુ પ્રણામ કરૂ છુ.

કાળની અપેક્ષાથી આપની પ્રતીતિ પ્રથમ છે એવુ કહેવામાં એમ સમજવાનુ નથી કે કાલનામક વ્યતિકર આપના સ્વરૂપથી સ્વતત્ર જુદો છે તેમજ આપની પ્રતીતિ પૂર્વે તેની પ્રતીતિ હતી. આપજ પરમ જ્યેષ્ઠ છો એટલે આપની પ્રતીતિ પૂર્વે કાળ નામક વ્યતિકર સ્વતત્ર રૂપે હતોજ નહિ વિશ્વ માત્રનો વારવાર કોળીઓ કરી ગળી જનાર અપૂર્વ બળ આપ પોતેજ છો એવા કાલરૂપ આપને પ્રણામ કરૂ છુ

બ્રહ્મતત્ત્વ પોતાના જે સ્વરૂપ વડે પ્રતીત રૂપે ભાસમાન થાય છે. તે સ્વરૂપની અપેક્ષાથી શક્તિ એવા નામને તે ધારણ કરે છે. ॥शक्तिशक्तिमतोरभेद.॥ શક્તિ તથા શક્તિવાળુ બ્રહ્મતત્ત્વ એ બે પરસ્પરથી ન્યારાળી વ્યકિત નથી પણ તે બે નામ વડે ઉપાસાતું એકજ તત્વ છે. ઉત્પાદન નામવાળી શક્તિની પ્રતીતિ કરાવતા બ્રહ્મા ભગવાનરૂપે જેના દેવતા કહ્યા છે તેવા सद्याजात મંત્ર પછી અનુક્રમે સ્થિતિ નામક શક્તિની જેમા પ્રતીતિ થાય છે તેવા વિષ્ણુ ભગવાન જેમના દેવતા છે તેવો આ વામદેવ ,મંત્ર છે સ્થિતિ શક્તિમાં નિયમન તથા રક્ષણ એવા બે અશોનીં પ્રતીતિ થાય છે. આ પ્રકા-

રની વ્યવસ્થા થવા માટે કાલ નામનો વિકાર પ્રતીત થાય છે. યથા-યોગ્ય યુક્તિ પુરસર સૃષ્ટિના વિભાગો પડવા રૂપ વિકારને સાધનાર આપને પ્રણામ કરૂ છુ એ પ્રકારે વિવિધ રીતે વ્યવસ્થામાં ગોઠવાયલી સૃષ્ટિ યથાનિયમે પરસ્પરના સબધોને ટકાવી રાખે તથા યથાનિયમે તે તે સબધોમા વિકાસ કરી શકે એ પ્રકારનુ બળ તેમાં પ્રતીત થાય છે એ બળ નામના વિકારને સાધી આપનાર આપને પ્રણામ કરૂ છુ.

આ બળ જે આપ સાધી આપો છો તે આપના સ્વરૂપથી ભિન્ન વિકાર નથી એ બળ એજ અમારે અનુભવગમ્ય કરવાનુ સાચુ સ્વરૂપ આપે પ્રકટાવ્યુ છે. એવા બલરૂપ આપને હુ પ્રણામ કરૂ છુ.

સસારનુ સ્વરૂપ આગમાપાયી છે. પ્રતીત થતી વસ્તુ જડવત વગર વિકાસ પામ્યે પડી રહે તો અપૂર્વત્વનો આનદ થતો નથી. તેથી જેમ જેમ નવા અશો પ્રતીત થાય છે તેમ તેમ પૂર્વ પૂર્વના અશો રૂક્ષ બનીને નીકળી જાય છે એક પ્રકારનુ મહા ભારે મથન આ સિદ્ધિ અર્થે ચાલી રહ્યુ છે. રૂક્ષ થવાના અણુઓનુ બળ તેમાથી કાઢી ને વિશેષ વિકાર અર્થે તેને યોજનાર આપને હુ પ્રણામ કરૂ છુ. ભૂત માત્રનુ આ પ્રકારે દમન કરીને તેમને નિયમમા વર્તાવનાર આપ પ્રભુને પ્રણામ કરૂ છુ

મન સકલ્પ નામનો વ્યતિકર જે આતર ઇન્દ્રિય વડે બહારની સૃષ્ટિના સયોગદ્વારા બને છે તે સયોગ મનનુ બધનકારક સ્વરૂપ છે. તેવા મન નામની ઇન્દ્રિયનો ઉચ્ચભાવ સાધી તેને આત્મદેવાભિમુખ કરનાર આપને પ્રણામ કરૂ છુ.

અઘોર મંત્રનુ હવે મનન કરીએ

પ્રલય સમયે એક એવો વખત આવે છે કે જ્યારે પ્રાણી માત્રના કર્મનો પ્રારબ્ધ નામનો વિપાક સર્વનો ભોગવાઇ રહેલો હોય છે તેથી સૃષ્ટિ નામના ભોગ્ય પદાર્થને ભોગવનાર અધિકારી કોઇજ હોતુ નથી તેથી સૃષ્ટિનુ અસ્તિત્વ નિષ્કારણ થઇ પડે છે. તેથી તે સૃષ્ટિ બ્રહ્મતત્ત્વમા પ્રાણીમાત્રના શેષ કર્મો વિપાકને પામે ત્યા સુધી વિલીન થઇ રહે છે આ સમયને પ્રલયકાળ એવુ નામ આપ્યુ છે આ પ્રકારનો વ્યતિકર જે શક્તિથી પ્રતીત થાય છે તેના દેવતા શ્રીરુદ્રભગવાન છે .તેમનુ મનન કરવા અર્થે અઘોર મત્ર છે.

હે રુદ્ર ભગવાન ! આપના સ્વરૂપ માત્રને મારા પ્રણામ હજો. આપના કેટલાક સ્વરૂપો તો સૌમ્ય હોવાથી અત કરણને આહ્લાદ પમાડે છે હવે કેટલાક સ્વરૂપો ઘોર છે. કેટલાક અત્યત અધિક અધિક ઘોર છે સસારનો અનુભવ સુખ દુ ખ મિશ્રિતજ હોય છે સસારનુ અભાન જેમા છે એવી સ્થિતિમા કેવલ આપનોજ આશ્રય અનશેષ રહે છે એ આશ્રય કેવલ કલ્યાણમયછે કલ્યાણમાત્રનો એ પરમ કલ્યાણમા સમાવેશ થાય છે એવા સવ કલ્યાણના નિધિરૂપ આપના સવ સ્વરૂપોને મારા પ્રણામ હજો

રજસ્ તમસ્ અને સત્ત્વ એ પ્રકારે જીવને બાધનાર ગુણ-(દોરી) છે શિવતત્ત્વના જે સ્વરૂપોમા તે ગુણોમાના એક એકની પ્રતીતિ થાય છે તેની શક્તિની ઉપાસના રૂપે ઉપરના ત્રણ મત્રોનુ મનન કરવુ હવે જેમા એ ત્રણે ગુણોનો વિભાગ પડયો નથી પણ અવિભક્ત રૂપે પ્રલયને અતે રહ્યા છે તે સ્વરૂપનુ મનન તત્પુરુષ મત્ર વડે કરીએ.

ઉત્પતિ સ્થિતિ તથા લય નામના વ્યતિકરો વિકારમય તથા સાગ હોવાથી પ્રતીતિમા અનેક વિકારો તથા અંગો ધ્યાતાના અત કરણની સામગ્રીને અનુરૂપ નિશ્ચય તથા સકલ્પ વિકલ્પના કારણ રૂપ બને છે. એ પ્રકારની ઉપાધિ દ્વારા જેમની ઉપાસના થાય છે તેવાં ત્રણ સ્વરૂપો પ્રથમ કહેવાયાં. ત્રણ ગુણમાથી એક ગુણે પ્રધાન રૂપે ઉપર આવવું એ પ્રતીતિ માત્રનું કારણ હોય છે. લય પછી ઉત્પત્તિના સમય સુધી ઉપર કહ્યા પ્રમાણે ત્રણે ગુણો અવિભક્ત સ્થિતિમા હોવાથી બીજમાં વૃક્ષની માફક • ભાવિ સૃષ્ટિરૂપ ઉપાધિ અભાવવત્ તેમા છે. અભાવવત્ કહેવાનુ પ્રયોજન એવુ છે કે તે અભાવ રૂપ નથી પણ ભાવરૂપજ છે માત્ર અનાગત અવસ્થામા છે એટલોજ અતર છે. એમ હોવાથી સકલ્પ વિકલ્પને અવકાશ રહેલો હોતો નથી. અમુક સ્વરૂપ આવુ એ પ્રકારનુ વચન ગુણ ધર્મ ક્રિયા આદિના સકલ્પ વિકલ્પદ્વારાજ હોઇ શકે છે

આ નિર્વિકલ્પ સ્થિતિમા તો તે પ્રકારે કહેવાનુ બનતુ નહિ હોવાથી તેને અનિર્વચનીય કહીને વિરમાય છે આવું બળાત્મક 'કાઇક' છે તેથી તેને તત્ એટલે તે અનિર્વચનીય એ શબ્દ વડે કહીને તેની લક્ષણા કરાવી છે એ પ્રકારની ઉપાધિ જે • કલ્પી છે એવા શ્રી રૂદ્ર ભગવાન છે તેમને વિષે ભાવિ સૃષ્ટિ બીજ રૂપે પુરાઇ રહીને વસી રહેલી છે તે વિચારથી એ રૂદ્ર ભગવાનને પુરુષ કહ્યા છે એવા અનિર્વચનીય પુરૂષ રૂપ રૂદ્ર ભગવાનની પ્રાપ્તિ અર્થે જે જે જાણવાનુ તથા જાણીને . આચારમા મૂકવાનુ તે અમે કરી રહ્યા છીએ. અમારી ક્રિયા માત્ર એ રૂદ્ર ભગવાન અર્થેજ હજો.

વિશ્વના જુદા જુદા વિભાગોમા જુદા જુદા સ્વરૂપોમા તેમજ જુદી જુદી ક્રિયાઓમા અભિમાનરૂપ ઉપાધિને ધારણ કરીને જે સ્વંયપ્રકાશ ચૈતન્ય વિલસી રહ્યુ છે તે રૂપે તેની પ્રત્યેક પ્રતીતિને દેવ એવુ નામ આપ્યુ છે જે પ્રમાણે બ્રહ્માડમા છે તે પ્રમાણે આપણા દેહમા પણ તેજ દેવો અનેકરૂપે વિલાસ કરી રહ્યા છે આ સર્વ દેવોનુ કર્તવ્ય પ્રલય સમયમા સૃષ્ટિની પ્રતીતિના અભાવે શાત થએલુ હોય છે તેથી જે એક પરમ ચૈતન્યની અમર્યાદ સત્તામાથી તે તે રૂપે ચૈતન્ય પ્રતીત થતુ હતુ તે ચૈતન્યના મૂળ મહાન સ્વરૂપમા ભળી જાય છે એ મૂળ મહાન ચૈતન્ય ઉપર કહેલા દેવ રૂપ પ્રત્યક ચૈતન્ય કરતા અધિક મહાન છે તે ચૈતન્યથી વ્યતિરિક્ત અન્ય કોઇ ચૈતન્યજ વાસ્તવે નથી તો પછી તેનાથી અધિક મહાન હોય એવુ તો હોયજ ક્યાથી ' એ પ્રકારના સૌથી મહાન ચૈતન્યરૂપ હોવાથી રૂદ્ર ભગવાનને મહાદેવ શબ્દ વડે શ્રુતી ભગવતી પ્રબોધે છે તત્પુરુષ રૂપે શ્રી રૂદ્ર ભગવાનને જાણીને જીવનરૂપે ચૈતન્યની અપેક્ષા વાળા અમે તેજ મહા ચૈતન્યરૂપ મહાદેવનુ ધ્યાન ધરીએ છીએ વ્યવહારમા ચિત્તને દોડી જવાની દીર્ઘ સમયથી ટેવ પડી ગઇ છે તે ચિત્તને વાળી વાળીને તે સ્વરૂપમા લાવી લાવીને ગોઠવવા મથીએ છીએ

અમે ખાસ આ કાર્ય કરવા માટે અલ્પ બળી છીએ એવું ભાન આ બદ્ધ અવસ્થામા અમને થાય છે ઇચ્છાથી અને કોઈ કોઇ વખતે તો ઇચ્છા નહિ છતા પણ વ્યાવહારિકી દૃષ્ટિ અમને ધક્કો મારીને આપના સ્વરૂપાનંદની બહાર ધકેલી મૂકે છે અમારી વૃત્તિઓને બળ વડે નિયમન કરનાર દ્રવ્ય, યશ, આદિ વ્યવહાર માત્રમા મહત્તાને લઇ બેઠેલા વ્યતિકરો પ્રેરી રહ્યા છે માટે હવે

અનુગ્રહ કરીને તેમને શાત કરી અમારા પ્રેરકરૂપે આપ પોતેજ બના એવી અમારી પ્રાર્થના છે લય અને આખી સૃષ્ટિને માટે જે આપ કરો છો તેમને અમારી આ બદ્ધ સ્થિતિને માટે તે કરવું દુર્ઘટ નથી

ઉપરના મત્રમા જે શક્તિને ઉપાધિરૂપે રૂદ્ર ભગવાન ધારણ કરે છે તેને તિરોધાન શક્તિ કહી છે સૃષ્ટિ, સ્થિતિ, લય, અને તિરોભાવ એ ચાર શક્તિઓ વડે સસાર ચક્રની પ્રવૃત્તિ નિવૃત્તિનુ નિયમન થાય છે. તેનાથી પરમાત્મા શિવ ભગવાનના અનિર્વચનીય નિયમાનુસાર જે જે વ્યક્તિઓ એ ચક્રાવામાથી છોડવાનુ બને છે તેમના સબંધમાં જે ઉપાધિને શ્રી રૂદ્ર ભગવાન ધારણ કરે છે તેને અનુગ્રહકરણ શક્તિ નામે શાસ્ત્ર ઓળખાવે છે, આ કાર્ય અર્થે પોતે ભિન્ન ભિન્ન અવતારોને સ્વીકારે છે. સદગુરૂ આચાયરૂપે પણ પોતેજ પ્રતીત થાય છે, એવા શિવ ભગવાનનુ હવે અનુસ્મરણ કરીએ.

પશુપતિ રૂદ્ર ભગવાન જે વડે આપણને બાંધીને પુણ્ય પાપના ફળરૂપ સુખ દુખનો ચારો આપે છે, તે શક્તિને અવિદ્યા કહી છે. જ્યારે તે પ્રવર્તે છે ત્યારે તેઓશ્રીના સ્વરૂપનુ યથાથ ભાન હોતું નથી, તેમના સ્વરૂપનુ યથાર્થ ભાન આપણા પોતાના સ્વરૂપથી અનન્ય ભાવે જે વડ થાય છે તેને વિદ્યા કહી છે. એવી વિદ્યા માત્રના નિયામક હે રૂદ્ર ભગવાન આપ છો એ વિદ્યા માત્રે અમારા પ્રતિ વળવુ કે નહીં તે આપની ઇચ્છાનોજ કેવળ વિષય છે માટે એ વિદ્યા અમારા પ્રતિ પ્રેરો

આપ ભૂત માત્રના ઇશ્વર છો એટલે અમારૂ નિયમન તથા પાલન આપ કરી રહ્યા છો. માટે હવે અમારા ઉપર અનુગ્રહ કરો. આપજ

બ્રહ્મરૂપે સવના ઉપર રહીને સર્વનું પાલન કરો છો. તેથી બ્રહ્મતત્વાત્મક હમારી વૃત્તિને કરવાનુ આપ એકલાથીજ બને એમ છે. અન્યથી બ્રહ્મરૂપ વિદ્યા અમને અપાય તેવી કોઇની સત્તા નથી બ્રહ્મરૂપ આપજ અમારૂ સર્વ કલ્યાણ છો. આપજ અમારા કલ્યાણરૂપ થાઓ. હમેશાં અમારા કલ્યાણરૂપ શિવ ભગવાન આપજ અનન્ય ભાવે અમારી સાથે ભાનપૂર્વક રહો.

॥ૐ નમઃ શિવાય॥ એને મૂલ મંત્ર કહ્યો છે. નમસ્કાર કરતી વખતે એટલે સાષ્ટાંગ નમસ્કાર કરવામાં ભાવના એવી થાય છે કે જે ઉપાસ્યને નમસ્કાર થાય છે તે ઉપાસ્યરૂપ મહાસાગરમા સ્વરૂપે અનન્ય હોવાથી ઉપાસ્યરૂપ સરિતા અદર વહી જઇને એકરૂપતાને ધારણ કરે છે. અશિવ માત્રનો બાધ કરતાં કેવલ શિવ એટલે કલ્યાણ સ્વરૂપ માંજ આ પ્રકારની એકતા થાય છે જે કાઇ થાય છે તે બધુ જે પરમ કલ્યાણરૂપ શિવત્વ પ્રાપ્તિ અર્થેજ થાય છે. ઉપાસ્યથી ભિન્નરૂપે મને મારી જે પ્રતીતિ થાય છે તે મિથ્યા છે. તેથી તેને માટે કાંઇજ થતું નથી. જે કાઇ થાય છે તે મને જીવરૂપે અનતકાળ સુધી રાખી મુકવા માટે થતું નથી પણ જીવાત્માથી મને મુક્ત કરીને શિવ સ્વરૂપની સિદ્ધિ અર્થે થાય છે આ પ્રકારની ભાવના મૂલ મત્રમા કરવાની હોય છે. મૂલ મત્રને સ્થાને મૃત્युंजय મત્રના પણ ઉપયોગ થાય છે એ મત્ર નીચે પ્રમાણે છે

॥ ॐ त्र्यंबकं यजा महे सुगंधं पुष्टि वर्धनम् उर्वारुक मीव बंधाना न्मृत्यो र्मुक्षीय मामृतात् ॥

પચબ્રહ્મ મત્રમા સદાશિવ ભગવાનના જે ઉપર પાચ સ્વરૂપો વિસ્તારથી કહ્યા છે તે પ્રત્યેકની લક્ષણા જે મૂર્ત્તિમા

કરાવી છે એવી પાંચ મુખવાળી પચાનન મૂર્ત્તિ છે. પ્રત્યેક મુખમા ત્રિનેત્ર છે. નેત્ર અનુભવ મેળવવાનુ એક દ્વાર છે. ચૈતન્ય તે દ્વારને સાધનરૂપે યોજીને જ્ઞાન અપાવે છે તથા કર્તવ્યમા યોજે છે. અગ્નિ ચદ્ર (વાયુ) અને સૂર્ય એવા એજ ચૈતન્યના ત્રણ નામ આપેલાં છે. એ પ્રકારના જેમનાં ત્રણ નેત્ર છે. તથા તે દ્વારા અબિકારૂપે પોષણનું દાન સર્વશક્ત માતા તરફથી અપાતું જે શબ્દમાંથી સૂચવાય છે એવા શક્તિ સપન્ન ત્ર્યબક નામક શકર ભગવાનનુ અમે યજન કરીએ છીએ. યજ્ઞ શબ્દનો ભાવાર્થ આ યજન શબ્દમાં અનુસ્યૂત છે. જે જે કર્મ થાય છે તે વ્યક્તિરૂપે અભિમાનનુ ભાન કરનાર હુ જીવ તેને અર્થે નથી પણ સાક્ષાત ત્ર્યબક ભગવાનમાં અભિમાન માત્રને સોંપી દઇને તેમના પ્રતિ આહુતિ આપવારૂપ યજ્ઞરૂપે અમે કરીએ છીએ.

ગધ બે પ્રકારના હોય છે, અનુકૂળ અને પ્રતિકૂળ. જે જે કર્મ વ્યક્તિ પરત્વે સકુચિત કામના પૂર્વક થાય છે તેનુ પરિણામ બધન છે. જન્મથી આરભીને મૃત્યુ પર્યંતના જે છ વિકારો કહ્યા છે તે વિકારોની પુન: પુન તે દ્વારા ઉત્પત્તિ થાય છે એ વિકારોનો પ્રવાહ દુર્ગંધ છે એ વિકારો શમી જતા કેવલ પરમ સુખનુ ભાન જે વૃત્તિ પ્રવાહથી ચાલે છે તે ત્ર્યબક ભગવાન સાથે અનન્ય ભાવના એકલીજ કરી શકે છે એવી સ્થિતિ તેમના વડે પ્રાપ્ત થાય છે તેથી સુગધરૂપ ત્ર્યબક ભગવાન છે.

ચૈતન્યરૂપ જીવન તો પ્રાપ્ત છે. એમાં વિકાર થઇને બિગાડ ન થાય એટલુજ બસ નથી પણ એ ચૈતન્યરૂપ જીવનનો વિકાસ અધિક અધિક થવાની જરૂર છે એ વિકાસને પુષ્ટિ કહેલી છે. એજ સત્ય આનદાનુભવ છે. એ. પ્રકારની પુષ્ટિની વિવૃદ્ધિ કરનાર ત્ર્યબક ભગવાન છે.

જ્યાસુધી કર્મ તથા વિચાર માર્ગના સાધનભૂત શરીરની સ્થિતિ છે ત્યાં સુધી કર્તવ્યની યોજના થઇ શકે છે. એ સાધનના વિયોગથી કર્તવ્ય અટકી પડે છે માટે સાધક અવસ્થામા શરીરની અનિવાય આવશ્યકતા છે. ॥ शरीरमाद्यखलुधर्मसाधनम् ॥ કર્તવ્ય પરાયણ મતિથી કે કેવલ મોહથી આ શરીરરૂપ સાધનનો પ્રતિકૂળતાના અનુભવ પૂર્વક પોતાની ઇચ્છા વિરૂદ્ધ વિયોગ થવો તેને મૃત્યુ કહ્યુ છે. ષડ્ વિકારમા અતિમ વિકાર એ છે. એ વિકારના ઉપર જે ત્ર્યબક ભગવાનના અનુગ્રહ વડે વિજય મેળવવો એટલે શરીર નામક સાધનનો વિયોગ આપણી ઇચ્છા વિરૂદ્ધ થાયજ નહિ એવી સ્થિતિ પ્રાપ્ત કરવી એજ સાધક દશામા પરમ પ્રાપ્તવ્ય છે મૃત્યુ નામના વ્યતિકરનો પાશ આપણને બાધી રાખે છે તે પાશને તોડી નાખવો છે અને તે વ્યતિકરના ઉપર આપણુ સામ્રાજ્ય સ્થાપવુ છે તો આ કાર્ય મૃત્યુજય મત્ર સાધી આપી શકે છે જ્યાસુધી મૃત્યુ ઉપર વિજયને પ્રાપ્ત કરી શક્યા નથી ત્યાસુધી તેના પાશમા થતો અનાદિકાળથી પરાધિનતાનો પ્રતિકૂલ અનુભવ થતો જાય છે એ સર્વરોગોમા અત્યત ભયકર મહારોગ છે એ વિસ્તાર પામેલા મહારોગમાથી શ્રી ત્ર્યબક ભગવાનના યજન વડે અમે છૂટીશુ એવી અમારી ખાત્રી છે રોગી હમે શા જે વૈદ્યરાજની પાસે રોગને દૂર કરવાના સાધનો હોય છે અને જે વૈદ્ય પોતે તે સાધનોનો ઉપયોગ કરી જાણી નીરોગી બની રહે છે તેવા વૈદ્યને શોધે છે મૃત્યુનો અભાવ જેમા છે એવુ એક અમૃત છે એ અમૃત એકલુજ જેમનુ ભોજન છે, એ અમૃતના આત્મારૂપ જે પોતે એકજ છે એવા ત્ર્યબક ભગવાનની ઉપાસનાથી તે મહા રોગમાથી છૂટીને અમૃતતત્વનાજ ભોગી અમે હમે શને માટે થઇશુ કારણ કે ત્ર્યબક ભગવાનનોજ અમારા આત્મા સાથે અનન્ય ભાવે અનુભવ કરી રહીશુ.

આ ત્ર્યબક શબ્દમા બે અગો છે. त्र+अम्बक તેમા પ્રથમ त्र ત્રિપુટી વાચક છે. એ ત્રિપુટી રૂપે મહેશ્વર ભગવાન અબિકાદ્વારા પ્રતીતિ કરાવી મૃત્યુજય સાથે અભેદ ભાવની સિદ્ધિ કરી આપે છે શાસ્ત્રમા આ ત્રિપુટીને ભિન્ન ભિન્ન રીતે લક્ષણા કરાવવા માટે કહેલી છે. જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રિપુટીમયી અવસ્થાદ્વારા તે અંબિકા શક્તિ પોષણ આપે છે. એટલે અનુભવ કરાવીને કૃતકૃત્યતાની સિદ્ધિને માર્ગે ચઢાવે છે. સ્થૂલ, સૂક્ષ્મ અને કારણરૂપે પોતે આ કાર્ય માટે પ્રવર્તી રહે છે એ દેવતા અગ્નિ, વાયુ અને સૂર્ય એવા નામથી પણ કહેવાય છે તેમા અગ્નિ ભૂ લોકનો દેવતા કહ્યો છે વાયુ ભૂવ એટલે અતરિક્ષ લોકનો દેવતા કહ્યો છે અને સૂર્ય સ્વ એટલે સ્વર્ગ લોકનો દેવતા કહયો છે જે સ્વગ લોકનો દેવતા સૂર્ય કહયો છે તે સૂ એટલે ઉત્પત્તિ કરવી એ ધાતુના અથને સૂચવે છે મસ્તિષ્ક પ્રદેશ જ્યા બ્રહ્મરંધ્ર છે તેને સહસ્ત્રદલ પદ્મની ઉપમા આપી છે. ત્યાથી જ્ઞાનશક્તિ પ્રાદુભાવને પામે છે તે સ્થાનમા પીડ બ્રહ્માડમા એક તત્ત્વ સ્થૂલરૂપન ધારણ કરીને મૃત્યુના વિજયને માટ હાજર થાય છે. બીજુ તત્વ વાયુ છે. તેને आप પણ કોઇ ઠેકાણે કહે છે એ તત્ત્વ હૃદયની આસપાસના પ્રદેશમા પ્રાણનામકયત્રના નિયમનમા રહીને ત્યાથી પ્રવૃત્તિ કરી રહ્યુ છે ઇચ્છા શક્તિનુ પણ તેજ પ્રેરક સ્થાન છે. ક્રિયાશક્તિ એ ત્રીજી શક્તિ છે એનુ સ્થાન મુખ્ય નાભિમા છતા તે આખા શરીરમા આ કાર્ય અર્થેજ પ્રવૃત્તિ કરી રહી છે પાર્થીવ આહાર આદિથી એ તત્વ પોષણને પામીને વિશેષ કર્તવ્યમા યોજાય છે. આ ત્રણે શક્તિઓનો સહકારી કાર્ય કરવાનો અને તે કાર્યોને યોગ્ય દિશામાં યોગ્ય સ્થિતિમા કરવાનો પ્રસગ તથા અનુકૂળતા શ્રી ત્ર્યબક ભગવાનના ખાસ અંનુગ્રહવિના બને તેમ નથી.

વખતે અન્યને આશ્ચર્ય લાગશે અથવા તો અસંભવિત વત પણ લાગશે છતા આવશ્યક કહેવાની જરૂર છે કે ધ્યાતા ધ્યેય રૂપ બને છે એ શાસ્ત્ર સિદ્ધાતનુ વિસ્મરણુ કરવાનુ નથી ધ્યેય સ્વરૂપ આ સ્થાને ઉપર વિસ્તારથી કહ્યા પ્રમાણે ત્રિપુટીમયી શક્તિ અબિકા સહ મહેશ્વર છે. ઉપાસક પુરૂષ પણ પોતાની શક્તિ સાથેજ ઉપાસના કરે તો એ પ્રકારના ધ્યેયના સ્વરૂપની પ્રાપ્તિ કરી શકે તેથી આ યજન પત્નિ સહવર્તમાન સાધકે કરી શકાય તેવું છે. અન્ય રીતે તે બની શકે તેમ નથી. છતા આ પ્રકારના યજનના જે અધિકારી નથી અથવા તો તેમા યોજનાર યોગ્ય નેતા રૂપ આચાર્યનો સંબંધ જેણે પુરૂષાર્થ કરીને મેળવ્યો નથી તેમને માટે આ પેરેગ્રાફનો લેખ નથી તેમણે તો આ પેરેગ્રાફને કાઉસમા હોય તેમ ગણી આગળ ચાલવુ વધારે અનુકૂળ પડશે

अथ हैनं भगवन्तं कालाग्निरुद्रंभुसुण्डः प्रपच्छ रुद्राक्षाणां भेदेन यदक्षं यत्स्वरूपं यत्फलमिति। तत्स्वरूपं मुखयुक्तमरिष्टनिरसनं कामा भीष्टफलं ब्रूहीति होवाच। तत्रैते श्लोका भवन्ति

ઉપર પ્રમાણે ક્યા મત્રો વડે કેવા રૂદ્રાક્ષનો કેવી રીતે ઉપયોગ કરવો તે શ્રુતિ ભગવતીએ કહ્યુ મનુષ્ય જીવન એવુ છે કે તે વ્યવહારના વિવિધ ક્રમોમા અત્યત ગુચવાઇ રહેલુ હોય છે તેથી પરમાર્થ વિષયક વાર્ત્તા જ્યારે કર્ણ ગોચર થાય છે ત્યારે તે સમયે વૃત્તિ તેમા કાઇક પરોવાય છે. એટલામા તો તેના ચિત્તને બહાર ખેચી જનાર વ્યતિકરો ખડાં થઇ તેને પરવશ બનાવીને તે વિષયથી દૂર કરી મકે છે તેથી પુન પુન: રસ ઉપજ થાય તેવી રીતે તે વિષયને

ગોખાવતી હોય તે પ્રમાણે જુદા જુદા સ્વરૂપે કહી બતાવી સસ્કારની છાપ અધિક અધિક ઉડી કરી આપે છે. તે પ્રમાણે કરવાને માટે શ્રુતિ ભગવતી આખ્યાવિકારૂપે કહે છે આ આખ્યાયિકા ગુરૂ શિષ્યના પ્રશ્નોત્તરરૂપે છે જીવનમુક્ત મહાત્મા ભુસુણ્ડ શિષ્યરૂપે પ્રશ્ન કરે છે આ પ્રશ્ન કરવામા હેતુ જગત્ ઉપર ઉપકાર કરવો એજ રહેલો છે કારણુકે પોતે તો કૃતકૃત્ય થઇ ચૂક્યા છે તેથીજ ગુરૂરૂપે સાક્ષાત કાળને બાળી મૂકનાર અગ્નિરૂપ મૃત્યુંજય રૂદ્ર ભગવાન પોતેજ બને છે જેવા શિષ્ય તેમને યોગ્ય સદ્ગુરૂ કોણુ હોઇ શકે? ઉત્તર આવા સદ્ગુરૂશ્રીના મુખમાથી આવા શિષ્ય પ્રતિ અપાયા છે તે વ્યતિકર તે ઉત્તરમા શમાયલા વચનો ઉપર શ્રદ્ધા તથા પ્રેમને દૃઢ કરે છે ઉપરથી નજીવી જેવી દેખાતી આ આખ્યાયિકાનું સ્વરૂપ મહાન છે શિષ્ય ભુસુણ્ડ કાલાગ્નિ રૂદ્ર ભગવાનને પ્રશ્ન કરે છે કે રૂદ્રાક્ષોમાં ભેદ દેખાય છે એ ભેદ રૂદ્રાક્ષને કેટલી આંખો છે એટલે કેટલા મુખ છે તે રૂપે હોય છે. તેથી તેમજ તેના પોતાના રૂપમા એટલે આકૃતિ, કદ, રગ આદિમા પણુ ભેદ હોય છે. તથા તે રૂદ્રાક્ષોના સેવનથી ભિન્ન ભિન્ન પ્રકારના ફળ પ્રતીત થાય છે. તે પ્રકારના રૂદ્રાક્ષના સ્વરૂપ રૂદ્રાક્ષના મુખની સખ્યાના વિવેચન સાથે તેમજ જેના વડે મૃત્યુ પર્યંતની દુ ખમાત્રની નિવૃત્તિ સંભવ થઇ જાય છે તેની સાથે જે જે કામનાઓ થાય છે તે કામના માત્રને સપૂર્ણ રીતે તૃપ્ત કરે એવુ ફળ આપે છે. તે બધુ કૃપા કરીને કહી સભળાવો ઉત્તરમાં શ્રી રૂદ્ર ભગવાન કહે છે કે એ વિષયમા નીચે પ્રમાણે કલ્યાણુને સાધનાર વચનરૂપ શ્લોકો શ્રુતિ ભગવતીએ કહ્યા છે આ ઉત્તર આપવામાં પણુ યુક્તિ છે. પૂર્વે જે અસ્તિત્વમાં નહોતું

એવુ કાઇ નવીન રૂપે કહેવામા આવે તો તેને તે સમયે કરેલી કલ્પના રૂપે ગણાય આતો વેદ ભગવાન અનાદિ છે તેમાંના શ્લોકોનેજ માત્ર હુ કહી બતાવુ છુ–એમ કહેવાથી તેમાં કહેલા તાત્પર્ય ઉપર તેની સત્યતાના સબધે શ્રદ્ધા તથા પ્રેમ વિશેષ ઉંડા કોતગઇ રહે તેવો હેતુ છે

एकवक्त्रं तु रुद्राक्षं परतत्वस्वरुपकम् ।
तद्धारणात्परेतत्वे लीयते विजेतेन्द्रियः ॥ १

જે રૂદ્રાક્ષને એક મુખ છે તે રૂદ્રાક્ષનુ સ્વરૂપ પરતત્વરૂપ છે. પૃથ્વી અપ તેજ, વાયુ આકાશ એને પણ પાંચ તત્વો કહ્યા છે પણ તે પરતત્વ નથી. સૃષ્ટિના વિલય સમયે જે બ્રહ્મ તત્વમા તેમનો પણ વિલય થાય છે છતા જે બ્રહ્મતત્વનો કદીજ વિલય થતો નથી તેજ છેવટનુ તત્વ હોવાથી તેને પરતત્વ કહ્યુ છે. આ રૂદ્રાક્ષનુ સ્વરૂપ પરતત્વમય છે. તેને ધારણ કરવાથી તેને યોગ્ય ફળ મળે છે. સામાન્ય જીવદશામાં આપણી ઇન્દ્રિયો પચભુતાત્મક પદાર્થો પ્રતિ લીન થઇ જાય છે. એ ઇન્દ્રિયો આપણને વિવશ કરે મૂકે છે. તેમના ઉપર આપણો વિજય થાય છે તેથી પરિણામે જે બળ બહારના વિષયો પ્રતિ વહીને ખર્ચાઇ જાય છે તેજ ભેગુ એકત્ર બનીને અંતર્મુખ વૃત્તિદ્વારા જીવન તત્વપ્રતિ વહે છે ક્રમે આપણુ સ્વરૂપ વાસ્તવે પરમ શિવ સાથે અભિન્ન હોવાથી તે પરમતત્વનો ઝળકારો થઇ આવતા પરમાનદમા લીન કરી મૂકે છે

द्विवक्त्रं तु मुनिश्रेष्ठ चार्घनारीश्वरात्मकम् ।
धारणादर्घनारीश प्रीयते तस्य नित्यश ॥ २

આ શ્લોકનો શબ્દાર્થ એવો છે કે બે મુખવાળો રૂદ્રાક્ષ અર્ધ નારીશ્વર રૂપ છે તેને ધારણ કરવાથી અર્ધ નારીશ્વર હમેશા તેને પ્રસન્ન રહે છે

આ બીજા શ્લોકરૂપ મત્રને કહેતાં શંકર ભગવાન ભુસુણ્ડડ ઋષિને મુનિ શ્રેષ્ઠ શબ્દ વડે પ્રબોધેછે એક પ્રકારે એ આશિર્વચન છે. વાણી પરા, પસ્યતી, મધ્યમા અને વૈખરી મળી ચાર પ્રકારની છે. પરા એ વાણીનુ આરભક બીજ સ્વરૂપ છે મૂલાધાર તેનુ સ્થાન છે. પસ્યતિનુ સ્થાન નાભિ છે. નિશ્ચેયરૂપ સંસ્કાર જાળ એનુ સ્વરૂપ છે. મધ્યમાનુ સ્થાન હૃદય છે સકલ્પ વિકલ્પ આદિ એનુ સ્વરૂપ છે. વૈખરીના બે પ્રકાર છે ચક્ષુ ગ્રાહ્ય અને શ્રવણ ગ્રાહ્ય ચક્ષુ ગ્રાહ્યને ઉપાશુ પણ કહે છે તે વખતે આ સ્થિતિમા વાણી વર્ણાત્મક બને છે. તેમા ઉપાશુનો ઉચ્ચાર થવામા હોઠ આદિ વાણી યત્રોની માત્ર હીલચાલ દૃષ્ટિગોચર થાય છે. જ્યારે તે અધિક સ્થુલરૂપને ધારણ કરે છે ત્યારે તે શ્રવણગોચર થાય છે આ પ્રકારની વાણીના ઉપર જેણે નિયમન પ્રાપ્ત કર્યું છે તે મુનિ છે. એવા મુનિઓમા શ્રેષ્ટરૂપે શ્રુતિ ભગવતી ભુસુણ્ડ ઋષિને શકર મુખે પ્રબોધાવેછે

મહા પ્રલયના આરભમા બ્રહ્મતત્વનુ નિર્ગુણ સાકાર પ્રથમ સ્વરૂપ જે પ્રતીત થયુ હતું તે દ્વદ્વાત્મક હતુ. અર્ધ શરીર પુરૂષરૂપે અને. અર્ધ શરીર સ્ત્રી રૂપે તે હતું. બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર નામક ઇશત્રય આદિની પ્રતીતિ તે પછી થઇ છે. મહેશ્વર ભગવાનનુ આ અર્ધનારીશ્વર સ્વરુપ સર્વે સૃષ્ટિના મૂળ કારણરૂપ બન્યુ હતું જે જે ઐશ્વર્ય આદિ પ્રતીત થયાં છે તેનો મૂળ ભડાર આ સ્વરૂપ હતું. તે સ્વરૂપ સાથે પ્રેમ થવાથી ઐહિક, પારલૌકિક આદિ સર્વ પ્રકારનુ હિત અનાયાસે સિદ્ધ થાય

છે. તે પ્રીતિ મેળવવાના સાધનરૂપ આ બે મુખવાળા રૂદ્રાક્ષને ધારણ કરવાની ક્રિયા છે. જગતના સ્વરૂપનુ સુક્ષ્મ નિરીક્ષણ કરતાં આ મૂળ અર્ધનારીશ્વરના સ્વરૂપને અનુસરીને બધુજ દ્વદ્વાત્મક છે એમ સમજાય છે આપણા શરીરમા પણ જોઇએ તો નાક એક નસકોરા બે, દર્શન શકિત ૧ આંખો ૨, શ્રવણ શકિત ૧ કરણ-૨ એ પ્રમાણે પગથી માથા સુધી જોઇ વળીએ તો ઝીણાં વિચારથી બધુજ દ્વદ્વાત્મક સ્પષ્ટ દેખાઇ આવે છે

त्रिमुखं चैव रुद्राक्षमाग्नित्रय स्वरूपकम् ।
तद्धारणाच्च हुतभुक्तस्य तुष्यति नित्यदा ॥ ३

જે રૂદ્રાક્ષને ત્રણ મુખ છે તે અગ્નિત્રય રૂપ છે તેને પહેરવાથી જે જે વસ્તુ હોમીને ભોગવવામાં આવે છે તેના વડે તેને હમેશા તૃપ્તિ મળે છે अग्नित्रय જે કહ્યા છે તેના સંબધમા ભિન્ન ભિન્ન રૂપે વિચારો દર્શાવ્યા છે તેમાંનો એક પ્રકાર આ પ્રમાણે છે.

૧ કામ એ અગ્નિનુ પ્રથમ સ્વરૂપ છે ઉત્પત્તિ માત્રનુ બીજ એ ઇચ્છા શકિત છે. સૃષ્ટિની ઉત્પત્તિના આરંભમાં सोऽकामयत : તે બ્રહ્મતત્વે ઇચ્છા નામના સ્ફુરણની પ્રતીતિ કરાવી તે પ્રમાણે કહ્યુ છે. એનું બીજુ સ્વરૂપ પોષક છે ઉત્પત્તિ થયા પછી જેટલો સમય ટકી રહેવાય છે તેમા બળરૂપે જે પ્રતીત થાય છે તે એ અગ્નિનુ બીજુ સ્વરૂપ છે. ત્રીજુ સ્વરૂપ સૃષ્ટિનો વિલય જેના વડે થાય છે તે છે. એ પ્રકારે ઉત્પત્તિ સ્થિતિ તથા લય એ ત્રણ વ્યતિકરોની પ્રતીતિ કરાવનાર ત્રણ સ્વરુપોને અગ્નિત્રય કહ્યા છે બીજો પ્રકાર આ પ્રમાણે છે, સૂર્ય એ તેનુ પહેલું સ્વરૂપ છે. સૂર્ય શબ્દ સૂ ધાતુ ઉપરથી ચએલો છે. ઉત્પત્તિ માત્રના કારણરૂપે તે રહેલો છે. બીજુ સ્વરૂપ

અગ્નિ જેને વહ્નિ શબ્દ વડે ઓળખાવ્યો છે તે છે. યજ્ઞ આદિમાં જોઇતા પદાર્થોને રાંધી આપી પરિપકવ કરી આપવાનું કાર્ય તે કરે છે તે પછી યજ્ઞકુંડમા જે હોમાય છે તેને વહન કરીને તે તે દેવતાઓને પોષણ આપવાને માટે લઇ જનાર તત્વ તેમા છે.

ત્રીજુ સ્વરૂપ જેને જાઠર અગ્નિ કહે છે તે છે ભોજન કરાયલા પદાર્થોને પચવીને તે પણ પોષણ આપે છે. તેને वैश्वानर પણ કહે છે. વળી કર્મ ઉપાસના અને જ્ઞાન એ ત્રણને પણ અગ્નિ ત્રય રૂપે લેવાય છે કર્મ, પ્રારબ્ધ રૂપને ધારણ કરીને શરીરની ઉત્પતિને ધારણ કરે છે તથા સાત્વિક રૂપને ધારણ કરતા ઉપાસનાની યોગ્યતા કરી આપે છે ઉપાસના જેનુ પરમસ્વરૂપ યોગ છે તે વિક્ષેપ નામના રાજસ પરિણામને બાળીને ટકી રહેવા જેવી સ્થિતિ શરીરમા કરી આપે છે. જ્ઞાન નામનો અગ્નિ કર્મ માત્રને ભસ્મ કરીને પરમ મુક્તિની પ્રતીતિ કરાવી આપે છે આ વગેરે બુદ્ધિમાન મહાત્માઓએ અનેક સ્વરૂપે અગ્નિત્રયને શિષ્ય રૂપ અધિકારીને યોગ્ય માર્ગે ચઢાવવાને માટે વિવિધ યુક્તિથી સમજાવ્યા છે.

શ્રુતિ ભગવતી ભસ્મ ધારણ વિધિમા ત્રિરેખાના સ્વરૂપનુ વર્ણન આપે છે તેમા આ અગ્નિ ત્રયનુ વિસ્તારથી આ પ્રમાણે સ્વરૂપ કહે છે

अथ सनत्कुमार प्रमाणं पृच्छति । त्रिपुण्ड् धारणस्य त्रिधा रेखा आ ललाटादाचक्षोरा भ्रुवोर्मध्यतश्च । यास्य प्रथमा रेखासा गार्हपत्यश्चाकारो रजो भूर्लोकः स्वात्मा क्रियाशक्ति ऋगवेदः प्रातः सवनं प्रजापति देवो देवतति । यास्य द्वितीया रेखा स्या दक्षिणा प्रेरकार सत्वनन्तरिक्षमन्तरात्मा [illegible] शक्ति

यर्जुवेदो माध्यन्दिन सवनं विष्णुर्देवो देव तेति। यास्य तृतीया रेखा साह वनियो मकार स्तमो द्यौर्लोकः परमात्मा ज्ञान शक्तिः सामवेदस्तृतीय सवनं महादेवो देवतेति त्रिपुण्ड्रं भस्माना करोति ॥

ચક્ષુથી ભ્રુમધ્યથી અને લલાટથી એ પ્રમાણે ભસ્મથી કરવાના ત્રિપુંડની ત્રણ રેખાઓના પ્રમાણ શ્રી સનત્કુમારના પ્રશ્નોત્તર રૂપે કહ્યા છે તેજ સ્વરૂપમા આને અગ્નિત્રય કહયો છે. જે તેની પહેલી રેખા છે તે ગાર્હપત્ય નામના અગ્નિ સ્વરૂપ છે પ્રણવમા अ उ અને म આવેલા છે તેમાથી अ કાર એનુ રૂપ છે શક્તિ એટલે સ્થુલ રૂપે જે પોતાના હુ પણાનુ આરંભમા ભાન થાય છે તે તેનો આત્મા છે. રજોગુણ ભૂલોક स्व નામક આત્મ ક્રિયા શક્તિ રૂપ છે. ઋગવેદ તેની પ્રતીતિ છે પ્રાત કાળના સવન નામક યજ્ઞ રૂપ તે છે પ્રજાપતિ તેના દેવતા છે આ પ્રકારનુ પહેલા અગ્નિનુ સ્વરૂપ છે.

ત્રિપુંડની જે બીજી રેખા છે તે દક્ષિણાગ્નિરૂપ છે તે પ્રણવમાં ઉકાર રૂપ છે સત્વગુણ તેનુ રૂપ છે અન્તરિક્ષ તેનો લોક છે તે आतर आत्मारुप છે એટલે અત કરણના આદિ રૂપે જે સુક્ષ્મ રૂપ હુ છુ એવું જે ભાન્ થાય છે તે એનો આત્મા છે ઇચ્છાશક્તિ તેનુ રૂપ છે. યજુર્વેદ તેની પ્રતીતિ છે મધ્યાહ્ન કાળના સવન નામક યજ્ઞ રૂપ છે. વિષ્ણુ તેના દેવતા છે આ પ્રકારનુ બીજા અગ્નિનુ સ્વરૂપ છે

ત્રિપુંડની જે ત્રીજી રેખા છે તે આહવનીય રૂપ છે તે પ્રણવમા મકાર રૂપ છે. તમો ગુણ તેનુ રૂપ છે. સ્વર્ગ તેમો લોક છે. પરમ એટલે છેવટના કારણરૂપે જે હુ પણાનુ ભાન થાય છે. તે તેનો આત્મા

છે. ગ્નાન શકિત તેનુ રૂપ છે સામવેદ તેની પ્રતીતિ છે સાયકાળના ત્રીજા સવન નામક યજ્ઞ રૂપ તે છે મહાદેવ તેના દેવતા છે

એ પ્રમાણે વિસ્તારથી ૧ गार्हपत्य ૨ दक्षिणाग्नि અને ૩ आहूवनिय નામ આપીને આ અગ્નિત્રયનુ જે વર્ણ કયુ છે. તે સ્વરૂપ આ ત્રણ મુખવાળા રૂદ્રાક્ષનુ છે

તેને ધારણ કરવાથી હમેશા ઉપાસકને પોષણ મળે છે. આ પોષણનુ સ્વરૂપ ત્રણ પ્રકારનુજ સમજવાનુ છે. શરીર રૂપ સાધનને ટકાવવાને માટે જે જે રસ તથા તત્વોની ઉત્પત્તિ થવાની જરૂર છે તે સર્વને તે ઉત્પન્ન કરી આપે છે એ તત્વોને જે જે અગોમા વૃદ્ધિ કરવા માટે તેમણે એક જીવ થઇ ભળવુ જોઇએ તે કાર્યને પણ તે કરે છે, તેજ અગોમા પૂવે ભળેલા રસો તથા અંગો પોતાનુ કાર્ય કરી રહેવાથી રુક્ષ બને છે તેમને બહાર કાઢવાનુ કામ પણ તેજ કરે છે એ પ્રમાણે યોગ્ય પ્રમાણમા યોગ્ય વિધિથી ત્રણે કાર્યો જ્યા સુધી ચાલુ રહે છે. ત્યા સુધી શરીર રૂપ સાધન નીરોગ સ્થિતિમા ટકી રહે છે આ રૂદ્રાક્ષને ધારણ કરવાથી એ ટકાવ હમેંશનો બનીને અજરામરત્વની સિદ્ધિ કરી આપે છે. અને તેજ પરમ સતોષનુ કારણ બને છે.

આપણુ જીવન આધ્યાત્મિક એટલે ઇંદ્રિયાદિ સમૂહ રૂપ સાધન, તથા તે સાધનો વડે ગ્રહણ કરાતા તથા અનુભવાતા વિષય રૂપ આધિભૌતિક, તથા જે સામર્થ્ય વડે અભિમાન પૂર્વક તે આધ્યાત્મિક સાધનોનો આધિભૌતિક વિષયો સાથે યોગ્ય સબધ થઈ કૃતકૃત્યતા સુધી પહોચાય છે ને તે સામર્થ્ય રૂપ દેવતાઓ નામનુ અધિદૈવિક એમ ત્રણ પ્રકારે 'અનુભવાય છે. એ ત્રણેમા ઉપર પ્રમાણે પોષણ આ સાધન દ્વારા મળે છે.

चतुर्मुखं तु रुद्राक्षं चतुर्वक्त्रस्वरूपकम् ।
तद्धारणाश्चतुर्वक्त्रः प्रीयते तस्य नित्यदां ॥ ४

ચાર મુખવાળા રૂદ્રાક્ષનુ સ્વરૂપ ચતુર્મુખ બ્રહ્મા છે. તેને ધારણ કરવાથી તેને ચતુર્મુખ બ્રહ્મા ભગવાન નિત્ય પ્રસન્ન રહે છે

બ્રહ્મા ભગવાનના જે ચાર મુખ કહ્યા છે તે ચાર વેદ છે. ઋગવેદ દ્વારા યજ્ઞાદિ કર્મ કરાવી સ્વર્ગ પર્યંતના ભોગની ઇચ્છાને તૃપ્ત કરાવી આપવાના ઉપાયોનો ઉપદેશ કરે છે. યજુર્વેદ દ્વારા શસ્ત્રાદિ બળ સૂચક સાધનોથી સંપન્ન કરાવી આપે છે. સામવેદ વડે ખાસ ગાન દ્વારા અંતઃકરણમા નિર્દોષ પ્રસન્નતા કરાવી આપવાના સાધનોને પ્રેરે છે અથર્વવેદ દ્વારા સર્વ કાર્યને પૂર્ણ કરાવી આપે છે અને છેવટે જ્ઞાન પ્રાપ્તિના સાધનોમા યોજીને મુક્ત કરાવી આપે છે. એ પ્રકારે બ્રહ્માભગવાનના ચતુર્મુખનુ સ્વરૂપ સંક્ષેપમા છે. ચાર મુખવાળા રૂદ્રાક્ષને ધારણ કરવાથી બ્રહ્માભગવાનની નિત્ય પ્રસન્નતા પ્રાપ્ત થતાં સંપૂર્ણ સાધન સંપન્ન થવાય છે.

पंचवक्त्रं तु रुद्राक्षं पंचब्रह्मस्वरूपकम् ।
पंचवक्त्रं स्वयं ब्रह्म पुंहत्यां च व्यपोहति ॥ ५

પાચ મુખવાળો રૂદ્રાક્ષ પંચ બ્રહ્મસ્વરૂપછે. એ પાચ મુખવાળો રૂદ્રાક્ષ સાક્ષાત બ્રહ્મસ્વરૂપછે તેને ધારણ કરવાથી પુરૂષ હત્યાના પાપનો પણ નાશ થાય છે. પંચબ્રહ્મ મંત્રોના દેવતાઓનુ સ્વરૂપ પૂર્વે વિસ્તારથી અપાયુ છે. તેજ સ્વરૂપ પાચ મુખવાળા રૂદ્રાક્ષનુ છે. બ્રહ્મતત્વ જ્યારે પ્રતીતિને કરાવનાર રૂપ માયાના પ્રવૃત્તિમય સ્વરૂપને ઉપાધિરૂપે ધારણ કરે છે ત્યારે તે તત્વ જે દેવતાઓના

સ્વરૂપ દ્વારા પ્રવૃત્તિ કરાવે છે તેના સ્વરૂપ અન્ય સ્થાને આ પ્રમાણે કહે છે. તે સ્વરૂપો પાચ છે ૧ વાયુદેવતા ૨ સૂર્ય દેવતા, ૩ અગ્નિ દેવતા, ૪ ઈંદ્રિ દેવતા, ૫ મૃત્યુ અથવા યમ દેવતા. એ પાંચ સ્વરૂપે સર્વત્ર પ્રવૃત્તિ ચાલી રહી છે એ પ્રવૃત્તિમય વ્યતિકરને વિશ્વ પ્રપંચ પણ કહયો છે. જે સત્તા સ્ફુર્તિ એ પાંચ વિધિથી પ્રતીતિ કરાવી રહી છે. તે સત્તા બ્રહ્મતત્વ છે. તેજ સ્વરૂપ પાંચ મુખવાળા રૂદ્રાક્ષનુ છે.

શ્રી ઇશોપનિષત્‌ના ત્રીજા મત્રમા કહ્યુ છે કે —

असूर्यानाम तेलोका अंधेन तमसा वृताः ।
तांमस्ते मेत्याभि गगच्छंति येके चात्महनो जनाः ॥

પરમ સાધનરૂપ જે શરીર નામનુ પૂર છે તેમા વ્યાપી રહેલુ જીવન ચૈતન્ય છે. તેની સ્વતત્રતાનો જે લોપ કરે છે તેમને આત્મ-હત્યારા કહ્યા છે. તેમની અત્યત અધોગતિ કહી છે એ આત્મ તત્વને આ સ્થાને પુરૂષ શબ્દ વડે કહ્યુ છે આ રૂદ્રાક્ષને ધારણ કર-વાથી એ પ્રકારે થતુ આત્મહનન અટકે છે બ્રહ્મતત્વનો જે અજરા-મરની પ્રતીતિ કરાવવાનો ઉદ્દેશ તેજ ઉદ્દેશ એ બ્રહ્મતત્વથી અભિન્ન જે આત્મતત્વ છે તેનો છે એ ઉદ્દેશની સિદ્ધિ કરી આપ-વામા જે કાઇ વિઘ્નરૂપે નડે છે તે સર્વને વીણી વીણીને દૂર કરી આપવાના સાધનરૂપ બનીને પુહત્યા નામના વ્યતિકરમાથી ઉપાસકને આ પચમુખી રૂદ્રાક્ષ બચાવી લે છે

षड् वक्त्रमपि रुद्राक्षं कार्त्तिकेयाधि दैवतम् ।
तद्धारणान्महाश्रीः स्यान्महदारोग्य मुत्तमम् ॥ ६

૭ મુખવાળા રૂદ્રાક્ષના અભિમાની દેવતા કાર્તિકેય છે. તેને ધારણ કરવાથી જેનાથી અન્ય અધિક ન હોય તેવી નિરતિશયલક્ષ્મી પ્રાપ્ત થાય છે તેમજ અત્યત ઉત્તમ પ્રકારનુ નિરતિશય આરોગ્ય મળે છે

કાર્તિકેય એ નામ શ્રીમહાદેવજીના પુત્ર સ્કદનુ છે. દેવતાઓમાં સર્વોત્તમ યોદ્ધારૂપે એમને ગણ્યા છે એક એવી આખ્યાયિકા છે કે ગણેશ અને સ્કંદ બને પુત્રોને કહેવામા આવ્યુ કે આખી પૃથ્વિની પ્રદક્ષિણા કરીને જે પહેલો આવે તેને કન્યાનું પાણી ગ્રહણ કરાવવુ અપ્રતિમ વીર્યવાન શ્રી કાર્તિકેય સ્વામી અત્યત ત્વરાથી પૃથ્વિની પ્રદક્ષિણા કરવા નીકળી પડયા ગણેશનુ શરીર અત્યત સ્થુલ અને વાહનમા પાછો મુશક તેથી તેમના વડે તો આ કાય આરભાય તેવુ પણ નહોતુ તેથી તેમણે બુદ્ધિનો ઉપયોગ કર્યો શકર પાર્વતી રૂપ મા-બાપનીપ્રદક્ષિણા કરવાથી પૃથ્વિની પ્રદક્ષિણાનુ ફળ પ્રાપ્ત થાય છે એ વાર્તાનુ અનુસ્મરણ કરીને શ્રી ઉમા મહેશ્વરની પ્રદક્ષિણા તેમણે કરી લીધી અને કહ્યુ કે શાસ્ત્રવચનાનુસાર પૃથ્વિ પ્રદક્ષિણા મારે થઇ ચૂકી તે ઉપરથી જગદબાની પ્રદક્ષિણાના ફળરૂપ ૧ સિદ્ધિ અને મહે-શ્વરની પ્રદક્ષિણાના ફળરૂપ ૨ બુદ્ધિ એ પ્રમાણે બને કન્યા સાથે ગણે-શનુ લગ્ન કરી દીધુ. મહા પરાક્રમી શ્રી સ્કદ પૃથ્વિની પ્રદક્ષિણા કરીને આવ્યા ત્યારે તો આ લગ્ન થઇ ચૂકયુ હતુ. તેથી ક્રોધાયમાન થઇને તેમણે પણ લીધુ કે હુ હવે લગ્ન કરવાનો નથી તે સમયથી તેઓ નિત્ય બ્રહ્મચારિરૂપે રહીને વીર્યની યથાર્થ વૃદ્ધિ કરતા રહ્યા છે

પરાક્રમની ઉચામા ઉચી કોટિનુ સ્વરૂપ સ્કંદ છે તેજ રૂપ ૭ મુખવાળો રૂદ્રાક્ષ હોવાથી તેને ધારણ કરવા વડે પરાક્રમનુ જે

-સર્વથી ઉચ્ચ ફળ જેને શ્રી કહે છે. તેની પ્રાપ્તિ થાય છે આ શ્રી પણ ૭ પ્રકારની છે. તે નીચે પ્રમાણે

૧ ઐશ્વર્ય—જેના વડે જે સવ નિયમનની તથા રક્ષણની અપેક્ષા રાખે છે. તેમનુ યથાર્થ નિયમન તથા રક્ષણ જે વડે થાય છે તે.

૨ ધર્મ શાસ્ત્રોક્ત વિધેય કર્મનુ પાલન તથા નિષિદ્ધ કર્મનો ત્યાગ જે વડે થાય છે તે

૩ યશ ઐશ્વય તથા ધર્મની સિદ્ધિ થતા જનસમુહના અતઃ કરણમા તે સિદ્ધિ કરનાર પ્રતિ પ્રેમ પૂર્વક મહત્તાનું ભાન થતા નીકળતા ઉદ્‌ગારોની પ્રતીતિ જે વડે થાય છે તે.

૪ લક્ષ્મી જેના વડે નિંર્દોષ તૃપ્તિના સાધનો પ્રાપ્ત થાય છે તે.

૫ જ્ઞાન એના વડે જે જેવુ છે તેવુ અત કરણમા ભાન થાય છે ને જગત્ દૃષ્ય રૂપે પ્રતીતિ થાય છે આ પ્રતીતિ માયાનુ પરિણામ છે માયાના પરિણામ રૂપે સુક્ષ્મમા સુક્ષ્મ જે જે પ્રતીતિઓ જે પ્રકારે જે જે સાધનોથી થાય છે તે સર્વનુ જ્ઞાન સામાન્ય જીવને હોતું નથી. કારણકે તમસ નામના દોષથી સામાન્ય જીવોની બુદ્ધિ જડવત થઇ રહેલી હોય છે, તેમજ રજોગુણથી વિક્ષેપ થતાં લોભવાળી થએલી હોય છે જ્યારે સતગુણનો પ્રકાશ ઉપર તરી આવે છે ત્યારેજ તમોગુણની કાજળી તથા રજોગુણની હલામણ દૂર થાય છે તેમ થાય છે ત્યારેજ બુદ્ધિ વૃત્તિ પારદર્શક મજબુત અણીવાળી તેમજ સ્થિર બની પોતાના વિષયમા યથાર્થ રીતે પ્રવેશે છે આ પ્રકારની અત કરણની સ્થિતિ પ્રાપ્ત થતા માયાની પ્રતીતિની સુક્ષ્મમા સુક્ષ્મ કલાને પણ જે વડે સમજાય છે તે સાચુ જ્ઞાન છે. સામાન્ય જીવો દૃષ્ય પદાથના જ્ઞાનનુ અભિમાન ધારણ કરે છે ત્યારે

તેઓ તો દૃષ્ય પદાર્થ માત્રને પોતાનાથી ભિન્ન અસ્તિત્વવાળા પદાર્થ રૂપેજ અનુભવે છે પરતુ આ સત્ય જ્ઞાનનો ઉદય થતા તો માયાની અત્યંત સુક્ષ્મ કળાના જ્ઞાનના સમયેજ બ્રહ્મ તત્વથી અભેદરૂપ પોતાના આત્મતત્વનોજ વિલાસ પ્રતીત થતાં અપૂર્વ આનંદનો અનુભવ કરાય છે.

૬ વૈરાગ્ય મોહથી પોતાથી ભિન્ન મનાયલા પદાર્થ પ્રતિ પોતાને વિવશ બનાવી દે એવી રીતે તેના પ્રતિ અતઃકરણને ઘમડી જનાર વૃત્તિને રાગ કહે છે. આ વૃત્તિનો ઉદય થાય છે ત્યારે રાગી વૃત્તિનું સ્વરૂપ રાગના વિષયરૂપ પદાર્થના કરતા અત્યત હલકુ હોય તેવી કલ્પના થાય છે દૃષ્ય માત્ર પોતાના સ્વરૂપથી અભિન્ન છે એ પ્રકારનુ જ્ઞાન થતા જે જે ઉત્તમતાનુ ભાન પૂર્વે બહાર થતુ હતુ તે સર્વ ઉત્તમતા પોતાના સ્વરૂપ ભડારના અત્યત નહાના ભાગની છાયારૂપે ભાસે છે જેની છાયા આટલી બધી મોહક લાગતી હતી તેના મૂળ સ્વરૂપ રૂપ પોતાનુ આત્મતત્વ પોતાને નિત્ય પ્રાપ્ત છે એવુ ભાન થતા રાગ નામનો વિકાર થવાનુ કારણ મૂળ સહિત અદૃશ્ય થઇ જાય છે. આ વ્યતિકર જેના વડે બને છે તેજ વૈરાગ્યનુ સાચુ સ્વરૂપ છે. છ મુખવાળા રૂદ્રાક્ષને ધારણ કરવાથી છ મુખવાળા સ્કદ ભગવાન પ્રસન્ન થઇને ઉપર પ્રમાણે છ મુખવાળા શ્રેયસની પ્રાપ્તિ કરાવી આપે છે એ શ્રેયસ તેજ પ્રેયસ વાસ્તવ છે

રોગ માત્રનુ કારણ વીર્યમા થતા વિકારો હોય છે કારણકે વીર્યપિડાર્તગત ધાતુમાત્રનો રાજા છે. શ્રી સ્કદ દેવતાની પ્રીતિ પ્રાપ્ત થતા તેમનાં ધ્યાનથી વીર્ય અત્યત શુધ્ધ બને છે. તેથી રોગમાત્ર થવા પામતો નથી. આ નિરોગીતા મંત્ર સ્થુલ દેહમાજ આવીને

અટકતી નથી. શાસ્ત્રમા દેહને પચકોશ રૂપે પાચ પ્રકારના કહ્યા છે. વીર્ય બળવાન થતા અન્નમયકોશ દૃઢ થાય છે. તેની શુદ્ધિની કળા વિશેષ સુક્ષ્મ થતા પ્રાણુમયકોશ નિરોગ બને છે એથી પણ અધિક કળાએ વીર્યની શુદ્ધિ પહોચતા મન રોગ રહિત બને છે. સંકલ્પ વિકલ્પાદિ શુધ્ધ બળવાન તથા નિર્દોષ થવાનુ સામર્થ્ય મનોમયકોશમા તેથી જામે છે તેથી પણ અધિક સુક્ષ્મ કળાએ વીર્ય શુધ્ધ થતા વિજ્ઞાનમયકોશ રૂપ શરીરમાથી દોષવાળા નિશ્ચયો થવારૂપ રોગ નાશ પામે છે બુદ્ધિ સુક્ષ્મ બળવાન થતા થાકે નહિ તેવી બને છે. વીર્યની શુદ્ધિ આગળ વધતા પાચમો આનદમય કોશ અત્યત શુદ્ધ બને છે અને તેથી કદીજ ઝાખી ન પડે એવી પ્રસન્નતા નિરતર જામી રહે છે આ પ્રકારની સર્વોત્તમ નીરોગ સ્થિતિ આ રૂદ્રાક્ષને ધારણ કરવાથી પ્રાપ્ત થાય છે એટલુજ નહિ પણ જન્મ મરણરૂપ સઉથી મોટો રોગ જે જીવ માત્રને વળગ્યો છે તે રોગને દૂર કરવા રૂપ અજરામરત્વ નામનુ છેવટનુ આરોગ્ય પણ તેથીજ સિદ્ધ થાય છે. એ આરોગ્યથી વધી જાય એવુ કોઇ પણ પ્રકારનું આરોગ્ય નથી તેથી તેને મહદ આરોગ્ય કહ્યુ છે તેમજ તેના કરતા ઉચ્ચ સ્થિતિ કોઇ ન હોવાથી તેને ઉત્તમ આરોગ્ય પણ કહ્યુ છે

मतिविज्ञान संपत्तिशुद्धये धारयेत्सुधीः ।
विनायकाधिदैवं च प्रवदन्ति मनिषिणः ॥

વળી કેટલાક બુદ્ધિમાન મહાત્માઓ આ રૂદ્રાક્ષના અધિદેવતા રૂપે વિનાયક છે એમ પણ કહે છે કર્મ માત્રમા નેતા રૂપે તે તે કર્મના અધિદેવતા. શાસ્ત્ર કહેલા છે તે દેવતાઓને નાયક એટલે નેતા રૂપે ગણ્યા છે. શુભ કર્મ માત્રમા આ પ્રમાણે નાયકરૂપ દેવ-

તાઓ હોય છે છતા એવા કર્મ માત્રના આરભમા ગણપતિનુ પૂજન કરાય છે. તેથી ગણપતિને અન્ય સામાન્ય નાયકોની અપેક્ષાથી વિશેષ રૂપ ગણીને તેમને વિનાયક નામથી કહ્યા છે.

આ સબધમા એવી આખ્યાયિકા છે કે શકર એક સમયે વનમા જઇને તપશ્ચર્યા કરતા હતા તે વખતમા જગદબા ઉમાએ પોતાના શરીરના મેલ વડે સકલ્પ કરીને એક પુત્ર તથા એક પુત્રી બનાવ્યા બનેને દ્વાર આગળ ઉભા રાખીને કહ્યુ કે હુ મારા માથાના કેશને ધોઇને સ્નાન કરૂ છુ. માટે મને પ્રથમથી ખબર આપ્યા વિના કોઇને અદર પ્રવેશવા દેશો નહિ. એ પ્રકારે વ્યવસ્થા કરીને પોતે સ્નાન કરવા બેઠા સર્વજ્ઞ નારદ મુનિએ આ પ્રસગ જોઇને શકરને કહ્યુ કે તમે તો અત્ર તપ કરો છો અને તમારે ઘેર તો એક પુત્ર અને પુત્રી બને ઉત્પન્ન થયા છે તે ઉપરથી શકર સત્વર પોતાને ઘેર આવ્યા અને ઘરમા પ્રવેશતા તેમને ગણેશે અટકાવ્યા પરિણામ એ આવ્યુ કે ગણેશ અને શકર વચ્ચે ત્યા યુદ્ધ થયુ ને શકરે ત્રિશળ વડે ગણેશનુ મસ્તક ઉડાવી દીધુ તે મસ્તક ચદ્રલોકમા જઇને પડયુ શકર ઘરમા પેઠા સર્વ વૃતાત શ્રી ઉમાજીના જાણવામા આવતા જગદબા ઉમાએ પુત્રવધ માટે અત્યત શોક કરવા માડયો તે ઉપરથી શકરે પોતાના ગણને આજ્ઞા કરી કે જાઓ ને જે પહેલુ સામુ મળે તેનુ માથુ કાપી લાવો સકેતવશાત સામો એક હાથી પ્રથમ મળ્યો તેનુ માથુ કાપીને ગણ લાવ્યા અને તે માથુ ગણેશના ધડ ઉપર મૂકયુ. શકરે કમડલમાથી અંજલી ભરીને સકલ્પ પૂર્વક ગણેશના ઉપર છાટયુ. ગણેશ તે સમયથી સુઢવાળા બનીને સજીવન થયા ઉમાએ આ સ્વરૂપ દેખીને વિશેષ કલહ મચા-

ર્યો. ત્યારે શંકરે ગણેશને વર વચન આપ્યુ કે હરેક શુભ કાયમા મારા સુદ્ધાત દેવતામાત્રની પૂર્વે પ્રથમ પૂજન તમારૂ થશે તેથી સવને સતોષ થયો. એ પ્રમાણે હરેક શુભ કાર્યમા પ્રથમ ગણપતિનુ પૂજન કરાતુ આવ્યુ છે. ગણપતિની મૂર્ત્તિ ઉપર વિચાર કરતા શારીરિક બળ તથા બુદ્ધિબળ બને જેમા એકત્ર સર્વોત્તમ સ્વરૂપે થયા છે એવા તત્વનુ ધ્યાન તે વડે થાય છે. તેથી તેજ સ્વરૂપ આ રૂદ્રાક્ષનુ હોવાથી મતિ એટલી શ્રદ્ધાપૂર્વક તથા બુદ્ધિપૂર્વક સમજીને અમુક ક્રિયા યોગ્ય છે કે કેમ તેનુ નિર્ણય કરવાનુ સામર્થ્ય એમની ઉપાસનાથી ઉત્તમ પ્રકારે પ્રાપ્ત થાય છે તેની સાથે સસારરૂપ મહારોગમાથી છૂટનારૂપ વિજ્ઞાનની પણ ઉત્તમ પ્રાપ્તિ થાય છે વ્યવહારના પદાર્થને જેમકે ઘટને ઘટ નામક વ્યવહારના પદાર્થરૂપે જાણવો તે જ્ઞાન કહેવાય છે પોતાના અહથી આરભીને બધુજ શિવતત્વલીલારૂપે પ્રતીત થાય છે એ પ્રકારે વસ્તુમાત્રના સત્ય સ્વરૂપને અનુભવપૂર્વક સમજવુ એટલી જ્ઞાનમા વિશેષતા જ્યારે પ્રાપ્ત થાયછે ત્યારે તેને વિજ્ઞાન કહે છે તે વિજ્ઞાનની પણ આ સિદ્ધિ કરી આપે છે કોઇ પણ પ્રકારની કામના કરાવનાર સસ્કાર સુપ્ત અવસ્થામા પણ રહી ગએલો હોય છે. તો તે કયારે જાગ્રત થઇને સસારભ્રમણ કરાવવા મડી પડશે તેની ખબર રહેતી નથી વૈભવરૂપ સપત્તિમાત્રની પ્રાપ્તિ થતા તેમનો ભોગ રૂપ સહવાસ થતા એવા સસ્કારો ગુપ્ત ગયા હોય છે તો તે બહાર નીકળી આવે છે ને નીકળી આવ્યા પછી તે પ્રત્યેની કામના વૃત્તિના કારણને નિર્મૂળ કરી શકાયછે. તેવા સાધનરૂપ સપત્તિમાત્રની પણ પ્રાપ્તિ એના વડે થાય છે આ પ્રમાણે મતિ વિજ્ઞાન તથા સપત્તિ પોતાનુ શ્રેયસ સિધ્ધ કરે અને અશુભ ન રચી

આપે તેવા નિર્દોષ બનાવવારૂપ તેમની શુદ્ધિ આ રૂદ્રાક્ષના ધારણ કરવાથી બની આવે છે

॥ सप्तवक्त्रं तु रुद्राक्षं सप्तमालाधि दैवतम ।
॥ तद्धारणान्महाश्रीः स्यान्महदारोग्य मुत्तमम् ॥ ८

સાત મુખવાળા રૂદ્રાક્ષના અધિદેવતા સપ્તમાલા છે તેને ધારણ કરવાથી અત્યંત ઉત્તમ પ્રકારની મહાનલક્ષ્મીને તેમજ મહાન ઉત્તમ આરોગ્યની પ્રાપ્તિ થાય છે ભૂલોક ભૂર્વલોક, સ્વરલોક, મહર-લોક, જનલોક, તપલોક, અને સત્યલોક પર્યંતના જે સપ્તલોકછે જેમા સૂત્રરૂપે પરમ શિવતત્વ પરોવાઇ રહેલુ છે એવુ સ્વરૂપ આ રૂદ્રાક્ષનુ ધારવુ એ ભાવના પૂર્વક રૂદ્રાક્ષના ઉપયોગથી ઉપર પ્રમાણે ફળ મળે છે

॥ महती ज्ञानसंपत्तिः शुचि र्धारणात सदा ॥
॥ अष्ट वक्त्रं तु रुद्राक्षमष्टमात्राधिदेवतम् ॥
॥ वस्वष्टकप्रियं चैव गङ्गा प्रीतिकरं तथा ॥ ९
॥ तध्धारणादिमेप्रीता भवेयुः सत्यवादिन ॥ १०

પવિત્ર થઇને ઉપર કહેલા સાત મુખવાળા રૂદ્રાક્ષને સદા પહેરી રાખવાથી તેને ધારણ કરનાર પવિત્ર રહે છે અને તે જ્ઞાનના મહાન ભડાર રૂપ બની રહે છે હવે આઠ મુખવાળા રૂદ્રાક્ષનુ સ્વ-રૂપ એવુ છે કે તેના અધિદેવતારૂપે આઠ માત્રકાઓ છે મત્રમત્રની કારણરૂપ શક્તિ તે માતૃકા છે તે આઠ પ્રકારની છે તેજ સ્વરૂપ આ રૂદ્રાક્ષનુ છે આ રૂદ્રાક્ષથી અષ્ટ વસુ તેમજ શ્રી ગંગાજી પ્રસન્ન થાય છે સારાશકે એ રૂદ્રાક્ષથી ઐહિક સર્વ સુખની પ્રાપ્તિ તથા

અને પરમ પદની પ્રાપ્તિ થાય છે એ રૂદ્રાક્ષને ધારણ કરવાથી એ સર્વે દેવતાઓ પ્રસન્ન થાય છે એમા કાંઇજ શકા નથી

શ્રુતી ભગવતિ શ્રી બૃહજ્જાબાલોપનિષતના ચોથા બ્રાહ્મણમા ૧૬ મા મત્રમા એ આઠ વસુ દેવતાઓના નામ નીચે પ્રમાણે ગણાવે છે –

। धर्मो ध्रुवश्च सोमश्च कृपश्चेवा निलो नलः ।
प्रत्युषश्च प्रभासश्च वसवोऽष्टाविति रिताः ॥ १६

૧ ધર્મ, ૨ ધ્રુવ ૩ સોમ ૪ કૃપ ૫ અનિલ. ૬ અનલ ૭ પત્યુસ અને ૮ પ્રભાસ એજ આઠ વસુના સ્વરૂપને શ્રી બૃહદાર-ણ્યકોપનિષત્ના ત્રીજા અધ્યાયના નવમા અધ્યાયનો નવમા બ્રાહ્મ-ણમા **શાકલ્ય** અને **યાજ્ઞવલ્ક્ય**ના વિવાદ રૂપે શ્રુતી ભગવતિ વિશેષ સ્પષ્ટ કરે છે

॥ कतमेवसव इत्याग्निश्च पृथिवी च वायुश्चान्तरिक्षं चादित्यश्च द्यौश्च चन्द्रमाश्च नक्षत्राणि चैत वसव एतेषु हीदं वशू सर्वेषुं हितमिति तस्मा द्वसव इति ॥ ३

શાકલ્ય પ્રશ્ન કરે છે કે વસુ દેવતાઓ કયા ? કેટલા છે. શ્રી **યાજ્ઞવલ્ક્ય** ઉત્તર આપે છે કે વસુ આઠ છે ૧ અગ્નિ ૨ પૃથ્વી ૩ વાયુ ૪ અતરિક્ષ ૫ આદિત્ય ૬ ધુ ૭ ચદ્રમા અને નક્ષત્રોની માળા આ નક્ષત્રોને ચદ્રમાની પત્નીઓ રૂપે પણ કહ્યા છે આકાશના પૂર્વ દિશાથી આરભી આગળ વધતા વધતા ઉચે મસ્તક ઉપર થઇને પશ્ચિમ દિશાએ ભૂમી સાથે મળે છે તે અર્ધ ગોળ ઉપરનુ થાય છે તેવડુજ અર્ધ ગોળ પૃથ્વી નીચેનુ તેવુજ ઉમેરતા એક આખુ ગોળ બને છે. તેના મધ્ય બિદુ રૂપે આપણી પૃથ્વીને કલ્પીએ. એ અમ-

ચાદ વ્યાસવાળા આકાશમા કલ્પાયલા ગોલકના ૨૭ વિભાગ પાડેલા છે દરેક વિભાગમા જે તારાઓનો સમુહ છે તે દરેક સમુહને એક એક નક્ષત્ર એવુ નામ આપેલુ છે. એ દરેક નક્ષત્ર રૂપ તારાઓના ઝુમખારૂપ રત્નો જેમા પરોવાયલા છે એવી આખી ૨૭ ઝુમખાની એક નક્ષત્રની માળા બની રહી છે. એ નક્ષત્રો નીચે પ્રમાણે છે ૧ અશ્વિની, ૨ ભરણી, ૩ કૃતિકા, ૪ રોહિણી, ૫ મૃગશિર્ષ, ૬ આદ્રા, ૭ પુર્નવસુ, ૮ પુષ્પ, ૯ આસ્લેષા, ૧૦ મઘા, ૧૧ પૂર્વાફા-લ્ગુની, ૧૨ ઉત્તરા ફાલ્ગુની, ૧૩ હસ્ત, ૧૪ ચિત્રા, ૧૫ સ્વાતિ, ૧૬ વિશાખા, ૧૭ અનુરાધા, ૧૮ જ્યેષ્ઠા, ૧૯ મૂળ, ૨૦ પૂર્વાપાઢા, ૨૧ ઉત્તરાપાઢા, ૨૨ શ્રવણ, ૨૩ ધનિષ્ઠા, ૨૪ શતતારકા, ૨૫ પૂર્વાભાદ્રપદ. ૨૬ ઉત્તરા ભાદ્રપદ, ૨૭ રેવતી એ સર્વ નક્ષત્રોનો સમુહ તેને આઠમો વસુ એવુ નામ આપ્યુ છે જે કાઇ છે એવુ આપણે જાણીએ તે બધાનોજ આ આઠમા સમાવેશ રૂપ નિવાસ હોવાથી તેમને વસુ એવુ નામ શાસ્ત્રે આપેલુ છે તે સર્વમાથી જે જે સામથ્યના પ્રવાહો વહ્યા કરે છે તે સામર્થ્ય સાથે એ આઠ મુખવાળા રૂદ્રાક્ષને ધારણ કરવાથી પ્રત્યક્ષ સબધ થાય છે તેથી તે આઠે પ્રકારની શક્તિઓની સહજ પ્રાપ્તિ થઇ રહે છે

नववक्त्रं तु रुद्राक्षं नव शक्त्यघि दैवतम् ॥
तस्यधारणमात्रेण प्रीयन्ते नव शक्तयः ॥ ११

નવ મુખવાળા રૂદ્રાક્ષની અધિ દેવતા નવશક્તિરૂપ નવદુર્ગા છે ૧ શૈલપુત્રી ૨ બ્રહ્મચારિણી ૩ ચદ્ર ઘટા ૪ કુષ્માડા ૫ સ્કદ માતા. ૬ કાત્યાયિની ૭ કાલ રાત્રિ. ૮ મહાગૌરી. ૯ સિદ્ધિદા એ નવે દુર્ગાઓના એકત્ર થએલા સામર્થ્યનુ તે સ્વરૂપ છે. તે રૂદ્રા-

અને માત્ર ધારણ કરવાથી તે નવે શક્તિઓનો અનુગ્રહ પ્રાપ્ત કરાય છે.

। दशवक्त्रं तु रुद्राक्षं यमदैवत्यमीरीतम् ।
दशाग्रशांतिजनकं धारणान्नात्र संशय ॥ १२

દશ મુખવાળા રૂદ્રાક્ષમા જે સામર્થ્ય છે તેને પ્રેરનાર સાક્ષાત યમદેવતા છે તે રૂદ્રાક્ષને ધારણ કરવાથી કોઇપણ ગ્રહની પ્રતિકૂલ દશાથી થતું દુ:ખ નિવારણ થાય છે ને અત્યત શાનિ પ્રાપ્ત થાય છે તેમા કાઇજ સશય નથી

एकादशमुखं त्वक्षं रुद्रैकादशदैवतम् ।
तदिदं दैवतं प्राहुः सदा सौभाग्यवर्धनम् ॥ १३

અગીઆર મુખવાળા રૂદ્રાક્ષને અગીઆર રૂદ્ર સ્વરૂપ કહે છે. તેમા અગીઆર રૂદ્રનુ દૈવત છે. તેનુ સામર્થ્ય એવુ કહેલુ છે કે તેને ધારણ કરવાથી નિરતર ઉત્તમ ભાગ્યરૂપ સૌભાગ્યની વૃદ્ધિ ચડતે ક્રમે થયાજ કરે છે

આ રૂદ્રોના સબધમા શ્રી બૃહદારણ્યકોપનિષત્ ત્રીજા અધ્યાયના નવમા બ્રાહ્મણના ૪ થા મત્રમા શ્રુતી ભગવતિ કહે છે કે

॥ कतमे रुद्रा इति दशेमे पुरुषे प्राणा आत्मैकादाशस्तै यदास्मा
च्छरीरान्मर्त्यादुक्रामन्त्यथ रोदयन्ति तद्यद्रो दयन्ति
तस्मा दुद्राइति ॥ ४

શાકલ્ય પૂછે છે કે કયા કયા કેટલા રૂદ્રો છે યાજ્ઞવલક્ય ઉત્તર આપે છે કે પુરૂષને વિષે રહેલા આ દશ પ્રાણ છે તે તથા આત્મા મળીને અગીઆર રૂદ્રો છે. જ્યારે આ મૃત્યુમય શરીરમાથી તે બહાર નીકળે છે ત્યારે તે સર્વને રડાવે છે તેમજ. તે જે વડે રોવરાવે છે તે સામર્થ્યને રૂદ્ર કહ્યા છે.

જે દશ પ્રાણ કહ્યા છે તેનુ સ્વરૂપ નીચે પ્રમાણે છે.

૧ જે વડે શ્વાસ લેવાય છે તથા મૂકાય છે તે પ્રાણ છે.

૨ વિષ્ઠા મૂત્રાદિનો ત્યાગ જે વડે થાય છે તેને અપાન કહ્યો છે.

૩ સર્વને જ્યા જોઇએ ત્યા સમીપમા લાવી મૂકનારને સમાન કહ્યો છે.

૪ જે ઉર્ધ્વ માર્ગે જવાની ગતિ રસાદિમા પ્રેરે છે તેને ઉદાન કહે છે

૫ પ્રાણ અને અપાન જ્યારે પરસ્પરનો પ્રતિબધ કરે છે એટલે એક બીજાનો અભાવ હોય તેવુ કરી મૂકે છે એવી જે તે બનેની સધિરૂપ વિવાદ તે વાણી રૂપ પરિણામને પામે છે ત્યારે તેને વ્યાન એવુ નામ અપાય છે એ પાચ પ્રાણ મુખ્ય ગણ્યા છે અને તેમના સ્થાન શરીરરૂપ કોશના આતર ભાગમા કલ્પ્યા છે બાકી ના પાચ દેહમા બહારના ભાગમા રહે છે, તેમના સ્વરૂપ આ પ્રમાણેછે.

૬ નાગ એનાથી ઓડકાર આદિ આવે છે

૭ કર્મથી આખના પોપચા ઉઘડવા બધ થવા વગેરે ક્રિયા કરે છે.

૮ કૃકર વડે છીંકો વગેરે આવે છે.

૯ દેવદત્ત આળસ બગાસા વગેરેને પ્રેરનાર આ વાયુ છે

૧૦ ધનજય શોક આદિ રૂપે અતકરણની અપ્રસન્ન સ્થિતિ કરી આપે છે

એ પ્રકારના દશ પ્રાણના સ્વરૂપ છે તે તથા તે સર્વમા જે સામાન્ય રૂપે ચૈતન્ય પ્રકાશી રહ્યુ છે તે આત્મતત્વ મળીને અગીઆર રૂદ્રાના સ્વરૂપો કહ્યા છે.

रुद्राक्षं द्वादशमुखं महाविष्णु स्वरूपकम् ॥ १४
द्वादशादित्यरूपं च बिभर्त्येव हितत्परम् ॥ १४

બાર મુખવાળા રૂદ્રાક્ષનું સ્વરૂપ મહા વિષ્ણુ સ્વરૂપ છે તેમજ બાર આદિત્યરૂપ પણ તેજ છે અને પરતત્વથી તે સપૂર્ણ આપણને ભરી દેછે. જે તત્વ વ્યાપી રહેલુ છે તેને વિષ્ણુ એવી સજ્ઞા આપેલી છે આકાશતત્વ પચતત્વમા વ્યાપી રહેલુ છે જીવનતત્વ શરીરમા વ્યાપી રહેલુ છે. પ્રકૃતિતત્વ પ્રતીત થતા આખા વિશ્વમા વ્યાપી રહેલુ છે એ સર્વ વ્યાપકત્વ સાપેક્ષ છે અને એકબીજાથી ન્યૂનાધિક પ્રમાણવાળુ છે અન્ય દૃષ્ટાત લઇએ તો એક મઠમા એક ઘડો છે જે આકાશ ઘટમા વ્યાપી રહ્યુ છે તેને ઘટાકાશ કહેછે તેજ પ્રમાણે જે આકાશ મઠમા વ્યાપી રહ્યુ છે અને તેથી ઘટમા પણ વ્યાપી રહેલુ છે તેને મઠાકાશ કહે છે પરમ સકુચિત અવસ્થાનુ ભાન કરાવનાર જીવત્વ નામનુ અભિમાન ઘટાકાશવત છે તેની અપેક્ષાથી વ્યાપકતત્વ ઇશ્વરતત્વ છે તેનું સ્વરૂપ મઠાકાશવત છે એ બનેનો જેમા સમાવેશ થઇ ગયો છે એવા આકાશરૂપ આકાશ તત્વ છે. તેનાથી આકાશરૂપે અન્ય વસ્તુ તેનાથી અધિક વિશાળ નહિ હોવાથી તેને મહદાકાશ કહ્યુ છે. મઠાકાશવત ઇશ્વર તત્વરૂપે વિષ્ણુને ગ્રહણ કર્યા છે એજ તત્વનુ પરમ એટલે છેવટનુ વ્યાપક સ્વરૂપ મહાવિષ્ણુ નામથી કહ્યુ છે એ સ્વરૂપ પરમ ચૈતન્યરૂપ છે તેથી તેને બાર આદિત્યરૂપ પણ કહ્યુ છે આ રૂદ્રાક્ષને ધારણ કરવાથી સવ પ્રકારના ઓજસની સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે હમેશ વૃષભ, મિથુન, કક, સિહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુભ, અને મિન એ પ્રકારે બારે રાશિમા સૂર્યના દર્શન વારા ફરતી એક

પછી એક એક એક માસ પર્યંત પ્રતિ વર્ષે થાય છે. પ્રત્યેક રાશિમાં સૂર્ય ભગવાન હોય છે તે તે સમયે સૂર્યનારાયણના કિરણોનો પ્રકાશ વિશ્વમા પડે છે. તે વખતે રાશિ પરત્વે ભિન્ન ભિન્ન પરિણામો લાવવાના સામર્થ્ય વડે વિશ્વને ભરી દેછે. તે પ્રકારના સવ સામર્થ્યો આ રૂદ્રાક્ષને ધારણ કરવાથી પ્રાપ્ત થાય છે.

। त्रयोदशमुखं त्वक्षं कामदं सिद्धिदं शुभम् ।
तस्य धारणमात्रेण कामदेवः प्रसिद्यति ॥ १५

તેર મુખવાળો રૂદ્રાક્ષ કામ તથા સિદ્ધિની પ્રાપ્તિ કરાવી આપે છે. તેને ધારણ કરવાથી કામદેવ પ્રસન્ન થાય છે શ્રી તૈતિરિય ઉપનિષદ્‌ના છઠ્ઠા અનુવાકમા કહ્યુ છે કે—

॥ सोऽकामयत बहुस्यां प्रजायेयेति ॥

તેણે ઇચ્છા કરી કે હુ અનેક રૂપે બનુ હુ પ્રજાને ઉત્પન્ન કરૂ. આ ઇચ્છાનુ સ્વરૂપ સકુચિત સામર્થ્યવાળા મનુષ્યના જેવુ નથી. જીવરૂપે ઇચ્છા કરનાર ઇચ્છાના વિષયની પ્રાપ્તિ થવી દુર્ઘટ ન્યૂનાધિક અશે માને છે ને પ્રકારની આ લોભ કે મોહમયી ઇચ્છા નથી આ ઇચ્છાને પાર પાડવા માટે શ્રમરૂપ જે તપશ્ચર્યા કરવાની તે કાઇ કષ્ટ સાધ્ય નથી એ તપશ્ચર્યાનુ સ્વરૂપ ઐતરેયોપનિષત્‌ના પ્રથમ ખડમા

सईक्षत लोकान्नु सृजा इति ।

તેણે ઇક્ષણ કર્યું આ લોકોને નિસશય ઉત્પન્ન કરીશ. જેની પાસે સેવકો કેળવાયલા હોય છે, બુદ્ધિવાળા હોય છે. તથા પોતાને હરેક રીતે પ્રસન્ન કરવા માટે પોતાના કર્તવ્યને સત્વર કરી બતાવવા હમેશ તત્પર હોય છે ત્યા સકેતરૂપે સમસ્યાથી કાર્ય થાય છે. એવા

પુરૂષને કાંઇ વસ્તુની ઇચ્છા થાય છે કે તે પોતાના સેવક તરફ જોઇને માત્ર ઇક્ષણ કરે છે એ ઇક્ષણરૂપ દ્રષ્ટિથી બુધ્ધિમાન્ સેવક તે પુરૂષના અતઃકરણની ઇચ્છાને સમજીને ઇચ્છાના વિષયને હાજર સત્વર કરી દેછે સામાન્ય જીવોમા પણ જ્યારે આવો અનુભવ કોઇ કોઇ સ્થાને જોવામા આવે છે તો તેજ દિશામા લક્ષણા વૃત્તિને આગળ દોડાવતા સપૂર્ણ શક્તિવાન પરમ ચૈતન્યમા ઇચ્છાનુ પ્રથમ સ્ફુરણ થતા તે ઇચ્છાના વિષયરૂપ સૃષ્ટિ ભાવરૂપે પ્રતીત થાય છે અને તેજ સ્વરૂપે ઇચ્છાના સ્ફુરણથી દ્વિતીય ક્ષણેજ તેને દેખેછે. એટલે પોતાથી અન્યરૂપે નહિ પણ પોતેજ તે રૂપે બને છે. અને દેખેછે ઇચ્છાના સ્ફુરણ અને ઇચ્છાના વિષયની વચ્ચે અતરાય જેટલો લાબો તેટલી અશાતિ હોય છે પોતાથી અન્ય હોય તો ઉત્તિના બે સ્વરૂપ કરવા પડે તેટલો પણ અતરાય થાય. અનન્ય હોવાથી તે અતરાય બિલકુલ જેમા નથી એવુ સ્વરૂપ આલેખ્યુછે એટલે ઇચ્છા કરી એટલુજ નહિ પણ તેજ સમયે ઇચ્છાનો વિષય પ્રાપ્તજછે એવુ બની રહ્યુ કામનુ સર્વોત્તમ સકલ્પનુ સિધ્ધ સ્વરૂપ આ પ્રમાણેનુ છે જેમા કામ અને કામના વિષયની વચ્ચે અતરાય છે તે કામ વાસ્તવ કામ નથી પણ માત્ર કામાભાસજછે શ્રધ્ધા તથા તિવ્રતાની જેમા ખામી છે તે વાસ્તવ કામ નથી પણ કામા ભાસજ છે અને તેથીજ તે ખામીના પ્રમાણમા કામ તથા વિષયની વચ્ચે અતરાયનુ સ્વરૂપ હોય છે આ તેર મુખના રૂદ્રાક્ષને ધારણ કરવાથી યથાર્થ કામ નામના ઉપર કહ્યા પ્રમાણેના પુરૂષાર્થની પ્રાપ્તિ થાય છે અને તેથી કૃતકૃત્યતારૂપે ઇચ્છામાત્રિની સિધ્ધિ થઇ રહેછે અનન્ય હાનિ કરવારૂપ દ્વેષાદિથી પ્રેરાયલી દોષવાળી વૃત્તિને પણ

વ્યવહારમા ઇચ્છા એવા નામથી ઓળખીએ છીએ એવી અશુભ કામના કરી આપીને પરિણામે દુંગતિમા નાખનાર પાપને રચી આપવાનુ કામ આ રૂદ્રાક્ષ કરે તેમ નથી એ તો ઉત્તરોત્તર ઉચ્ચ-તાનેજ પ્રાપ્ત કરી આપે છે તેથી એ રૂદ્રાક્ષ શુભ સ્વરૂપ છે તે રૂદ્રાક્ષને પહેરવાથી યથાર્થ સિધ્ધિ આપનાર ઉપર દર્શાવ્યા પ્રમાણેની પરમતત્વની કામના રૂપ જે દૈવત તે પ્રફુલ્લ થઇને પ્રસન્ન થાય છે

चतुर्दशमुखं चाक्षं रुद्रनेत्रसमुद्भवम् ।
सर्वव्याधिहरं चैवसर्वदा रोग्य मान्पुयात् ॥ १६

ચૌદ મુખવાળા રૂદ્રાક્ષ રૂદ્રના નેત્રમાથી ઉત્પન્ન થએલા છે તેનાથી વ્યાધિમાત્ર નાશ પામે છે અને સર્વદા આરોગ્યની સિદ્ધિ થાયછે

॥ मद्यं मासंच लशुनं पलाण्डुं शिग्रुमेक्च ।
श्लेष्मातकं विड्वराहमभक्ष्यं वर्जयेन्नर ॥ १७

આપણે નીચેના પદાર્થોનો ત્યાગ કરવો

૧ મદ્ય ૨ માસ ૩ લશણ ૪ ડુગળી ૫ ગાજર ૬ શ્લેષ્મ વિગેરે શરીરના ગદા મળ-મુત્ર તથા એવા શાસ્ત્રે જેનો નિષેધ કર્યો છે તેવા અભક્ષ્ય પદાર્થોનો આપણે ઉપયોગ કરવાનો નથી કારણકે તેવા ઉપયોગથી બુદ્ધિ ભ્રષ્ટ થતા કર્તવ્યથી વિરોધી માર્ગે આપણને ખેચી જનાર વૃત્તિ બળને પામેછે માટે તેમનો ત્યાગ કરવાનો છે.

। ग्रहणे विषुवे चैवमयने संक्रमेऽपिच ।
दर्शेषु पुर्णमासेच पूर्णेषु दिवसेषुच ।

रुद्राक्षधारणात्सद्यः सर्वपापै प्रमुच्यते ॥

જ્યારે સૂર્ય કે ચદ્રનુ ગ્રહણ હોય છે તે વખતે જ્યારે સૂર્ય મેષ કે તુલા રાશિમા આવે છે એટલે તે આવવારૂપ બને વિસુ સમયમા તેમજ મકર કે કર્કનો સૂર્ય થાયછે તે વખતે ઉત્તરાયન તથા દક્ષિણાયન નામના જે બને અયને થાય છે તે સમયે તેમજ ગમે તે સક્રાતિમા સૂર્યને પ્રવેશ થાય છે તે દિવસે વળી અમાવાસ્યા તથા પૂર્ણિમાના દિવસોએ તેમજ હરકોઇ શુભ દિવસોએ રૂદ્રાક્ષને ધારણ કરવાથી સર્વ પાપોથી તુરતજ છૂટાય છે.

रुद्राक्षमूलंतद्ब्रह्मतन्नालं विष्णुरेवच १०
तन्मुखंरुद्र इत्याहुस्त द्रदु सर्वे देवताः इति २०

રૂદ્રાક્ષના વૃક્ષમા જે તેનુ મૂળીયુ છે તે બ્રહ્મારૂપ છે તેની જે નાળ ૫ થડીયુ છે તે વિષ્ણુ સ્વરૂપ છે તેનુ જે મુખ એટલે ઉપરનો ભાગ છે તે રૂદ્રરૂપ છે એ પ્રમાણે કહ્યુ છે સર્વ દેવતાઓ તેમા વસી રહેલા છે

अथ कालाग्निरुद्रं भगवन्तं सनत्कुमारः प्रपच्छाधीहिभगवन्रुद्राक्षधारणविधिम् ।

હવે સનત્કુમાર ભગવાન કાલાગ્નિ રૂદ્રને પૂછે છે કે ભગવાન ! રૂદ્રાક્ષ ધારણ કરવાની વિધિ મને સમજાવો

तस्मिन्समये निदाघजडभरत दत्तात्रेय कात्यायन भरद्वाज कपिल वसिष्ठ पिप्पलादादयश्च कालाग्नि रुद्र परिसमेत्योचु ।

તે વખતે નિદાઘ, જડભરત, દત્તાત્રેય, કાત્યાયન, ભરદ્વાજ, કપિલ, વસિષ્ઠ, પિપલાદ વગેરે મુનીઓ શ્રી કાલાગ્નિ રૂદ્ર ભગવાનની પાસે વીંટાઇ વળ્યા.

अथ कालाग्नि रुद्रः किमर्थं भवतामागमनमिति होवाच

ભગવાન કાલાગ્નિ રૂદ્રે તેમને આવેલા જોઇને પૂછ્યું કે આપનું શા અર્થ અત્ર આવવું થયું છે ?

रुद्राक्ष धारणविधि वै सर्वं श्रोतु मिच्छामह इति ।

તે મુનિઓએ ઉત્તર આપ્યું કે રૂદ્રાક્ષને ધારણ કરવાની વિધિનું શ્રવણ કરવાની અમારી બધાની ઇચ્છા છે

अथ कालाग्नि रुद्र प्रोवाच। रुद्रस्य नयनादुत्पन्ना रुद्राक्ष इति लोके ख्यायन्ते।

શ્રીકાલાગ્નિ રૂદ્ર બોલ્યા કે–રૂદ્રના નયનમાંથી ઉત્પન્ન થએલા હોવાથી તેમને રૂદ્રાક્ષ એવું નામ મળ્યું છે

अथ सदाशिव संहार काले संहारं कृत्या संहाराक्षं मुकुली करोती तन्नयनाज्जाता रुद्राक्षा इति होवाच ॥

શ્રી સદાશિવે સંહાર કાલમાં સંહાર કર્યા પછી પોતાના સંહાર નયનને બીડી દીધું તે નયનમાંથી અશ્રુ પડતા રૂદ્રાક્ષ ઉત્પન્ન થયું (જુઓ ટાઈટલ ઉપરનું ચીત્ર) એ પ્રમાણે શ્રી કાલાગ્નિ રૂદ્રે કહ્યું

तस्माद्रुद्राक्षत्वमिति कालाग्नि रुद्र प्रोवाच

तद्रुद्राक्षे वाग्विषये कृत दश गो प्रदानेन यत्फलमवा-प्नोति तत्फल मश्नुतेस एष भस्म ज्योति रुद्राक्ष इति ।

तद्रुद्राक्ष करेण स्पृष्ट्वा धारण मात्रेण द्वि सहस्त्र गोप्रदान फलं भवति ।

तद्रुद्राक्षे कर्णयो धार्यमाणे एकादश सहस्त्र गोप्रदान फलं भवति ।

एकादश रुद्रत्वं चगच्छति । तद्रुद्राक्षे शिरासिद्यार्यमाणे कोटि गोप्रदान फलं भवति। एतेषां स्थानानां कर्णयोः फल वक्तुं नशक्यमिति होवाच।

આ રીતે શ્રી કાલાગ્નિ રૂદ્રે વિશેષ કહ્યુ કે રૂદ્રાક્ષમાં રૂદ્રાક્ષપણું આ રીતે સિધ્ધ થયુ છે. એ ભાવના પૂર્વક એ રૂદ્રાક્ષને વાણીનો વિષય કર્યાથી દશ ગોપ્રદાન આપવાથી જે ફળ થાય છે તે ફળની પ્રાપ્તિ થાય છે એ રૂદ્રાક્ષની ભસ્મ જ્યોતીરૂપ છે એ રૂદ્રાક્ષનો હાથે સ્પશ થાય તે રીતે માત્ર પહેરવાથી એ હજાર ગોપ્રદાનનુ ફળ થાયછે તે રૂદ્રાક્ષને કાને પહેરવાથી અગીઆર હજાર ગોપ્રદાનનુ ફળ થાયછે અને એકાદશ રૂદ્રસ્વરૂપ થવાયછે એ રૂદ્રાક્ષને મસ્તક ઉપર ધારણ કરવાથી કરોડ ગોપ્રદાન કર્યાનુ પુણ્ય થાયછે આ આ સ્થાનોમા બને કાને પહેરવાથી કેટનુ ફળ થાય છે તે વાણીથી પણ કહી શકાય એવુ નથી સારાશ કે અનંતગણુ ફળ થાયછે

શ્રી બૃહજ્જાબાલોપનિષદ્‌મા ભસ્મ જ્યોતિનુ સ્વરૂપ વિસ્તારથી આપ્યુ છે.

॥ यज्ज्ञानाग्निः स्वातिरिक्तभ्रमस्य भस्म करोति तत् ॥

જે જ્ઞાનાગ્નિરૂપ પરમ ચેતન્ય પોતાનાથી અન્ય રૂપે પ્રતીત થતુ સર્વ કેવલ ભ્રમરૂપ છે વાસ્તવ સત્ય નથી તેને બાળીને ભસ્મ કરે છે તે ભસ્મ જ્યોત છે, એજ સ્વરૂપ રૂદ્રાક્ષનુ પણ કહ્યુ છે ભસ્મનો મહિમા ભસ્મને બનાવવાની વિધિ તથા તેને ધારણ કરવાની રીત તથા ફળ વગેરે વિસ્તારથી એ ઉપનિષદ્‌મા આપેલુ છે સમયનો અવકાશ મળ્યેથી એ વિષયને પણ બ્રહ્મચિતન કરવા કરાવવા અન્ય સ્થાને ચર્ચાશે

यइमां रुद्राक्षजाबालोपनिषद मित्यमधीते बालोवा युवा वावदम महान्भवति। सगुरुः सर्वेषा मंत्राणा मुपदेष्टा भवति

જે આ રૂદ્રાક્ષજાબાલોપનિષદનુ નિત્ય અધ્યયન કરે છે તે બાલક હોય યુવાન હોય છતા તેને જ્ઞાનની ઉત્પત્તિ થાય છે વૃદ્ધને તો અનુભવ કરવાના પ્રસગો પ્રાપ્ત થએલા હોય છે તેમજ કામાદી વિકારો વિક્ષેપ કરનાર કેટલેક અશે શાત પડેલા હોય છે તેથી તેમની દૃઢ ઇચ્છા થતા તેમને જ્ઞાનની પ્રાપ્તિ થાય તેમા ઘણુ આશ્ચર્ય નથી પણ બાલ્યાવસ્થામા બિલકુલ અનુભવના પ્રસગોજ નથી આવ્યા તેથી અજ્ઞાન રૂપ આવરણ અત્યત દૃઢ હોય છે. તેમજ યુવાવસ્થામાં કામાદિ વિકારોથી વિક્ષેપના કારણો અત્યત બળવાન થઇ ઉમેરો કરી આપે છે તે અવસ્થામા પણ જ્ઞાનની ઉત્પત્તિ કરી આપે છે. એજ રૂદ્રાક્ષનો ચમત્કારી મહિમા છે એવો બાળક કે યુવાન પણ મહાત્મા રૂપ બને છે તે ગુરૂ બને છે અને મત્ર માત્રનો ઉપદેશ કરનારો પણ તે બને છે

एतैरेव होमं कुर्यात् । एतैरेवार्चनम् । तथा रक्षोघ्न मृत्यु तारकं गुरुणा लब्धं कण्ठेबाहौ शिखायां वा बन्धित । सप्त द्विपवति भूमि दक्षिणार्थं नावकल्पते । तस्माच्छ्रद्धयायां कांचि द्दद्यात् सादक्षिणा भवति ।

એ મત્ર વડેજ હોમ કરવો એ મત્રો વડેજ અર્ચન કરવુ. તેથી રાક્ષસાદિ આસુરી સપત્તિથી થતા વિઘ્નોનો નાશ થાય છે ગુરૂએ અનુગ્રહ કરીને આપેલા રૂદ્રાક્ષને કઠે અથવા બાહુએ તથા કોણીના ઉપરના ભાગમા અથવા શિખામા બાધવાથી સાત દ્વિપવાળી પૃથ્વીની પ્રદક્ષણા કરીને તેનુ દાન કરવા જેટલુ ફળ થાય છે. એ

પ્રદક્ષણા કરવા માટે એક નૌકારૂપે એ રૂદ્રાક્ષને ગણેલુ છે તેટલા માટે શ્રદ્ધાપૂર્વક એ મત્રો ભણીને જે કાંઇ શક્તિ અનુસાર ગૌદાન અપાય તે આપવું તેથી ભારેમા ભારે દક્ષિણા આપ્યાનુ ફળ થાય છે.

य इमामुषनिपदं ब्राह्मणः सायमधीयानो दिवसकृतं पापं नाशयति मध्यानऽधीयाह्नः षटजन्म कृतं पापं नाशयति।

सायं प्रातः प्रयज्जानोऽनेक जन्मकृतं पापं नाशयति।

षटसहस्त्रलक्षगायत्रिजपफलमवान्पोति । ब्रह्महत्या सुरापान स्वर्णस्तेयगुरुद्दारगमनतत्संयोग पातकेभ्यः पूतोभवति। सर्वतीर्थफलमश्नुते । पतिव संभाषणात्पूतो भवति । पाङ्क्यित- सहस्त्रपावनोभवति शिवसायुज्यमवान्पोति । नच (नरावर्तत पुनरावर्तत इत्यों सत्यमित्युपानिषतं॥

જે આ ઉપનિષદ્ બ્રાહ્મણનો પાઠ ધ્યાન પૂવક સાયકાળે કરે છે તેનુ દિવસે કરાયલુ પાપ નાશ પામે છે. મધ્યાન્હે કરવાથી છ જન્મોમા કરેલા પાપને બાળી મૂકે છે સાયકાળે; તેમજ પ્રાત.કાળે બને સમયે એકાગ્ર ચિત્ત વડે જે તેમા જોડાય છે તે અનેક જન્મમાં થએલાં પાપોને બાળી મૂકે છે ૬૦ કરોડ ગાયત્રી મત્રના જપ જેટલુ તેને પુણ્ય થાય છે ૧ બ્રહ્મહત્યા, ૨ સુરાપાન, ૩ સુવર્ણની ચોરી, ૪ ગુરૂપત્નીને પ્રાપ્ત કરીને તેની સાથે સયોગ કરવા ૩૫ વ્યભિચાર એ મહાપાતકોમાંથી પણ જેમ મહા અગ્નિ સુવર્ણના મળમાત્રને દૂર કરીને ચોખ્ખુ કરી આપે છે તે પ્રમાણે તે પવિત્ર થાય છે.

શ્રુતી ભગવતિએ જે જે કર્મ કરવાં નહિ એવી સ્પષ્ટ આજ્ઞા કરી છે. તે કર્મોને નિષિધ્ધ કર્મ કહ્યા છે. તેનો ત્યાગ ન કરવો તે પાપ છે એટલે તે નર્કની પ્રાપ્તિ કરી આપે છે શ્રી સૂત સહિતાના જ્ઞાનયોગખડના નવમા અધ્યાયમા પાપકર્મના ફળનુ વીસ્તારથી વર્ણન કરેલુ છે તેમા જે પાતકને મહા પાપ એટલે સઉથી મોટા પાપ ગણ્યા છે તેના પણ ઉપાય રૂપ રૂદ્રાક્ષઉપનિષદ્‌ના પાઠને આ સ્થાને કહ્યો છે બ્રહ્મહત્યાના પાપ વડે લાબા સમય સુધી નરકમા નિવાસ કરીને છેવટે ગધેડો ઉટ, ભુડ, બકરો, ઘેટી, હાથી, ઘોડો, મૃગ, પક્ષી તથા ચડાલ અને પુલ્કષ એ પ્રમાણે ક્રમે જન્મ લેવા પડેછે.

માતા ક્ષત્રીય હોય અને પિતા શુદ્ર હોય તેની પ્રજાને પુલ્કષ પ્રજા કહી છે. તેનો જન્મ છેવટે આવે છે એ જન્મ રૂપ, ફેધ્ધરણુ થવા પૂર્વે જે નરકમા દીર્ઘ સમય સુધી રહેવુ પડે છે તે નરકોના નામ નીચે પ્રમાણે છે.

૧ ઘોર ૨ અઘોર ૩ અતિઘોર ૪ મહાઘોર ૫ ઘોરરૂપ ૬ કરાલ ૭ ભયાનક ૮ કાલરાત્રિ ૯ ભયોત્કટ ૧૦ ચડ ૧૧ મહા ચંડ ૧૨ ચડ કોલાહલ ૧૩ પ્રચડ ૧૪ પદ્મ ૧૫ પદ્માવતિ ૧૬ ભીમા ૧૭ ભિષણ ૧૮ કરાલ ૧૯ વિકરાલ ૨૦ વજ્ર ૨૧ ત્રિકોણ ૨૨ પદ્મકોણ ૨૩ સુદીર્ઘ ૨૪ ગોલ ૨૫ સપ્ત ભૌમ ૨૬ અષ્ટ ભૌમ. ૨૭ દીપ્ત ૨૮ રૌરવ આદિ અન્ય ઘણા છે. પાપો ૧ ક્ષુદ્ર ૨ ઉપ પાતક ૩ અને મહા પાતક એ પ્રમાણે ત્રણ પ્રકારના અધિક દુખને આપનારા કહ્યા છે તેમા બ્રહ્મહત્યારાને ઉપર કહ્યુ છે તેટલાજ ફળથી તે શુદ્ધ થતો નથી. પણ તેના બે હાથને સાકળ વડે બાધીને ચંદ્ર તારા તપે ત્યા સુધી સળગતા અગ્નિમા નાખી અ-

ત્યત તપાવેલા લોખડના દડો વડે યમદૂતો પીવે છે. સારાશ એજ કે જેટલે સુધી કલ્પના પહોચી શકી છે તેટલા દારૂણ દુ:ખનો તે ભાગી થાય છે તેવુ તે મહાપાતક છે

સુરાપાન નામનુ બીજુ મહાન પાતક છે તેને પણ નરકમા નાખીને ઉકળતા તાબાના રસને પી જા એ પ્રમાણે શસ્ત્રધારી યમદુતો આજ્ઞા કરે છે, તે રસ તેને પાઇને પછી તેને કાપી નાખે છે તે પછી દાયુ નામના રાક્ષસનો, વિષ્ઠા ખાનારા જનાવરોનો, પક્ષીઓનો, કરમીયાનો, કીડાનો, અને છેવટે પતગીયાનો જન્મ પ્રાપ્ત થાય છે

સુવર્ણની ચોરી એ ત્રીજુ મહાન પાતક છે તે કરનારને નરકમા નાખીને યમદુતો બહુ તપાવેલા નકુઓ વડે તેના પગમા-નાભી, જનનેંદ્રિય તથા ગુદા અને આખોમા અત્યત ગોદા મારે છે અને તે પછી દીર્ઘસમય સુધી ક્રૂર કર્મમા પ્રેમવાળી યોનિઓમા જન્મને પામે છે

ચોથુ મહાપાતક ગુરૂ પત્નીને લઇ જઇને તેની સાથે વ્યભિચાર કરવા નામનુ છે યમદુતો તેને નરકમા લઇ જઇને કાપી કાપીને તેના કટકા કરે છે તે કટકાને બાળીને તેના પીંડા કરે છે દીર્ઘ સમય સુધી તે પીંડાને ઉકળતા પરૂથી ભરાયલા કડાયામા નાખી મૂકે છે તે પછી કાચુ માસ ખાવાની દાઢોવાળી યોનિઓમા તૃણાદિ યોનિઓમા તથા ક્રૂર કર્મમા પ્રેમવાળી યોનિઓમા તેની જન્મ પ્રાપ્તિ થાય છે

આવા ભયાનક ફળ આપનારા મહા પાતકો છે સૂત સહિતાના સાતમા અધ્યાયમા આ મહા પાતકોને માટે પ્રાયશ્ચિત પણ અત્યત ભયાનક કહ્યા છે તે નીચે પ્રમાણે છે.

૧ બ્રહ્મહત્યા કરનારાએ નિર્જન અરણ્યમાં ઝુપડી બાધીને પોતાની ઇન્દ્રિયોને સર્વદા વશ રાખીને બાર વર્ષ પર્યંત તપ કરવું. ભિક્ષા માગીને ખાવુ શાક મૂળ અથવા ફળ ખાવા. અને લોકમા પોતાના દોષને પ્રસિદ્ધ કરવા પોતાની ઝુંપડી ઉપર શબના માથાની ધજા કરી રાખવી. અજાણતા બ્રહ્મહત્યા થઇ હોય તો પ્રાયશ્ચિતનુ એ સ્વરૂપ છે પરંતુ જ્ઞાન પૂર્વક બ્રહ્મહત્યા કરી હોય તો તો પોતાના દેહનો ત્યાગજ કરવો અથવા તો પોતાના પાપને બાળવા માટે ગામમાથી અગ્નિ લાવીને પરિતાપ કરતા પોતાના મસ્તક ઉપર અગ્નિને રાખીને ગામમાથી બહાર નીકળવુ ક્રાઇજ ખાવુ નહિ અને ધર્મયુદ્ધમા, અગ્નિમા, જલમાં, પ્રવેશીને દેહનો ત્યાગ કરવા અથવા કોઇ મહાન સ્થાનમા જઇને બ્રાહ્મણો તથા ગાયોને અર્થે રૂડી રીતે પ્રાણને અર્પવા

ઉપર પ્રમાણે પ્રાયશ્ચિત કરવાથી સુરાપાનનો દોષ પણ ટળે છે અથવા તો પ્રાણને તોડી નાખે તેવા તપાવેલા અગ્નિ જેવા દારૂને પીને મરવુ અથવા તો ગાયનુ મૂત્ર, છાણ, ઘી, તથા પાણીને ભેગા કરી અત્યંત તપાવીને તે પીને મરવુ એ સુરાપાનનુ પ્રાયશ્ચિત છે

સુવર્ણની ચોરી કરનારે સાક્ષાત રાજા પાસે જઇને પોતાના કર્મને ઉઘાડુ કરી દેવુ અને પ્રાર્થના કરવી કે મારા ઉપર અનુગ્રહ કરીને મને સજા કરો રાજાએ પોતે જાતેજ લોખડના તિક્ષણ મુશળવડે એકજ ઘાથી તે અધમ પુરૂષને હણવો તેમ કરવાથી તે રાજાને પાપ લાગતુ નથી પણ ઉલટુ તે સુવર્ણના ચોરને મહા પાતકમાથી મુક્ત કરવારૂપ પુણ્ય થાય છે

ગુરૂપત્ની સાથે વ્યભિચાર કરવારૂપ મહા પાતક કરનારે લોખંડની બનાવેલી સ્ત્રી મૂર્તિને અત્યંત તપાવીને તેને બાઝીને પોતાના પ્રાણનો

ત્યાગ કરવો. અથવા પોને જાતેજ પોતાના લીગ તથા વૃષણોને તોડી નાખી તેને હાથમા લઇને પોતાના પ્રાણુ જાય ત્યા સુધી દક્ષીણુ દિશામા ચાલ્યા જવુ.

આ પ્રકારના મહા પાતકના અત્યત નિષ્ઠુર પરિણામો કહીને મનુષ્યને સાવધાન કરવા માટે શ્રુતી ભગવતિ બોધ કરી રહી છે. એવા ભયાનક મહાન પાતકોમાથી પણુ મુક્ત કરવારૂપ આશ્ચર્યવત ફલ આમા કહ્યુ છે

તીર્થ માત્રની યાત્રા કરવાથી જે ફળ થાય છે તે ફળ પણુ આ સાધકને મળે છે

મત્ર, તીર્થ, દ્વિજ, દેવ, દૈવ, એટલે પ્રારબ્ધને જાણુનાર જોશી દ્વવા તથા ગુરૂ એમના મબંધમા તેમનુ સેવન કરનારની શ્રદ્ધારૂપ ભાવનાના પ્રમાણુમાં સિદ્ધિની પ્રાપ્તિને કહી છે જેટલે અશે શ્રદ્ધા શિથિલ હોય છે તેટલે અશે ફલની પ્રતીતિ ન્યૂન હોય છે તીથ યાત્રા પાપમાથી તારીને સ્થિરતાની પ્રાપ્તિ કરાવી આપનાર સાધન છે તે ફળ તેને પ્રાપ્ત થાય છે.

જે પાપરૂપ કર્મ કરવાથી ઉચ્ચગતિના માગમાથી અધોગતિરૂપ નીચે પડે છે તેને પતિત કહે છે તેની સાથે પ્રેમપૂર્વક ભાપણુ કરનારને તેના સંસર્ગથી દોષ પ્રાપ્ત થાય છે તેવા મસર્ગ દોષમાથી પણુ આ પુરૂપ મુક્ત થાય છે લાખ પંકતિઓ બ્રાહ્મણુાદિની ભોજનાદિ અર્થે બેઠી હોય તેમન પાવન કરવાના સામર્થ્યને પણુ તે મેળવે છે.

મુક્તિના સાલોકય, સામિપ્ય સારૂપ્ય અન સાયુજ્ય વગેરે પ્રકારો શાસ્ત્રમા વર્ણવ્યા છે. એકથી બીજો ઉત્તરોત્તર ઉચ્ચ ક્રમ છે. તેમાં પણુ બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર તથા શિવ તથા તેમના અવતારો એ પ્રકારે

પ્રત્યેક દેવતા પરત્વે એ ચાર ચાર પ્રકારની મુક્તિના સ્વરૂપો ઉત્તરો-ત્તર ક્રમે કહેલા છે તે ક્રમમા સઉથી ઉચ્ચ પદરૂપ શિવ સાયુજ્ય મુક્તિ કહેલી છે

સાલોકય મુક્તિમા બ્રહ્મલોક, વિષ્ણુલોક, વૈકુઠ, કૈલાસ આદિ લોકની પ્રાપ્તિરૂપ તેમા નિવાસ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, તે લોકમા નિવાસ કર્યા પછી પણ તે તે લોકના અભિમાની દેવતાઓની સમીપે રહેવાનો અધીકાર જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે સામીપ્ય મુક્તિ મળી કહેવાય છે નિરતર સમિપતા પ્રાપ્ત હોવાથી તે તે દેવતાઓનુ ધ્યાન અનાયાસે બની રહે છે તેમ થતા તે ધ્યાતારૂપ સાધકનુ સ્વ-રૂપ અગ્નિમા નિરતર નિવાસ કરનાર લોહ ગોળકની માફક તે દેવતા રૂપ જ્યારે બને છે, ત્યારે સારૂપ્ય મુક્તિ પ્રાપ્ત થઇ કહેવાય છે અતે તે દેવતા સાથે અભેદ ભાવે તેના સ્વરૂપમા પોતે લીન થઇ જાય તેવી રીતે જોડાઇ જાય છે. ત્યારે સાયુજ્ય મુક્તિની પ્રાપ્તિ થઇ કહેવાય છે બ્રહ્મા વિષ્ણુ તથા રૂદ્ર તથા તેમના અવતારોમા રાજસ, તામસ, તથા સત્વમાથી એક એક ગુણ અધિક અશે બહાર નીકળી આવેલા હોય છે તે બહાર નીકળી આવવારૂપ વિષમતા જેમા નથી પરતુ એ ત્રણે ગુણો સામ્યાવસ્થાને ધારણ કરીને શિવનામક પરમ તત્વમા ઓગળી ગએલા હોય છે. તેવુ સ્વરૂપ શિવનુ છે તે સદા શિવ ભગવાન સાથે સાયુજ્યનો પરમ લાભ આ સાધકને પ્રાપ્ત થાય છે તે ફરીથી સસારરૂપ ભ્રમણમા કદીજ પાછો આવતો નથી કદીજ ફરી પાછો આવતો નથી એ પ્રમાણે વસ્તુ સ્થિતિ યથાર્થ સત્ય છે એજ આ પરમ ઉપનિષદ્‌નુ ફળ છે તે સત્ય છે મહત કા-ર્યના આરભમા મગળાચરણ રૂપે શાંતિ મંત્ર આપ્યા છે તેનુ મનન શરૂ

આતમા કરાયુ છે, એ મત્રમાં કહ્યા પ્રમાણેની ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત રહેવા અર્થે તેમજ કૃતકૃત્યતા થવામાં વિઘ્નમાત્રને દુર રાખવા તેને સત્તા તરફથી થએલા અનુગ્રહનો ઉપકાર દર્શાવવા અર્થે પુનઃ આ ઉપનિષદ્‌ની સમાપ્તિ કરવા પૂર્વે એજ શાતિ મત્રનુ મનન કરાય છે

ॐ आप्यायन्तु ममाङ्गानि वाक् प्राणश्चक्षुः श्रोतमथो बलमिन्द्रियाणिच सर्वाणिसर्वं ब्रह्मोपनिषद माहंब्रह्म निराकुर्यां मामा ब्रह्म निराकरोदनिराकरण मस्त्वनिराकरण मेस्तु तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्तें मयि सन्तुं तेमयि सन्तु ॥

ॐ शांति· शांतिः शांति·

સમાપ્ત.

ગૃહસ્થાશ્રમ.

ગૃહસ્થાશ્રમ સબધી સંપુર્ણ માહિતી આપનાર સ્ત્રી પુરૂષ અને બાળક એ સર્વના હાથમાં એક સરખી રીતે મૂકવા લાયક પુસ્તક ઘણાં શોધે છે તેમની જીજ્ઞાસા આ પુસ્તક પૂર્ણ કરશે. તેમાં ગૃહસંસાર સુધારવાના બની શકે તેવા સરળ અને સાચા ઉપાયોનુ વર્ણન સર્વો-તમ વાર્ત્તાઓ અને નિબધો દ્વારા આપવામાં આવ્યું છે. થોડાજ સમયમા તેની નવસો ઉપરાંત નકલો ખપી ગઈ છે. અને હજી નિત્ય ખપતી જાય છે દરેક ગૃહમા રાખવા લાયક આના જેવુ ઉપયોગી બીજુ પુસ્તક તમને ભાગ્યેજ મળશે. તેની એકજ પ્રત મગાવ્યાથી તેની ખાત્રી થશે. સુદર છાપ, પાકુ પુઠુ પૃષ્ટ ૩૫૦ ફોર્મ ૨૫ ના મોહક ચિત્રો સહિતના આ પુસ્તકનુ મૂલ્ય ફકત સવા રૂપિઓ રાખવામાં આવ્યુ છે

પોષ્ટેજ ૦-૨-૦

ચંદ્રપ્રકાશ ઓફીસ-સુરત.

खास [illegible]नी रुद्राक्षनी साची माळाओ

ગુજરાત, કાઠિયાવાડ, અને દક્ષીણમાં રૂદ્રાક્ષની સાચી માળાની મોટામાં મોટી દુકાન.

નંબર

૧૦૮ મણકાની એક માળાની કીંમત.

૧૬	બોર, જેટલા મણુકા.	૦–૩–૦
૧૫	એથી સહજ નાના મણુકા	૦–૬–૦
૧૪	ચણી બોરથી સહજ મોટા મણુકા.	૦–૮–૦
૧૩	ચણી બોર જેવા મણુકા.	૦-૧૨-૦
૧૨	એથી સહજ નાના મણુકા.	૧–૦–૦
૧૧	એથી પણ સહજ નાના મણુકા.	૧–૮–૦
૧૦	ચણા જેટલા મણુકા	૨–૦–૦
૯	એથી સહજ નાના મણુકા	૨–૮–૦
૮	તુવેર જેટલા મણુકા.	૩–૮–૦
૭	એથી સહજ નાના મણુકા.	૫–૦–૦
૬	એથી પણ સહજ નાના મણુકા	૬–૦–૦
૫	એનાથી પણ સહજ નાના	૮–૦–૦
૪	મોટા મરી જેવા મણુકા.	૧૦–૦–૦
૩	એથી સહજ નાના મણુકા	૧૨–૦–૦
૨	એથી પણ સહજ નાના મણુકા	૧૪–૦–૦
૧	જીણા મરી જેવા મણુકા	૧૬–૦–૦

ફેરવવાને, પહેરવાને, તથા સોનામાં ગંઠાવવાને આ માળાઓ

સર્વોત્તમ છે હાથમા રાખવાના ૨૭ મણકાના બેરખા માત્ર ૦-૨-૦ મા આપવામા આવે છે અમારી માળાઓ ખોટી છે એમ ઠરે તો અમે પૈસા પાછા આપવાને બંધાઇએ છીએ ઘણા મનુષ્યો કાશીથી માળા મગાવે છે અને પછીથી પસ્તાય છે. કારણ કે તે તેમને મોંઘી પડે છે અને માલ ગમે તેવો આવે છે. અમારો માલ ઘણો સારો અને ભાવમા સસ્તો છે કારણકે અમે મોટા જથામા બારોબારથી માલ મગાવીયે છીએ, જથાબધ મગાવનારને તથા અમારી માળાઓ ખપાવનારને સારૂ કમીશન આપવામા આવે છે

એક વખત નજરે જોવા વિનંતિ છે.

ચંદ્રપ્રકાશ ઓફીસ, સુરત.

ચદ્રપ્રકાશ ઓફીસ ગ્રંથમાળા તરફથી પ્રસિદ્ધ થએલાં લોકપ્રિય પુસ્તકો.

૧ **મૂલ્યવાન** રત્નો-નિરાશામા ડુબી ગએલા મનુષ્યને તેમાથી મુક્ત કરનાર અતિ ઉપયોગી પુસ્તક મૂલ્ય ફક્ત છ પાઈ

૨ **સદ્બોધ સ્તવનમાળા**-ચદ્રપ્રકાશ માસિકમા પ્રસિદ્ધ થએલા કાવ્યોમાથી ખાસ ચુટી કહાડેલા કાવ્યોનો સગ્રહ મૂલ્ય બે આના. પોષ્ટેજ ૦-૦-૬

૩ **કાવ્યકુસુમ**-જ્ઞાન, તત્વવિચાર, અનુભવ, ભક્તિ વગેરે વિષયો ઉપર લખેલા રસિક અને બોધક તદન નવિન પદોનો સગ્રહ ખાસ વાંચવા વિચારવા યોગ્ય, મૂલ્ય આઠ આના પોષ્ટેજ ૦-૧-૦

૪ **પ્રાણાયામ**–પ્રાણાયામ સંબંધી સંપૂર્ણ માહિતી આપનાર સરળમા સરળ ક્રિયાઓથી ભરપૂર સર્વને એક સરખો ઉપયોગી લોકપ્રિય ગ્રથ થોડા વખતમાજ ૧૦૦૦) પ્રત ખપી ગઈ છે. મૂલ્ય આઠ આના પોષ્ટેજ ૦–૧–૦

૫ **શ્રેય:સુધાકર**–શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગના દરેક અગ્રગણ્ય સ્ત્રી પુરૂષોના કાવ્યોમાથી ખાસ ચુટી કહાડેલો ઉત્તમ સગ્રહ પાકુ પુઠુ સોનેરી નામ. બે સુદર છબી મૂલ્ય રૂ એક પો ૦–૨–૦

૬ **મુક્તિ મણિમાળા**–પ્રકીર્ણ વિચારોથી ભરપુર પુસ્તક ફક્ત અર્ધા આનાની ટીકીટ મોકલી મગાવનારને મફ્ત

૭ **અધ્યાત્મિક માર્ગ પ્રકાશ**–અધ્યાત્મવિદ્યાના અભ્યાસીઓને સીધો અને સરળ માર્ગ દર્શાવનાર ઉપયોગી પુસ્તક મૂલ્ય આના આઠ પોષ્ટેજ ૦–૧–૦

૮ **ચિતોડ પર ચ્હડાઈ**–એક ઐતિહાસીક રસમય નવલકથા બે ભાગ સાથે સંપૂણ સુપ્રસિદ્ધ ગુજરાતી પત્રની ભેટ પદ્મિનીનુ અનુસંધાન મૂલ્ય રૂ એક પોષ્ટેજ ૦–૧–૦

૯ **સંસાર દર્પણ**–સસારનુ આબેહુબ ચિત્ર દર્શાવનારી સ્વ બાબુ રમેશચદ્રદત્તની સુપ્રસિદ્ધ નવલકથા સમાજપરથી અનુવાદિત કરેલી નવલકથા. વિદ્વાનો સુધારકો સર્વને વાચવા વિચારવા યોગ્ય સાદી પણ જુસ્સાદાર ભાષા ઉત્તમ છપાઇ સારા કાગળ અને પાકુ સોનેરી પુઠુ મૂલ્ય રૂ એક પોષ્ટેજ ૦–૧–૦ આ પુસ્તક વડોદરા રાજ્યમા ઇનામ અને લાયબ્રેરીને માટે મજુર પણ થએલુ છે

૧૦ **ગૃહસ્થાશ્રમ**–સ્ત્રી પુરૂષ અને બાળકોને એક સરખી રીતે ઉપયોગી ગૃહસ્થાશ્રમ સબધી સપૂર્ણ માહિતી આપનાર આના જેવો બીજો ગ્રંથ તમને ભાગ્યેજ મળશે પ્રકટ થયા પછી ત્રણ માસમાંજ

તેની આઠસો નકલો ખપી ગઇ છે. સર્વોત્તમ વાર્તાઓ અને નિબંધોથી ભરપુર. સચિત્ર પાકા પુઠાના આ ગ્રંથનુ મૂલ્ય ફક્ત રૂ. ૧–૪–૦ પોષ્ટેજ ૦–૨–૦

૧૧ **આરોગ્ય**–કુદરતી રીત અનુસાર અને વૈદકીય પદ્ધતિ પ્રમાણે દરેક વ્યાધિને મટાડવાના ઉપયોગી ઉપાયોથી તેમજ આરોગ્ય સંબંધી બીજી અનેક બાબતોથી ભરપુર ઉત્તમ પુસ્તક સચિત્ર મૂલ્ય ફક્ત દશ આના પોષ્ટેજ ૦–૧–૦

૧૨ **પ્રાણ ચિકિત્સા**–શરીરમા નવ જીવનનુ અપૂવ બળ આપનાર સરળ ક્રિયાઓથી ભરપુર ઉપયોગી પુસ્તક મૂલ્ય ફક્ત ત્રણ આના પોષ્ટેજ સાથે.

૧૩ **રૂદ્રાક્ષ ઉપનીષદ્**–રૂદ્રાક્ષ કેવા પહેરવા તેને પહેરવાથી કેવુ ફળ થાય છે. રૂદ્રાક્ષની ઉત્પતિ તેની પરિક્ષા વગેરે અનેક બાબતોથી ભરપુર ઉપયોગી પુસ્તક આ પુસ્તકમા આડકતરી રીતે આપણા શાસ્ત્રમા લખેલી કેટલીક ક્રિયાઓના અર્થ પણ બહુ સરળ રીતે સમજાવ્યા છે મૂલ્ય છ આના પોષ્ટેજ ૦–૧–૦

૧૪ **નિરાશામાં શુભાશા**–કોઇપણ સમયમા તમે ગમે તેવા નિરાશ થઇ ગયા હશો તો પણ આ પુસ્તકના વાચનથી તમારામા અપૂર્વ નવુ જીવનબળ આવશે તમારી રગે રગમા ઉત્સાહ જાગ્રત થશે મૂલ્ય એક આનો પોષ્ટેજ અર્ધો આનો.

૧૫ **સનત્સુજાતિય**–એક ઉત્તમ અને ધાર્મિક મવાદ મૂલ્ય ફક્ત ચાર આના પોષ્ટેજ ૦–૦–૬.

૧૬ **સ્નેહલગ્ન**–પ્રગતિના અનેક વિચારોથી ભરપુર. તદ્દન નવીન ઢબમા લખાયલી નવલકથા. મૂલ્ય દશ આના. પોષ્ટેજ ૦–૧–૦

ચંદ્રપ્રકાશ ઓફીસ–ભાગાતળાવ–સુરત.

નોકરી—ધંધા—

માટે રખડતાઓને ઘેર બેઠા હજારો રૂપીયા કમાવવાનુ ઉતમ સાધન.

સ્વતંત્રતા

ભાગ બીજો →→ ←← પહેલી આવૃતી

ધનવાન થવાનું અને પૈસા પેદા કરવાનું આ એક કિંમ્મતી સાધન છે

આ પુસ્તકમા ખાસ અનુભવિ અને કિમતી હુન્નરોનો સમાવેશ કરેયો છે જે હુન્નરો હજુ સુધી કોઇ પણ પુસ્તકમા કે ચોપાનીયામા બાહાર પડેલા નથી પરંતુ તદ્દન નવિનજ છે

આ પુસ્તકનાના દરેક હુન્નરો સુધરેલા ઢબ ઢંગ પ્રમાણેના વીસ મીસદીના છેલ્લામા છેલ્લા શોધનના છે

આવુ પુસ્તક પહેલ વેહેલુ ગુજરાતી ભાષામાજ બાહાર પડે છે

પુસ્તકની સાઇઝ—૫૦ સાઇઝ સાડા ત્રણસો પાનાનુ દળદાર પુસ્તક—સોનેરી અક્ષર પાકી બાઇન્ડીંગ કી ૧૪ આના

સ્વતંત્રતા પહેલોભાગ—તેટલુજ મોટુ ૩૦૦ પાનાનુ દળદાર પુસ્તક તદ્દન નવીન હુન્નરો કીમત બારઆના પોસ્ટ ખર્ચ જુદુ

બીજા પુસ્તકો—હુન્નર સાગર (સચિત્ર) રૂ ૨ાા, હુન્નર પ્રકાશ રૂ ૧ા, હુન્નર સંગ્રહ રૂ ૧ હુન્નર ૮૦૦ કી ૦ાાન્ન આના ઉદ્યોગ સંગ્રહ ૦ા આના હુન્નર દરપણ ૦ા આના હુન્નર કળાપ્રકાશ ૦ા આના હુન્નર કળા (સચીત્ર) ૩ ૦ાન્ન જર્મનીના અત્તર ઉદ્યોગ છ આના

પોસ્ટેજ જુદુ

લખો—**આર. જી. ડાહ્યાભાઇ.**

માલેક—ધી. હુનરોદય બુક ડીપો.

૨૧ બનીયન રોડ મુબઇ ના. ૯

ના૦ લેડી વેલીંગડને બતાવેલો સંતોષ.

આપણાં લોકપ્રિય ગવરનર નામદાર લોર્ડ અને લેડી વેલીંગડન છેલ્લાં સુરત પધાર્યાં ત્યારે ના. લેડી વેલીંગડને સુરત કણપીઠ બજારમાં આવેલી

કે. પ્રેમચંદ ભાંડુતવાળાની

સોના, ચાંદી અને ઝવેરાતની દુકાને પધારી ઉત્તમ કારીગીરી અને મશીન પોલીસના

તરેહવાર જાતની નકશી કામના દાગીનાઓ જોઇ તેમના કામ માટે સપૂર્ણ સતોષ બતાવ્યો હતો. અને કારીગીરી જોઇ ખુશ થયા હતા.

વળી એ દુકાને છેતરાવાની ધાસ્તી નથી તેમજ સોનાના પૈસા પુરા આપવાની સ્ટેમ્પપર ગેરટી અપાય છે, તેમજ કેટલાકોની માફક ઘરાકોને બુમો મારી કટાળો આપવાનો એ દુકાને રીવાજ નથી માટે કામ પડે૦ ત્યારે ત્યાં જવા ચુકતા ના.

